દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૩ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 18 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ વદ - ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 21 January 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મંગળવાર, ૨૧ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 18 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ વદ - ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 21 January 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486
મંગળવાર, ૨૧ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ટ્રમ્પ પ્રમુખ બનતા બિટકોઈનનો ભાવ સાતમા આસમાને

## ક્રિપ્ટો કરન્સીનું મૂલ્ય ૧,૦૯,૨૪૧ ડૉલર થયું: ગેરકાયદે વસાહતીઓમાં ફફડાટ




ન્યૂ યોર્કઃ અમેરિકાના ૪૭મા પ્રમુખપદે ૭૮ વર્ષીય ડોનલ્ડ ટ્રમ્પે વીસ જાન્યુઆરી, સોમવારે શપથ લેતા જ બિટકોઇનનો ભાવ ઊછળીને ૧,૦૯,૨૪૧ ડૉલર થઇ ગયો હતો અને તેને લીધે વિશ્વની સૌથી વધુ લોકપ્રિય આ ક્રિપ્ટોકરન્સીમાં સોદા કરનારા લોકોમાં ખુશીની લહેર ફેલાઇ હતી.

આમ છતાં, અમેરિકાના પ્રમુખપદે બીજી મુદત માટે ચૂંટાયેલા ટ્રમ્પ ગેરકાયદે વસાહતીઓનો દેશનિકાલ કરવાની બાબત પર ભાર આપતા હોવાથી ગેરકાયદે વસાહતીઓમાં ફફડાટ ફેલાયો હતો.

ટ્રમ્પ અમેરિકાને 'ક્રિપ્ટોકરન્સીનું કેન્દ્ર' બનાવવા અવારનવાર ભાર દઇ રહ્યા હોવાથી બિટકોઇનના ભાવમાં ઉછાળો આવ્યો હોવાનું કહેવાય છે.

અમેરિકાના ઉપપ્રમુખપદે જે. ડી. વેન્સ આવ્યા છે.

અહીં યોજાયેલા ભવ્ય શપથવિધિ કાર્યક્રમમાં ઇલોન મસ્ક સહિત અનેક અબજોપતિ હાજર રહ્યા હતા. દરમિયાન, વિદાય લેનારા પ્રમુખ જો બાઇડને આક્ષેપ કર્યો હતો કે અમેરિકામાં હવે સત્તા (જુઓ પાનું ૨) ▸▸

## મહાકુંભમાં સતત બીજા દિવસે આગ

પ્રયાગરાજ : મહાકુંભ મેળામાં સેક્ટર ૧૬માં કિન્નર અખાડા કેમ્પમાં સોમવારે આગ લાગી હતી, એવી માહિતી અધિકારીઓએ આપી હતી. આ બનાવમાં સદ્નસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી.

આના એક દિવસ પહેલાં રવિવારે અહીં મહાકુંભ મેળામાં સિલિન્ડર બ્લાસ્ટ થતાં મોટી આગ લાગી હતી. આગમાં સેક્ટર ૧૯માં ૧૮ તંબુ સળગીને ખાખ થઇ ગયા હતા.

ફાયર ડિપાર્ટમેન્ટ અધિકારીએ માહિતી આપી હતી કે સવારે સાડાનવ વાગ્યે અન્ન ક્ષેત્ર ફાયર સ્ટેશન હેઠળના ટાવરના તૈનાત માણસોએ કિન્નર અખાડા કેમ્પમાંથી ધુમાડો નીકળતો જોયો હતો. આ માણસોએ તરત જ કંટ્રોલ રૂમને જાણ કરી હતી. ફાયર ડિપાર્ટમેન્ટના વાહનો અને વિસ્તારમાં પેટ્રોલિંગ કરતા કર્મચારીઓને સમય ગુમાવ્યા વિના ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા હતા.

જોકે તેઓ ઘટનાસ્થળે પહોંચે પહેલાં જ લોકોએ પાણી અને રેતી નાખીને આગ બુઝાવી દીધી હતી.

અધિકારીઓએ માહિતી આપી હતી કે નિરિક્ષણ કર્યા બાદ માલૂમ પડ્યું હતું કે શ્રી હરિ દિવ્ય સાધના પીઠ કેમ્પમાં આગ લાગી હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. રવિવારે ગીતા પ્રેસ અને અખિલ ભારતીય ધર્મ સંઘે કલ્પવાસીઓ (જુઓ પાનું ૨) ▸▸

## તેલંગાણાના વિદ્યાર્થીની અમેરિકામાં ગોળી મારીને હત્યા

હૈદરાબાદઃ તેલંગાણાના ૨૬ વર્ષીય વિદ્યાર્થીની અમેરિકામાં અજાણ્યા વ્યક્તિઓ દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી હોવાનું તેના પરિવારના સભ્યોએ સોમવારે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, કે રવિ તેજા, ૨૦૨૨માં અમેરિકા ગયો હતો અને આઠ મહિના પહેલા એમએસનો કોર્સ પૂર્ણ કર્યા પછી નોકરી શોધી રહ્યો હતો.

તેમણે સરકારને વિનંતી કરી હતી કે રવિના પાર્થિવ શરીરને શક્ય તેટલી વહેલી તકે અહીં પાછા લાવવામાં મદદ કરે.

રવિના શોકગ્રસ્ત પિતાએ પત્રકારોને જણાવ્યું "મને ખબર પડી છે કે મારા પુત્રની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. સરકારને મારી અપીલ છે કે (જુઓ પાનું ૨) ▸▸

## ગડકરી ગોવામાં દેશના પ્રથમ કેબલ-સ્ટેડ બ્રિજનું ઉદ્ઘાટન કરશે

પણજીઃ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી મંગળવારે વળાંક પર બનેલા ભારતના પ્રથમ કેબલ-સ્ટેડ બ્રિજનું ઉદઘાટન કરશે, એવી વાત ગોવા સરકારના એક અધિકારીએ જણાવી હતી.

આ સાથે ગડકરી ૨૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ચાર હાઇવે વિસ્તરણ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કરશે, એમ અધિકારીએ ઉમેર્યું હતું.

"કેબલ-સ્ટેડ બ્રિજ સદાને વરુણપુરી અને ગોવા આંતરરાષ્ટ્રીય એરપોર્ટને જોડે છે. ૧૮૦ ડિગ્રીના અનોખા વક્ર ત્રિજ્યા સાથે તે ભારતમાં આ પ્રકારનું પ્રથમ માળખું છે," એવી માહિતી અધિકારીએ સોમવારે આપી હતી. કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઇવે પ્રધાન નીતિન ગડકરી જે ચાર પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે તેમાં પોંડાથી ભોમા સેક્શન (એનએચ-૭૪૮), ઝુઆરીથી મારગાઓ બાયપાસ (એનએચ-૬૬), નાવેલિમથી કુનકોલિમ સેક્શન (એનએચ-૬૬) અને બેન્ડોરડેમથી કર્ણાટક સરહદ (એનએચ-૬૬)નો સમાવેશ થાય છે, જેની કિંમત ૧૩૭૬.૧૨ કરોડ રૂપિયા છે, અધિકારીએ એવી માહિતી આપી હતી. પોંડાથી ભોમા સેક્શન પોંડા, બાંદોરા, પ્રિયોલ, (જુઓ પાનું ૨) ▸▸

### અમિત શાહ વિરોધી ટિપ્પણીનો કેસ

## રાહુલ સામેની બદનક્ષીની કાર્યવાહી રોકતી સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ કેન્દ્રિય પ્રધાન અમિત શાહ વિરુદ્ધ કરેલી બદનક્ષીપૂર્ણ ટિપ્પણીને મામલે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ દાખલ કરવામાં આવેલા કેસને મામલે ટ્રાયલ કોર્ટમાં હાથ ધરવામાં આવનારી બદનક્ષીના કેસની સુનાવણી પર સુપ્રીમ કોર્ટે સોમવારે સ્ટે આપ્યો હતો.

અમિત શાહ વિરુદ્ધ કરેલી બદનક્ષીપૂર્ણ ટિપ્પણીને મામલે ભાજપના કાર્યકર્તા નવિન ઝાએ વર્ષ ૨૦૧૯માં રાહુલ ગાંધી વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો.

વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી અગાઉ ચાઈબાસા ખાતે એક સભાને સંબોધન કરતાં રાહુલ ગાંધીએ અમિત શાહનો ઉલ્લેખ 'હત્યારા' તરીકે કર્યો હતો.

ન્યાયાધીશ વિક્રમનાથ અને સંદીપ (જુઓ પાનું ૨) ▸▸

## નાણાકીય ઉચાપત કેસમાં કચ્છના તત્કાલીન કલેક્ટર પ્રદીપ શર્મા દોષિત જાહેર કરાયા

### અમદાવાદ નામદાર ગ્રામ્ય કોર્ટ દ્વારા અપાયો ચુકાદોઃ સજાની પ્રતીક્ષા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાત કેડરના નિવૃત્ત આઈએએસ અધિકારી અને ૨૦૦૧ના મહાવિનાશક ભૂકંપ દરમ્યાન કચ્છના કલેકટર તરીકે રહી ચૂકેલા પ્રદીપ શર્માને અમદાવાદની ગ્રામ્ય અદાલતે એન્ટી કરપ્શન બ્યુરોમાં નોંધાયેલા સરકારી હોદાનો દુરુપયોગ કરીને પોતાને અને પરિવારને કહેવાતો આર્થિક લાભ અપાવવાના આરોપમાં કસૂરવાર ઠેરવ્યા હતા, અન્ય બે કેસમાં નિર્દોષ જાહેર કર્યા હતા, જ્યારે તત્કાલીન નિવાસી નાયબ કલેકટર ફ્રાન્સિસ સુએરા અને તત્કાલીન નગર નિયોજક નટુ દેસાઈને નામદાર કોર્ટે પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કર્યા હતા.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, સરકારી જમીન એક ખાનગી કંપનીને ફાળવી, અંગત લાભ મેળવવા મામલે કેસ ચાલી જતાં આજે સુનાવણી હાથ ધરાઈ હતી જેમાં તેમને કોર્ટે એસીબીની કલમ ૧૧ તથા ૧૩/૨ હેઠળ દોષિત ઠરાવ્યા હતા.

સસ્પેન્ડેડ અધિકારી શર્મા સામે અંજારના વરસામેડી ગામમાં આવેલી વેલસ્પન કંપનીની વેલ્યૂ પેકેજિંગ નામની પેટા કંપનીને હોદાનો દુરુપયોગ કરીને જમીન ફાળવી હતી અને તેના બદલામાં તેમની પત્નીને વર્ષ ૨૦૦૪માં આ કંપનીમાં કોઈ પણ જાતના રોકાણ વિના ૩૦ ટકાની ભાગીદાર બનાવી રૂ. ૨૯.૫૦ લાખનો નફો મેળવી પોતાની સત્તાનો દુરુપયોગ કરવાના આરોપમાં ૩૦ સપ્ટેમ્બરે અમદાવાદમાં એન્ટી કરપ્શન બ્યૂરોએ શર્માની ધરપકડ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, પૂર્વ કલેકટર પ્રદીપ શર્મા સામે અગાઉ પણ અનેક ગુના નોંધાઈ ચૂક્યા છે. જેમાં ગાંધીધામના ચુડવા ગામની રોડટચ જમીન પરના કથિત દબાણને નિયમભંગ કરી નિયમિત કરી આપ્યા હોવાની સીઆઈડીમાં ફરિયાદ નોંધાઈ હતી, કચ્છમાં ફરજ દરમિયાન પ્રદીપ શર્માએ ભુજીયા ડુંગરની તળેટીમાં જથ્થાબંધ બજારના નિર્માણ માટે ફાળવવામાં આવેલી જમીનમાં સરકારી નિયમોના ઉલ્લંઘનની ફરિયાદ પણ દાખલ કરવામાં આવી હતી.

આ ફરિયાદો બાદ વેલસ્પન કંપનીને બજાર મૂલ્ય કરતાં ઓછા દરે જમીન બિનખેતી કરી આપવાનો કેસ પણ દાખલ કરવામાં આવ્યો હતો. ઉપરાંત ભુજની પાલારા જેલમાં ગેરકાયદેસર રીતે મોબાઈલ ફોન વાપરવા બદલ પણ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

દોઢ દાયકાથી કાયદાકીય સંઘર્ષનો સામનો કરી રહેલા શર્માની ભુજમાં કલેક્ટર તરીકે જમીન ફાળવવાના કેસમાં પહેલી વખત ૬ જાન્યુઆરી ૨૦૧૦ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. આ સમયે તેઓ ભાવનગર મહાનગરપાલિકાના કમિશનર હતા. ત્યાર બાદ ૮ જાન્યુઆરી ૨૦૧૦ના રોજ તેમને ફરજમોકૂફ કરી દેવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૦૮માં પહેલી વખત એફઆઈઆર બાદ શર્મા વિરુદ્ધ એક બાદ એક સેંકડો એફઆઈઆર દાખલ થઈ હતી.

રસાયણશાસ્ત્રમાં સ્નાતકની ડિગ્રી મેળનારા પ્રદીપ શર્માએ ગુજરાત વહીવટી સેવાની પરીક્ષા પાસ કરી હતી અને વર્ષ ૧૯૮૧માં તેઓ ડેપ્યુટી કલેક્ટર બન્યા હતા. ત્યાર બાદ વર્ષ ૧૯૯૯માં આઈએએસ અધિકારી તરીકે બઢતી મળ્યા બાદ જામનગર, ભાવનગર મહાનગરપાલિકાના કમિશનર રહ્યા હતા.

ત્યાર બાદ રાજકોટ અને કચ્છ જિલ્લાના કલેક્ટર બન્યા. આ કેસના સંદર્ભે ચુકાદો જાહેર કરાયો હતો. જોકે સજાની જાહેરાત હવે પછી કરવામાં આવશે તેવું જાણવા મળ્યું હતું. ■

### ડૉક્ટર પરના બળાત્કાર, હત્યા કેસ

## સંજય રોયને જનમટીપ

કોલકાતાઃ સરકાર સંચાલિત આરજી કર મૅડિકલ કૉલેજ ખાતે ફરજ પરની ડૉક્ટરનાં બળાત્કાર અને હત્યાને મામલે દોષી ઠરેલા સંજય રોયને કોલકાતા કોર્ટ સોમવારે જનમટીપની સજા ફટકારી હતી.

ગયા વર્ષની નવમી ઑગસ્ટે આરજી કર મેડિકલ કોલેજ ઍન્ડ હૉસ્પિટલ ખાતે પોસ્ટ ગ્રેજ્યુએટ ટ્રેની ડૉક્ટર પર કરવામાં આવેલા બળાત્કાર અને હત્યાને મામલે સિલદાહ કોર્ટના એડિશનલ ડિસ્ટ્રીક્ટ ઍન્ડ સેસન્સ જજ અનિર્બાન દાસે શનિવારે સંજય રોયને દોષી જાહેર કર્યો હતો.

દાસે કહ્યું હતું કે આ ગુનો 'રેરેસ્ટ રેર' શ્રેણીનો ન હોવાને કારણે દોષીને મૃત્યુદંડ ન આપવાના નિર્ણયને ન્યાયી ઠેરવે છે.

કોલકાતા પોલીસના ભૂતપૂર્વ સિવિક વોલન્ટિયર રોયને ભારતીય ન્યાય સંહિતા (બીએનેસ)ની કલમ ૬૪ (બળાત્કાર), ૬૬ (જુઓ પાનું ૨) ▸▸

## દેશની એકતામાં જ ખરી તાકાત છે : મોહન ભાગવત

કોચી : મોહન ભાગવતે જણાવ્યું હતું કે ભારતની તાકાત એકતાના સત્યમાં સમાયેલી છે જે સફળ અને વિજયી છે.

વડયામ્બડી ખાતે આરએસએસની બેઠકને સંબોધિત કરતાં ભાગવતે કહ્યું હતું કે હિન્દુઓની જીવનશૈલીમાં બધા પ્રશ્નોના ઉકેલ છે અને વિશ્વમાં પરમ શાંતિ લાવે છે. ભાગવતે કહ્યું હતું કે સંઘ હિન્દુ સમાજને એક કરે છે અને ધર્મ જાળવીને વિશ્વમાં (જુઓ પાનું ૨) ▸▸

## કાશ્મીરમાં એક સૈનિક શહીદ

શ્રીનગરઃ જમ્મુ-કાશ્મીરના સોપોર વિસ્તારમાં રાતે આતંકવાદીઓ સાથેની અથડામણમાં ભારતીય સેનાનો એક સૈનિક શહીદ થયો હતો, એમ અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું.

સોપોર પોલીસ જિલ્લાના ઝાલુરા ગુર્જરપતિ ખાતે એક છૂપા સ્થળે આતંકવાદીઓ સાથેની અથડામણમાં એક સૈનિક ઘાયલ થયો હતો અને ગોળીબારના સ્થળેથી તેને બહાર કાઢવામાં આવી રહ્યો હતો ત્યારે તેનું મૃત્યુ થયું હતું, એમ તેમણે જણાવ્યું હતું.

રવિવારે સુરક્ષા દળોએ આતંકવાદીઓનાં છૂપાં ઠેકાણાંને તોડી પાડતી વખતે આગ જોઈ ત્યારે તેમણે ઘેરાબંધી કરી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે રાત્રે (જુઓ પાનું ૨) ▸▸

## એનસીસીના કેડેટ્સ દેશની કીમતી જણસ : રાજનાથ

નવી દિલ્હી : ભારતના સંરક્ષણ પ્રદાન રાજનાથ સિંહે એનસીસીના કેડેટ્સને કહ્યું હતું કે તમે દેશની કીમતી જણસ છો અને તમે રાષ્ટ્ર ઘડતર અને સમૃદ્ધિ લાવવામાં યોગદાન આપશો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી એનસીસીના ભૂતપૂર્વ કેડેટ હતા અને તેમણે વિકસિત ભારતનું વિઝન આપ્યું છે એવી નોંધ લઈને રાજનાથ સિંહે સોમવારે કેડેટ્સને સલાહ આપી હતી કે તેઓ ૨૦૪૭ સુધી ભારતને વિકસિત દેશ બનાવવાના મોદીનાં સપનાને (જુઓ પાનું ૨) ▸▸

## યુદ્ધવિરામ કરારઃ ઈઝરાયલે ૯૦ પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કર્યા

રામલ્લાહઃ ઇઝરાયલે હમાસ સાથેના યુદ્ધવિરામ કરારના ભાગરૂપે સોમવારે વહેલી સવારે ૯૦ પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કર્યા હતા. આ મુક્તિના થોડા કલાકો પહેલા જ હમાસે ત્રણ ઇઝરાયલી બંધકોને મુક્ત કર્યા હતા, જે ઇઝરાયલ પહોંચી ગયા છે.

ઇઝરાયલના ઓફર જેલના દરવાજામાંથી ડઝનબંધ કેદીઓને લઇને એક મોટી બસ નીકળી હતી. જેમાં તમામ મહિલાઓ અને સગીરો હતા. પેલેસ્ટિનિયન ઓથોરિટીના કેદી બાબતોના આયોગ દ્વારા (જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાતમાં ૭ જિલ્લામાં ડીડીઓની જગ્યા ખાલીઃ આઈએએસમાં મોટા પાયે બદલીની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ૭ જિલ્લામાં આઈએએસ કેડરના જિલ્લા વિકાસ અધિકારીઓની અત્યંત મહત્ત્વની કહી શકાય તેવી જગ્યાઓ ખાલી પડી છે. તાજેતરમાં સરકારે નવ મહાનગરપાલિકાઓની જાહેરાત કર્યા પછી ત્યાં મ્યુનિ. કમિશનર તરીકે જિલ્લા વિકાસ અધિકારીઓને મૂકવામાં આવ્યા છે.

રાજકોટ ઉપરાંત ભાવનગર, આણંદ, છોટા ઉદેપુર, ભરૂચડાંગ, અરવ્વલીમાં જિલ્લા વિકાસ અધિકારીઓની જગ્યા ખાલી છે. આગામી દિવસોમાં જ્યારે બદલીના હુકમો થશે ત્યારે ૨૦૧૯ની બેચના આઈએએસ અધિકારીઓને ડીડીઓના પ્રમોશન મળે તેવું લાગે છે અને વર્ષ ૨૦૧૬ની બેચના અધિકારીઓને જિલ્લા કલેક્ટર તરીકે મૂકવામાં આવે તેવું લાગે છે. સચિવથી માંડી સચિવાલયના ટોચના અધિકારીઓની અનેક જગ્યાઓ ખાલી છે અને પ્રમોશન પણ લાંબા સમયથી વિલંબિત થયું હોવાથી ટૂંક સમયમાં પ્રમોશન કરવામાં આવશે.

ગુજરાત સરકારની સૌથી મોટી સમસ્યા આઈએએસ અધિકારીઓની ખેંચની છે અનેક અધિકારીઓને કેન્દ્ર સરકારમાં મોકલી દેવાયા છે. આ પરિસ્થિતિ નિવારવા માટે સરકારના મુખ્ય સચિવ દ્વારા યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી)ને એક દરખાસ્ત મોકલીને સ્ટેટ કેડરના ૨૪ અધિકારીઓને આઈએએસમાં પ્રમોશન માટે ભલામણ કરવામાં આવી છે. જો આ ભલામણ મંજૂર થશે તો ગુજરાતમાં આઈએએસ અધિકારીઓની ખેંચની સમસ્યા પૂરી થઈ જશે. સચિવાલયમાં કેટલાક ડિપાર્ટમેન્ટના વડાઓની જગ્યા પણ ખાલી છે. આ તમામ જગ્યા ઉપર પોસ્ટિંગ કરવા માટે બદલીના મોટા પાયે હુકમો થાય તેવી શકયતા છે. સચિવાલય સંકુલમાં એવી ચર્ચા ચાલી રહી છે કે આ બદલીના હુકમો કદાચ ૨૬ મી જાન્યુઆરી પહેલાં કરી દેવામાં આવશે. ■

## અમદાવાદ મનપાના ૯ ફાયર અધિકારીઓનું ટર્મિનેશન રદઃ હાઈ કોર્ટનો મહત્ત્વનો ચુકાદો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મ્યુનિસિપલ કૉર્પોરેશનના ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસ ખાતામાં ફરજ બજાવતાં ૯ ફાયર અધિકારીઓને ટર્મિનેટ કરવાના કેસમાં ગુજરાત હાઈ કોર્ટે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. હાઈ કોર્ટે તમામ ૯ અધિકારીને બુધવારથી કાયમી કરી દેવાનો આદેશ આપ્યો હતો. અમદાવાદ મહાનગરપાલિકાએ તમામ ૯ અધિકારીને ટર્મિનેટ કરતાં તેમણે હાઈ કોર્ટનાં દ્વાર ખખડાવ્યાં હતાં, હાઈકોર્ટે કેસની સુનાવણી હાથ ધરી આ હુકમ કર્યો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વર્ષના ઑગસ્ટ મહિનામાં ડિવિઝનલ ફાયર ઑફિસર ઓમ બિપીન જાડેજા, ડિવિઝનલ ઑફિસર કૈઝાદ દસ્તુર, સહાયક સબ ઑફિસર આસીફ એહમદ મોહમ્મદ હનીફ શેખ, સહાયક સ્ટેશન ઑફિસર સુધીર દાદુભાઈ ગઢવી, સહાયક સ્ટેશન ઑફિસર શુભમ અમીરદાન ખડિયા, સહાયક સ્ટેશન ઑફિસર અભિજીત ગઢવી, સહાયક સ્ટેશન ઑફિસર મેહુલ ગઢવી, સહાયક સ્ટેશન ઑફિસર અનિરુદ્ધસિંહ કનકસિંહ ગઢવી અને ડિવિઝનલ ઑફિસર ઈનાયક હુસેન શેખને અમદાવાદ મહાનગરપાલિકાના ફાયર વિભાગ તરફથી સસ્પેન્ડ કરાયા હતા.

ટર્મિનેટ કરાયેલા ૯ અધિકારી પર આરોપ હતો કે, બિનઅધિકૃત/ખોટી સ્પોન્સરશિપ દ્વારા એનએફએસસી નાગપુર ખાતે ખોટી રીતે પ્રવેશ મેળવીને શૈક્ષણિક લાયકાત મેળવી હતી. તેના આધારે વિજીલન્સ તપાસ તથા ઇન્ડસ્ટ્રિયલ રીલેશન ખાતાની ખાતાકીય તપાસમાં ગુનો સાબિત થતાં અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા ટર્મિનેટ કેમ ન કરવા? તે અંગે ફાઇનલ શોકોઝ નોટિસ ઇશ્યૂ કરવામાં આવી હતી. જોકે આ ફાયર અધિકારીઓએ કરેલા ખુલાસા સંતોષકારક ન જણાતાં તેમને નોકરીમાંથી ટર્મિનેટ કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. ■

## સુરતના ડીસીપી રાજદીપસિંહ નકુમ સામે ક્રિમિનલ કેસ નોંધવા બોટાદ કોર્ટનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના ડીસીપી રાજદીપસિંહ નકુમને મોટો ઝટકો લાગ્યો હતો. ડીસીપી રાજદિપ નકુમ સામે ક્રિમિનલ કેસ નોંધવા બોટાદ કોર્ટે આદેશ કર્યો હતો. મહત્ત્વપૂર્ણ છે કે બોટાદમાં ૨૦૨૦માં જુગારના કેસમાં બે યુવાનને ઢોરમાર મારવામાં આવ્યો હતો.

ચાર વર્ષ બાદ બોટાદ જિલ્લા કોર્ટે ડીસીપી સામે ફરિયાદ નોંધવા આદેશ કર્યો હતો. બોટાદના તત્કાલીન ડીવાયએસપી રાજદીપસિંહ નકુમ પર ગંભીર આરોપ લગાવવામાં આવ્યો હતો કે તેમણે ઝડપાયેલા શખસોને પીઆઈની ચેમ્બરમાં પટા વડે માર માર્યો હતો અને રૂ. ૫ લાખની માગણી કરી હતી. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટ્રમ્પ ભારતને નુકસાન ના કરે એવી આશા રાખીએ

**અંતે** ડોનાલ્ડ ટ્રમ્પની અમેરિકાના પ્રમુખપદે તાજપોશી થઈ ગઈ. અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીમાં જીતનારા ઉમેદવારની ૨૦ જાન્યુઆરીએ શપથવિધિની પરંપરા છે. આ પરંપરાનું પાલન કરીને ટ્રમ્પે પણ શપથ લીધા અને ચાર વર્ષના ગાળા પછી ફરી દુનિયામાં સૌથી શક્તિશાળી શાસક બની ગયા. ડોનાલ્ડ ટ્રમ્પની શપથવિધિ સાથે અમેરિકામાં ફરી એક જૂની પરંપરા પણ સ્થાપિત થઈ.

અમેરિકામાં વિદાય લઈ રહેલા પ્રમુખ નવા પ્રમુખ માટે લશ્કરી પ્લેનની વ્યવસ્થા કરે છે કે જેથી શપથવિધિ માટે રાજધાની વૉશિંગ્ટન ડીસી આવી શકાય. અમેરિકામાં વરસોથી સત્તાથી બહાર જઈ રહેલા પ્રેસિડેન્ટ નવા પ્રેસિડેન્ટ માટે આ પ્રકારનું સૌજન્ય બતાવે છે, પણ ડોનાલ્ડ ટ્રમ્પ આ સૌજન્ય ચૂકી ગયા હતા. ટ્રમ્પ તો સત્તા છોડવા જ તૈયાર નહોતા તેથી ૨૦૨૧માં બાઈડન માટે લશ્કરી પ્લેન નહોતું મોકલ્યું. આ કારણે બાઈડને ખાનગી વિમાન દ્વારા વૉશિંગ્ટન આવવું પડ્યું હતું.

જો બાઈડને જેવા સાથે તેવા થવાના બદલે જૂની પરંપરાને ફરી જીવિત કરવાનું મુનાસિબ સમજ્યું અને ભૂતપૂર્વ પ્રમુખોએ બતાવેલા સૌજન્યની પંરપરાને ફરી સ્થાપિત કરીને ટ્રમ્પને લેવા માટે ઍરફોર્સના સી-૩૨ લશ્કરી વિમાનને મોકલ્યું. ડોનાલ્ડ ટ્રમ્પ શપથગ્રહણ માટે શનિવારે બપોરે ફ્લોરિડાના વેસ્ટ પામ બીચથી ઍરફોર્સના આ સી-૩૨ લશ્કરી વિમાનમાં બેસીને પત્ની મેલાનિયા અને પુત્ર બેરોન ટ્રમ્પ સાથે વૉશિંગ્ટન પહોંચી ગયા હતા. આ ફ્લાઈટને સ્પેશિયલ ઍર મિશન ૪૭ નામ આપવામાં આવ્યું હતું. ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના ૪૭મા રાષ્ટ્રપતિ હશે તેથી મિશન ૪૭ નામ અપાયું હતું.

ડોનાલ્ડ ટ્રમ્પ પ્રમુખ બન્યા પછી શું કરે છે તેના પર સૌની નજર છે. ટ્રમ્પે અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીમાં બહુ બધાં વચનો આપેલાં અને પોતે સત્તામાં આવતાં જ તેનું પાલન કરશે એવી ખાતરી પણ આપી હતી. અમેરિકામાં પ્રમુખ પાસે અમર્યાદિત સત્તાઓ છે. અમેરિકામાં પ્રમુખ એક્ઝિક્યુટિવ ઑર્ડર બહાર પાડી શકે છે. પ્રમુખ દ્વારા એકપક્ષીય રીતે જાહેર કરવામાં આવતા એક્ઝિક્યુટિવ ઑર્ડર માટે અમેરિકાની સંસદ એટલે કૉંગ્રેસની મંજૂરીની જરૂર નથી હોતી. કૉંગ્રેસ એક્ઝિક્યુટિવ ઑર્ડરને બદલી ના શકે તેથી આ ઑર્ડર તરત અમલી બનતા હોય છે. એક્ઝિક્યુટિવ ઑર્ડરને કોર્ટમાં પડકારવામાં આવી શકે છે, પણ તેમાં બહુ સમય જાય છે તેથી એક્ઝિક્યુટિવ ઑર્ડરને પ્રમુખનું ખાસ હથિયાર માનવામાં આવે છે.

ટ્રમ્પની ટીમે કરેલી જાહેરાત પ્રમાણે સોમવારે શપથ લીધાં પછી ટ્રમ્પ વ્હાઈટ હાઉસમાં એન્ટ્રી કરશે ત્યારે ૧૦૦થી વધુ એક્ઝિક્યુટિવ ઑર્ડર પર સહી કરશે. ટ્રમ્પની ટીમે ટ્રમ્પ પ્રમુખ તરીકે બીજી ઈનિંગની શરૂઆત કરે એ પહેલાં આ ઑર્ડર તૈયાર કરી દીધા હતા અને ટ્રમ્પ વ્હાઈટ હાઉસમાં પ્રમુખ બેસે એ પહેલાં ઓવલ ઑફિસમાં ટ્રમ્પના ટેબલ પર તમામ એક્ઝિક્યુટિવ ઑર્ડર મૂકી દેવાયા હોવાનો દાવો પણ ટ્રમ્પની ટીમે કર્યો હતો. ટ્રમ્પનાં ચૂંટણી વચનો પૂરાં કરવાના ઉદ્દેશથી આ એક્ઝિક્યુટિવ ઑર્ડર તૈયાર કરવામાં આવ્યા હોવાનું એક ઇન્ટરવ્યૂ દરમિયાન ટ્રમ્પે કહ્યું હતું.

ટ્રમ્પે કહેલું કે, પોતે પ્રમુખપદની બીજી ઈનિંગમાં પહેલા દિવસે રેકોર્ડ સંખ્યામાં એક્ઝિક્યુટિવ ઑર્ડર પર સહી કરવાના છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે, મેક્સિકોની સરહદ સીલ કરવી, ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કરવા અને ટ્રાન્સજેન્ડર્સને મહિલા રમતોમાં ભાગ લેવા પર પ્રતિબંધ સહિતના એક્ઝિક્યુટિવ ઑર્ડર તૈયાર છે. આ લેખ વાંચતા હશો ત્યારે આ પૈકી કેટલા એક્ઝિક્યુટિવ ઑર્ડર પર ટ્રમ્પે સહી કરી દીધી તેની ખબર પડી ગઈ હશે તેથી તેના વિશે ચર્ચા પછી કરીશું, પણ ટ્રમ્પ અમેરિકાને એક નવા યુગમાં લઈ જશે એ સ્પષ્ટ છે. આ યુગ સારો હશે કે ખરાબ હશે એ ખબર નથી, પણ ટ્રમ્પ ઘણું બધું નવું કરશે તેમાં કોઈ શંકા નથી.

અમેરિકાની પ્રજા માટે અને અમેરિકાના ભવિષ્ય માટે આ બધા એક્ઝિક્યુટિવ ઑર્ડર મહત્વના છે તેથી અમેરિકામાં તેની ચર્ચા જોરશોરથી ચાલી રહી છે, પણ ભારત માટે વધારે મહત્ત્વની બાબત ટ્રમ્પની આર્થિક અને વિદેશ નીતિઓ છે. ટ્રમ્પે તેમના ચૂંટણી પ્રચાર દરમિયાન ભારતથી આવતા માલ-સામાન પર ૧૦૦ ટકા ટૅક્સ લાદવાથી માંડીને ભારતીયોના અમેરિકામાં પ્રવેશ સહિતના મુદ્દે આકરું વલણ અપનાવવાની ધમકીઓ આપેલી. આ પૈકી ટ્રમ્પ કેટલી ધમકીઓનો અમલ કરે છે અને ક્યારે કરે છે તેના પર ભારતની નજર છે.

ભારતમાં ભાજપ અને નરેન્દ્ર મોદીના ભક્તોએ મોદી અને ટ્રમ્પની દોસ્તીની વાતો બહુ ચલાવી છે. મોદી સાથેની દોસ્તીના કારણે ટ્રમ્પ ભારતનાં હિતોને કોઈ નુકસાન નહીં પહોંચાડે એવા દાવા પણ મોદીના સમર્થકો દ્વારા કરાતા હતા, પણ ટ્રમ્પનું અત્યાર સુધીનું વલણ મોદી તેમના દોસ્ત હોય એવું નથી ને દોસ્ત હોય તોપણ આ દોસ્તીને ખાતર ટ્રમ્પ ભારતનાં હિતોને નુકસાન નહીં કરે એવું તો જરાય નથી.

ટ્રમ્પે સૌથી પહેલાં તો પ્રમુખપદે ચૂંટાયા પછી મોદીની સાવ ઉપેક્ષા કરી છે. ટ્રમ્પ પ્રમુખપદે ચૂંટાયા પછી મોદી સૌથી પહેલાં ફોન કરનારા નેતાઓમાં એક હતા ને ટ્રમ્પે જેમના ફોન લીધા એવા સૌથી પહેલા ત્રણ નેતાઓમાં મોદી એક હતા એવું આપણા વિદેશ મંત્રી એસ. જયશંકરે પોતે કહ્યું છે તેથી તેના વિશે શંકા ના કરી શકાય, પણ એ પછી ટ્રમ્પે મોદી તરફ કોઈ ઉષ્મા કે સૌજન્ય નથી બતાવ્યાં એ પણ હકીકત છે.

ટ્રમ્પે મોદીને પછી ફોન કરવાનું પણ ટાળ્યું અને વ્યક્તિગત રીતે શપથવિધિમાં હાજર રહેવા માટેનું નિમંત્રણ પણ ના આપ્યું. તેનો અર્થ સ્પષ્ટ છે કે, મોદીના સમર્થકો કહે છે એવી કોઈ દોસ્તી ટ્રમ્પ અને મોદી વચ્ચે નથી. ભારતના લોકોને તેનાથી કોઈ ફરક પડતો નથી કેમ કે ભારત માટે પોતાનાં હિતો મહત્ત્વનાં છે, આ હિતો જળવાશે કે નહીં એ મહત્ત્વનું છે કેમ કે ભારત માટે હાલનો કાળ બહુ કપરો છે.

ભારતનું અર્થતંત્ર જબરદસ્ત વિકાસ કરી રહ્યું છે એવું ફૂલગુલાબી ચિત્ર ઊભું કરાયું છે, પણ વાસ્તવિકતા અલગ જ છે તેનો અહેસાસ સૌને થઈ જ ગયો છે. મોદી સરકાર રૂપિયાનું પતન રોકી શકતી નથી, નિકાસ વધારી શકી નથી કે ભારતની બીજા દેશો પરની નિર્ભરતા પણ ઓછી કરી નથી શકી. આ સંજોગોમાં ટ્રમ્પ ચાવી ટાઈટ કરે તો ભારત માટે પડતા પર પાટું જેવી હાલત થાય. ટ્રમ્પનાં પગલાંને કારણે ભારતની નિકાસ ઓછી થાય એ આપણને કોઈ કાળે પરવડે તેમ નથી તેથી આશા રાખીએ કે ટ્રમ્પ એવું કશું ના કરે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ),
મંગળવાર, તા. ૨૧-૧-૨૦૨૫, શ્રી રામાનંદાચાર્ય જયંતી, કાલાષ્ટમી

- ભારતીય દિનાંક ૧, માહે માઘ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ વદ - ૭
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ વદ-૭
- પારસી શહેનશાહી રોજ ૧૦મો આવા, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૦મો આવા, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૦મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૨મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- નક્ષત્ર ચિત્રા રાત્રે ક. ૨૩-૩૬ સુધી, પછી સ્વાતિ.
- ચંદ્ર કન્યામાં સવારે ક. ૧૦-૦૨ સુધી, પછી તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૮, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ • ભરતીઃ સાંજે ક. ૧૭-૦૦, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૩૬ (તા. ૨૨) • ઓટઃ સવારે ક. ૧૦-૪૭, રાત્રે ક. ૨૨-30
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, પૌષ કૃષ્ણ - સપ્તમી. શ્રી રામાનંદાચાર્ય જયંતી, કાલાષ્ટમી, ભારતીય માઘ માસારંભ, બુધ પૂર્વમાં અસ્ત થાય છે. મંગળ મિથુનમાં વક્રી થાય છે.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ. • મુહૂર્ત વિશેષઃ લગ્ન. મંગળ ગ્રહદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, મંગળ શાંતિ, બીલીનું વૃક્ષ વાવવું, બીલીના વૃક્ષનું પૂજન, શિવજીને બીલીના પાન અર્પણ કરવા. શિવપરિવાર પૂજા, ચંડીપાઠ, હવન, વિદ્યારંભ, નવાં વસ્ત્રો, આભૂષણ, મહેંદી લગાવવી, નિત્ય થતાં પશુ લે-વેંચ, દસ્તાવેજ, દુકાન-વેપાર, ખેતીવાડીના કામકાજ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા.
- આચમનઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ ખટપટીયો સ્વભાવ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ નોકરીમાં પુરુષાર્થ. • ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ (તા. ૨૨). ચંદ્ર ચિત્રાના તારા સાથે યુતિ કરે છે.ચંદ્ર પૃથ્વીથી અત્યંત દૂર જાય છે. બુધનો પૂર્વમાં અસ્ત થાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર. વક્રી મંગળ-કર્ક/મિથુન, બુધ-ધનુ, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- કુંભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# સર્બિયામાં વૃદ્ધાશ્રમમાં આગ ફાટી નીકળતા આઠનાં મોત

બેલગ્રેડઃ સર્બિયાની રાજધાની બેલગ્રેડના સીમાડાના વિસ્તારમાં આવેલા વૃદ્ધાશ્રમમાં સોમવારે સવારે આગ ફાટી નીકળતા આઠ લોકોનાં મોત થયા હતા. આ માહિતી સર્બિયાના સરકારી ટેલિવિઝન આરટીએસના અહેવાલમાં બહાર આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર બેલગ્રેડના દક્ષિણ છેડાના વિસ્તારમાં આવેલા બારાજેવો નગરપાલિકામાં સવારે ૩-૩૦ વાગ્યાની આસપાસ ફાટી નીકળેલી આગમાં સાત લોકો ઘાયલ થયા હતા. આ અંગે પોલીસે તાત્કાલિક કોઇ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી. ■

# મણિપુરમાં હથિયાર-દારૂગોળો જપ્ત

ઇમ્ફાલઃ મણિપુરના કાંગપોક્પી જિલ્લામાં ભારે માત્રામાં હથિયાર અને દારૂગોળો જપ્ત કરવામાં આવ્યો હોવાના અહેવાલ મળે છે. આ જાણકારી પોલીસે સોમવારે આપી હતી. ન્યૂ કીથેલમાનબી પોલીસ સ્ટેશન વિસ્તારના લુંખોંગજાંગ રિજમાંથી હથિયાર અને દારૂગોળાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું કે જપ્ત કરાયેલાં હથિયારોમાં એક ૭.૬૨ એમએમ સ્નાઇપર રાઇફલ, મેગેઝિન સાથે પાંચ ૯ એમએમ પિસ્તોલ, બે એસબીબીએલ બંદૂક, બે ૩૬ ગ્રેનેડ, અનેક રાઉન્ડ દારૂગોળો, બે સ્ટન શેલ અને એક ટીયર ગેસ શેલનો સમાવેશ થાય છે. ■

# તિરુપતિ મંદિરમાં ₹ છ કરોડનું દાન આપતો શ્રદ્ધાળુ

તિરુપતિઃ ચેન્નઈ સ્થિત શ્રદ્ધાળુએ તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (ટીટીડી)ને રૂપિયા છ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે, એવી માહિતી સત્તાવાળાઓએ આપી હતી.

વર્ધમાન જૈને શ્રી વેંકટેશ્વર ભક્તિ ચેનલ (એસવીબીસી)ને પાંચ કરોડ રૂપિયાનું અને શ્રી વેંકટેશ્વર ગૌસંરક્ષણ ટ્રસ્ટને એક કરોડ રૂપિયાનું દાન આપ્યું હતું.

ટીટીડીએ રવિવારે રાત્રે અખબારી યાદીમાં કહ્યું હતું કે જૈને તિરુમાલા મંદિરમાં રંગનાયકુલા મંડપમમાં પાંચ કરોડ રૂપિયાનો ડિમાન્ડ ડ્રાફ્ટ એસવીબીસી અને એક કરોડ રૂપિયાનો ડિમાન્ડ ડ્રાફ્ટ ગૌસંરક્ષણ ટ્રસ્ટને આપ્યો હતો. એસવીબીસી એ ટીટીડીની ટેલિવિજન ચેનલ છે જે આધ્યાત્મિક પ્રવૃત્તિ અને કાર્યક્રમોનું પ્રસારણ કરીને હિન્દુ ધર્મનો પ્રસાર કરે છે અને એને આગળ વધારે છે. જ્યારે ગૌસંરક્ષણ ટ્રસ્ટ ગાયનું રક્ષણ કરવા પર અને એના ધામિક મહત્ત્વ સમજાવવા પર ધ્યાન કેન્દ્રીત કરે છે. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### ટ્રમ્પ પ્રમુખ

અતિ શ્રીમંત લોકોના હાથમાં આવી છે.

ટ્રમ્પ કેનેડાને અમેરિકામાં ભેળવીને તેને ૫૧મું રાજ્ય બનાવવાની, ગ્રીનલૅન્ડ અને પનામા નહેર અમેરિકાના કબજામાં લેવા હિલચાલ કરી રહ્યા છે.

અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ હોદ્દાનો ભાર સંભાળે તેનાં ગણતરીના કલાકો અગાઉ જ બિટકોઈનનો ભાવ વધીને ૧,૦૯,૨૪૧ ડૉલર થઈ ગયો હતો.

ક્રિપ્ટોકરન્સી ઈન્ડસ્ટ્રીનું માનવું છે કે ટ્રમ્પ સત્તા પર આવતાની સાથે જ પગલાં લેશે.

બિટકોઈન વિશ્વનું સૌથી લોકપ્રિય ચલણ છે અને બૅંક કે સરકારનો તેનાં પર કોઈ રીતે અંકુશ ન હોય એવા ચલણ તરીકે વર્ષ ૨૦૦૯માં તેની રચના કરવામાં આવી હતી. ત્યાર બાદ બિટકોઈન જેવી અનેક નવી ક્રિપ્ટોકરન્સી ચલણમાં આવી ગઈ છે.

થોડા વર્ષ અગાઉ બિટકોઈન શંકાસ્પદ અને સ્કૅમ ગણાતા હતા. ચૂંટણીપ્રચારના આરંભિક તબક્કામાં ટ્રમ્પે સત્તા પર આવ્યાના ૧૦૦ દિવસની અંદર નવી ક્રિપ્ટો કરન્સી લૉન્ચ કરવાની, અમેરિકાને ક્રિપ્ટોની રાજધાની બનાવવાની અને ક્રિપ્ટો ઈન્ડસ્ટ્રી માટે મિત્રતાપૂર્ણ નિયમો ઘડવાની જાહેરાત કરી હતી.

ગયા વરસે બિટકોઈન કૉન્ફરન્સમાં ટ્રમ્પે કહ્યું હતું કે ક્રિપ્ટોધારકો મારી સાથે ખૂબ ખુશ રહેશે.

અતિ પ્રવાહીતા, ગુનેગારો, કૌભાંડીઓ, બદમાશ રાષ્ટ્રો દ્વારા ક્રિપ્ટોકરન્સીના કરવામાં આવતા ઉપયોગને લીધે તેનાં મર્યાદિત ઉપયોગે ડિજિટલ કરન્સી અનેક ટીકાકારોની ટીકાનો ભોગ બની છે.

આમ છતાં ક્રિપ્ટોકરન્સીએ ટૂંકાગાળામાં અનેક ચઢાવઉતાર વચ્ચે ટીકાકારોને ખોટા પાડ્યા છે અને બાઈડન વહીવટીતંત્ર દ્વારા અયોગ્ય રીતે નિશાન બનાવવામાં આવેલા ક્રિપ્ટો ઉદ્યોગના માલેતુજારોએ ગયા વર્ષના નવેમ્બરમાં યોજાયેલી પ્રમુખપદની ચૂંટણીમાં ટ્રમ્પને વિજયી બનાવવા ખૂબ મદદ કરી હતી.

ટ્રમ્પના વિજયને પગલે બિટકોઈનના ભાવમાં અસાધારણ વધારો જોવા મળ્યો હતો. હજુ માત્ર બે વર્ષ અગાઉ જ બિટકોઈનનો ભાવ ૨૦,૦૦૦ ડૉલર હતો જે હવે વધીને ૧,૦૯,૨૪૧ ડૉલર પહોંચી ગયો છે.

ભારતીય ઉદ્યોગપતિ મૂકેશ અંબાણી અને તેમના પત્ની નીતા અંબાણી અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં તેઓએ અમેરિકન અબજોપતિઓ, રાજનેતાઓ અને સેલિબ્રિટીઓ સાથે મુલાકાત કરી હતી. ઉદ્યોગપતિ મુકેશ અંબાણીને ટ્રમ્પના વિશેષ અતિથિ તરીકે સમારોહનું આમંત્રણ મળ્યું હતું.

મુકેશ અંબાણી શનિવારે વૉશિંગ્ટન ડીસી પહોંચ્યા હતા. તેમણે ટ્રમ્પ સાથે કેન્ડલલાઈટ ડિનરમાં પણ હાજરી આપી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે ટ્રમ્પ સાથે કેન્ડલ લાઈટ ડિનરમાં ભાગ લેનાર તે એકમાત્ર ભારતીય હતા. આ દરમિયાન તેઓ નવા ચૂંટાયેલા ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ અને તેમના પત્ની ઉષા વેન્સને પણ મળ્યા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અંબાણી દંપતીએ ટ્રમ્પ પરિવારના અંગત આમંત્રિતો તરીકે શપથ ગ્રહણ સમારોહમાં ભાગ લીધો હતો.

ભારતીય ઉદ્યોગપતિ મૂકેશ અંબાણીના પરિવારના ટ્રમ્પ પરિવાર સાથે સારા સંબંધો છે. ૨૦૧૭માં જ્યારે ડોનલ્ડ ટ્રમ્પની પુત્રી ઇવાન્કા ટ્રમ્પ ગ્લોબલ એન્ટરપ્રેન્યોરશિપ સમિટ માટે હૈદરાબાદ આવી હતી ત્યારે અંબાણી ત્યાં હાજર હતા. જ્યારે ઈવાન્કા ટ્રમ્પની સલાહકાર હતી. ફેબ્રુઆરી ૨૦૨૦માં ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ તરીકે ભારત આવ્યા ત્યારે અંબાણી પણ હાજર હતા. વર્તમાન જો બાઇડન અને તેમના પત્ની જીલ બાઇડેન, ઉપપ્રમુખ કમલા હેરિસ અને તેમના પતિ જેન્ટલમેન ડગ એમહોફ, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા, જ્યોર્જ ડબ્લ્યુ બુશ અને બિલ ક્લિન્ટન પણ શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં ટેક ઉદ્યોગસાહસિક ઇલોન મસ્ક, અમેઝોનના સ્થાપક જેફ બેઝોસ, એપલના ચીફ એક્ઝિક્યુટિવ્સ ટિમ કૂક અને માર્ક ઝકરબર્ગ, ઓપનએઆઈના સીઈઓ સેમ ઓલ્ટમેન, ગૂગલના ચીફ એક્ઝિક્યુટિવ સુંદર પિચાઈ હાજર રહ્યા હતા. તેમની કંપનીઓએ શપથ ગ્રહણ સમારોહ માટે દસ લાખ યુએસ ડૉલરનું દાન આપ્યું છે. (એજન્સી) ■

### ગડકરી ગોવામાં

કુનકોલિયમ, કુંડાઈમ, ભોમા, કોર્લિમ, ઓલ્ડ ગોવા અને પણજી વચ્ચે કનેક્ટિવિટી પ્રદાન કરશે, જ્યારે ઝુઆરીથી માર્ગાવ બાયપાસ ઔદ્યોગિક વસાહતોમાંથી પસાર થશે અને ડાબોલિમ એરપોર્ટ, મોર્મુગાઓ બંદર અને પોંડા શહેરને જોડશે, એમ તેમણે જણાવ્યું હતું.

અધિકારીએ ઉમેર્યું હતું કે, નાવેલિમથી કુનકોલિયમ સેક્શન પણજી, માર્ગાવો, ડાબોલિમ એરપોર્ટ, મોર્મુગાઓ બંદર અને દક્ષિણ ગોવા તેમજ કર્ણાટકના કેટલાક અન્ય વિસ્તારોને જોડશે. રાજ્ય સરકારના પ્રવક્તાએ જણાવ્યું હતું કે આ પરિવર્તનશીલ માળખાકીય પ્રોજેક્ટ્સ છે જે રાજ્યના બે એરપોર્ટ અને બંદરો વચ્ચે કનેક્ટિવિટી સુધારવા માટે મુખ્ય પ્રધાન પ્રમોદ સાવંતના સ્વપનદ્રષ્ટા નેતૃત્વ હેઠળ બનાવવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે ''આ પ્રોજેક્ટ્સ લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા વધારવા અને ગોવાના આર્થિક વિકાસ તેમજ પ્રાદેશિક વિકાસ માટે ઉત્પ્રેરક તરીકે સેવા આપવાનો હેતુ ધરાવે છે.'' ■

### રાહુલ સામેની

મહેતાની ખંડપીઠે રાહુલ ગાંધીએ કરેલી અપીલને મામલે પ્રતિક્રિયા આપવાની જાણ કરતી નોટિસ ઝારખંડ સરકાર તેમ જ ભાજપના કાર્યકર્તાને પાઠવી હતી અને આગામી આદેશ આપવામાં ન આવે ત્યાં સુધી કેસની સુનાવણી મોકૂફ રાખવા જણાવ્યું હતું. રાહુલ ગાંધી વતી કોર્ટમાં ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક સિંઘવીએ કહ્યું હતું કે પીડિત વ્યક્તિ જ બદનક્ષીનો કેસ દાખલ કરી શકે છે. પીડિત વ્યક્તિ વતી અન્ય કોઈ વ્યક્તિ બદનક્ષીનો કેસ દાખલ ન કરી શકે. ઝા વતી વરિષ્ઠ વકીલ મહેશ જેઠમલાની કોર્ટમાં હાજર રહ્યા હતા. (એજન્સી) ■

### દેશની એકતામાં

અર્થપૂર્ણ ઉકેલ લાવે છે. અવતારોના આવવાથી ફેરફારો થતા નથી. જે લોકો પોતાને બચાવી શકતા નથી એને ભગવાન પણ બચાવી શકતો નથી. જો આપણી માતૃભૂમિ લાખો સંતાન હોવા છતાં નબળી પડે તો આપણી ફરજ શી છે. આ ફરજ બજાવવા આપણે તાકાતની જરૂર છે. આપણને શિસ્ત અને જ્ઞાનની જરૂર છે

ભાગવતે કહ્યું હતું કે પરિસ્થિતિની દરકાર લીધા વિના દૃઢ નિશ્ચય અને દેશની અતૂટ ભાવના આવશ્યક છે. આવો માનવ વિકાસ એ જ સંઘનું પાયાનું મિશન છે. (એજન્સી) ■

### મહાકુંભમાં

માટે સથાપેલા કેમ્પમાં વિકરાળ આગ લાગી હતી. આગ ઝડપથી પ્રસરી હતી અને ૧૮ તંબુ બળીને ખાખ થયા હતા. આગને લીધે ભાગદોડ મચી ગઈ હતી અને તેમાં અનેક લોકો ઘાયલ થયા હોવાનું કહેવાય છે.

અખાડા પોલીસ સ્ટેશનના ઈનચાર્જ ભાસ્કર મિશ્રાએ કહ્યું હતું કે સેક્ટર ૧૯માં બે ગૅસ સિલિન્ડર ફાટયાં હતાં. આને લીધે કેમ્પમાં વ્યાપક આગ લાગી હતી. પંદર જેટલા ફાયર ટેન્ડર આગ ઓલવવાના કામે લગાડાયા હતા.

યુપી ચીફ ફાયર ઓફિસર પ્રમોદ શર્માએ માહિતી આપી હતી કે સિલિન્ડર બ્લાસ્ટને લીધે મહાકુંભમાં મોટી આગ લાગી હતી. આગને લીધે ૧૮ તંબુ બળીને ખાખ થયા હતા.

ઓપરેશન ચાલુ કર્યું હતું. અમે દરેકની સુરક્ષા માટે મા ગંગાને પ્રાર્થના કરીએ છીએ. હેન્ડલે એક ક્લિપ શેર કરી હતી જેમાં અસરગ્રસ્ત વિસ્તારમાં કાળો ધુમાડો નીકળતો દેખાતો હતો.

મહાકુંભ ૨૦૨૫ના સત્તાવાર હેન્ડલમાં પોસ્ટ મુકાઈ હતી કે અતિશય ખેદજનક! મહાકુંભમાં આગના બનાવે બધાને ચોંકાવી દીધા છે. વહીવટીતંત્રે તત્કાળ બચાવ અને રાહત અહીંના તુલસી માર્ગ પર સેક્ટર ૧૯ રેલવે બ્રિજની નીચે વિવેકાનંદ સેવા સમિતિ, વારાણસીના તંબુઓ આગમાં સળગી ગયા હતા.

કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ ૨૭ જાન્યુઆરીએ મહાકુંભમાં ગંગા, યમુના અને સરસ્વતી નદીના ત્રિવેણી સંગમ ખાતે પવિત્ર સ્નાન કરવા આવવાના છે.

અહીં દરરોજ લાખો શ્રદ્ધાળુ ઉપરાંત મહાનુભાવો આવી રહ્યા હોવાથી કડક સલામતી વ્યવસ્થા કરાઇ છે. મહાકુંભ ૨૬ ફેબ્રુઆરીના શિવરાત્રિ સુધી ચાલવાનો છે અને એમાં દેશવિદેશથી ૪૫ કરોડ લોકો આવવાની આશા છે. ■

### એનસીસીના

સાકાર કરવામાં યોગદાન આપે.

રાજનાથે દિલ્હી કેન્ટોનમેન્ટમાં ચાલુ નેશનલ કેડેટ કોર (એનસીસીના) પ્રજાસત્તાક દિનના કેમ્પની મુલાકાત લીધી હતી.

રાજનાથે કહ્યું હતું કે હું એનસીસી કેડેટમાં ભારતનું પ્રતિબિંબ જોઉ છું. એક મહિનાના કેમ્પમાં ૨,૩૬૧ કેડેટ ભાગ લઈ રહ્યા છે. આ કેમ્પ ૩૦ ડિસેમ્બરે શરૂ થયો હતો અને ૨૭ જાન્યુઆરીએ વડા પ્રધાની રૅલી વડે તેની પૂર્ણાહૂતિ થશે. આ વાર્ષિક ઈવેન્ટમાં ૯૧૭ મહિલા કેડેટ છે જે અત્યાર સુધીની છોકરીની મોટી ટુકડી છે. એનસીસીના કેમ્પમાં કેડેટે દાખવેલા શિસ્ત અને એકતા સરાહનીય છે. તેમણે કહ્યું હતું કે ભારતમાં અનેક શરીરો છે, પણ એક આત્મા છે, અનેક શાખાઓ છે પરંતુ એક મૂળ છે. અનેક કિરણો છે. પરંતુ એક પ્રકાશ છે (એજન્સી) ■

### તેલંગાણાના

શક્ય તેટલી વહેલી તકે તેનું પાર્થિવ શરીર પરત મોકલવામાં આવે. ત્યાર સુધી હું જીવતો રહીશ કે નહીં (શરીર આવે ત્યાં સુધી), હું બીજું કંઈ કહી શકતો નથી.''

રવિએ તેના પિતાને કહ્યું હતું કે તે નોકરી મેળવીને ઘરે પાછો આવશે.

અગાઉ નવેમ્બર ૨૦૨૪ માં, તેલંગાણાના ખમ્મમ જિલ્લાના ૨૨ વર્ષીય યુવાનની અમેરિકામાં એક ગેસ સ્ટેશન પર બદમાશો દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી જ્યાં તે કામ કરતો હતો, એમ પરિવારના સભ્યોએ જણાવ્યું હતું.

તાજેતરમાં અમેરિકાના ઉત્તર કેરોલિનાના રાજ્યમાં એક કિશોરવયના છોકરાએ એક કન્વીનિયન્સ સ્ટોર લૂંટી લીધા બાદ ૩૬ વર્ષીય ગુજરાતી મૈનાંક પટેલની ગોળી મારીને હત્યા કરી નાખી હોવાની માહિતી અધિકારીઓએ આપી હતી.

ગોળીબાર બાદ ગંભીર રીતે ઇજાગ્રસ્ત ટોબેકો હાઉસ સ્ટોરના માલિક મૈનાંક પટેલનું મૃત્યુ થયું હતું, તેવું સેલિસબરી પોસ્ટે અહેવાલ આપ્યો હતો.

રોવાન કાઉન્ટી શેરિફ ઓફિસના જણાવ્યા મુજબ, કિશોરની સાંજે ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ તેના વિશે કોઈ વધારાની વિગતો જાહેર કરવામાં આવી નથી.

પટેલ તેમની પાછળ સાડા સાત મહિનાની ગર્ભવતી પત્ની અમી અને તેમની પાંચ વર્ષની પુત્રીને છોડી ગયા છે. ગ્રાહકો અને કામદારોનાં જણાવ્યાં અનુસાર બધા તેને 'માઈક' કહેતા. પટેલ કોઈપણ માટે કંઈપણ કામ કરવા તત્પર રહેતા હતા અને ભારતીય સમુદાય તેમના મૃત્યુ પર શોકમાં છે.

તેના સ્ટોર, ટોબેકો હાઉસની બહારનાં તમામ ફૂલો અને કાર્ડ્સ દ્વારા સ્પષ્ટ થાય છે કે લોકોને તેના પ્રત્યે પ્રેમ હતો. ■

### કાશ્મીરમાં

ઝાલુરા ગુર્જરપતિમાં કડક નજર રાખવામાં આવી હતી અને આજે સવારે વિસ્તારમાં શંકાસ્પદ આતંકવાદીઓની શોધખોળ તીવ્ર બનાવી હતી.

જમ્મુ અને કાશ્મીર પોલીસે હાલમાં પાકિસ્તાનના કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીરમાંથી કાર્યરત બે ફરાર આતંકવાદીઓની રાજૌરી સ્થિત મિલકતો જપ્ત કરી છે, એમ અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું.

એક પોલીસ પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ૬ કનાલ અને ૧૮ મરલાની જમીન, તહસીલ થાનામંડીના ભટ્ટિયન ગામના ઇશ્તિયાક અહેમદ અને તે જ ગામના ઝાહિદ અલી ખાનની છે. ''આ પાકિસ્તાન સ્થિત ટેરર હેન્ડલર્સ પર રાષ્ટ્ર વિરોધી તત્ત્વોને ટેકો આપવા સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓનો આરોપ છે. મિલકતોની જપ્તિ એ પ્રદેશમાં કાર્યરત પાકિસ્તાન સ્થિત હેન્ડલર્સ અને તેમના સહયોગીઓના નેટવર્કને તોડી પાડવાના ચાલુ પ્રયાસોનો એક ભાગ છે'' એમ તેણીએ ઉમેર્યું હતું. સોમવારે મહેસૂલ અધિકારીઓની હાજરીમાં મિલકતોને ટાંચ મારવામાં આવી હતી. ■

### સંજય રોયને

(વ્યક્તિનું મૃત્યુનું કારણ બનવા બદલ સજા) અને ૧૦૩ (૧) (હત્યા) અંતર્ગત રોય દોષી પુરવાર થયો હતો.

જજે કહ્યું હતું કે કલમ ૬૪ અંતર્ગત દોષીને જનમટીપની સજા અને રૂ. ૫૦,૦૦૦નો દંડ કરવામાં આવ્યો છે. દંડની રકમ ન ભરે તેવા સંજોગોમાં દોષીને વધુ પાંચ મહિના જેલની સજા આપવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

કલમ ૧૦૩ (૧) અંતર્ગત રોયને રૂ. ૫૦,૦૦૦નો દંડ અને દંડની રકમ ન ભરે તો વધુ પાંચ મહિનાની જેલની સજા ફટકારવામાં આવી હતી.

વધુમાં કલમ ૬૬ અંતર્ગત રોયને મૃત્યુ ન પામે ત્યાં સુધી જેલની સજા આપવામાં આવી હતી.

સીબીઆઈએ રોયને મૃત્યુદંડ આપવાની માગણી કરી હતી.

આ કેસ 'રેરેસ્ટ રેર' શ્રેણીનો ન હોવાને કારણે બચાવપક્ષના વકીલે રોયને મૃત્યુદંડને બદલે જનમટીપની સજા કરવાની વિનંતી કરી હતી.

મૃતક ડૉક્ટરનાં પરિવારજનોને રૂ. ૧૭ લાખ વળતરપેટે આપવાનો કોર્ટે રાજ્ય સરકારને આદેશ આપ્યો હતો.

ઘટનાનો ભોગ બનેલી મહિલા ડૉક્ટર ફરજ પર હતી તે સમયે મૃત્યુ પામી હોવાને કારણે ડૉક્ટરનાં પરિવારજનોને મૃત્યુ બદલ રૂ. ૧૦ લાખ અને બળાત્કાર બદલ રૂ. સાત લાખ એમ કુલ રૂ. ૧૭ લાખનું વળતર આપવાની જવાબદારી રાજ્ય સરકારીની હોવાનું કોર્ટે કહ્યું હતું.

જોકે રાયને ન્યાયાધીશે જણાવ્યું હતું કે કોર્ટના આ ચુકાદાને તે કોલકાતા હાઈ કોર્ટમાં પડકારી શકશે અને તે માટે જરૂરી કાયદાકીય સહાય તેને પૂરી પાડવામાં આવશે.

રોય, તેના પરિવારજનો અને વકીલના અંતિમ નિવેદનો સાંભળ્યા બાદ ન્યાયાધીશે રોયને સજાનો ચુકાદો સંભળાવ્યો હતો. (એજન્સી) ■

### યુદ્ધ વિરામ કરાર

આપવામાં આવેલી યાદી અનુસાર મુક્ત કરાયેલા તમામ કેદીઓ મહિલાઓ અથવા સગીરો છે. ઇઝરાયલે આ તમામ લોકોને દેશની સુરક્ષાને જોખમમાં મૂકવા સંબંધિત ગુનાઓ માટે અટકાયતમાં લીધા હતા. આ લોકો પર પથ્થરમારાથી લઇને હત્યાના પ્રયાસ સુધીના ગંભીર આરોપો હતા. ■

# હાઈ કોર્ટમાં ગુજરાતીને સત્તાવાર ભાષા બનાવવાની માગ બુલંદઃ ૨૧મી ફેબ્રુ.એ કાર્યક્રમો યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઇકોર્ટમાં રૂટિન ન્યાયિક પ્રક્રિયામાં અંગ્રેજી ભાષાની સાથે સાથે ગુજરાતી ભાષા પણ અધિકૃત રીતે અમલી બનાવવા માટે છેલ્લા ઘણાં વર્ષોથી પ્રયાસો થઈ રહ્યા છે. આ દરમિયાન મારો ન્યાય મારી ભાષામાંના મુદ્દે અમદાવાદના પ્રબુદ્ધ નાગરિકોની હાજરીમાં એક બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ નિર્ણય લેવામાં આવ્યા હતા. આ અંગે સિનિયર એડ્વોકેટ અસીમ પંડ્યાએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય ઉચ્ચ ન્યાયાલય ભાષા સમિતિની રચના કરાશે. આ સમિતિમાં વિવિધ જિલ્લાના એક-એક પ્રતિનિધિનો સમાવેશ કરીને ગુજરાતી ભાષાને વડી અદાલતમાં અધિકૃત ભાષા તરીકે સ્વીકૃતી મળે તે માટેની નીતિ ઘડાશે અને ૨૧મી ફેબ્રુઆરીના વિશ્વ માતૃભાષા દિવસે અને પછી ગુજરાત સ્થાપના દિન પહેલી મેના રોજ એ કાર્યક્રમો યોજવાનું આયોજન કરાયું છે.

અસીમ પંડ્યાએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતની વડી અદાલતમાં ગુજરાતી ભાષાની સ્વીકૃતિ મેળવવા વડા પ્રધાન, કાયદામંત્રી, ગુજરાતના રાજ્યપાલ, મુખ્ય પ્રધાનને આ મુદ્દા બાબતે વિગતવાર રજૂઆત કરાશે. ગુજરાતી સાહિત્ય પરિષદ, ગૂજરાત વિદ્યાપીઠ, તાબાની અદાલતનાં વકીલ મંડળો વગેરે સંસ્થાઓને આ ઝુંબેશમાં જોડીને તેમનું સમર્થન આપતાં ઠરાવો મેળવાશે. અગાઉ સને ૧૯૭૭ અને ૧૯૯૧માં સરકાર દ્વારા રચાયેલી ગુજરાતી ભાષા સમીક્ષા સમિતિએ પણ રાજય સરકારને ગુજરાત હાઇકોર્ટમાં માતૃભાષા ગુજરાતી ભાષાનો ઉપયોગ તબક્કાવાર વધારવાની રાષ્ટ્રપતિ પાસેથી મંજૂરી મેળવવા અંગે સ્પષ્ટ ભલામણ કરી હતી. સમિતિની આ ભલામણ વર્ષ ૨૦૧૨માં રાજય સરકારે સ્વીકારી હતી. જો કે, વર્ષ ૨૦૧૬માં સુપ્રીમકોર્ટે હાઇકોર્ટમાં ગુજરાતી ભાષાને વધારાની ભાષા લાગુ કરવાનો સાફ ઇન્કાર કરી દીધો હતો. આ જ પ્રકારે તા.૮-૯-૨૦૨૨ના રોજ ખુદ ગુજરાત હાઇકોર્ટ એડવોકેટ્સ એસોસિએશનના પૂર્વ પ્રમુખે પણ હાઇ કોર્ટમાં ગુજરાતી ભાષાની સત્તાવાર અમલવારી માટે રાજયપાલને પત્ર લખ્યો હતો.

બંધારણીય જોગવાઇ મુજબ, ભાષાના ઉપયોગ મુદ્દે સુપ્રીમકોર્ટ કે હાઇકોર્ટની કોઇ ભૂમિકા જ નથી. ખુદ ગુજરાત બાર કાઉન્સિલે પણ આ વાતને ટેકો આપ્યો હતો. જો કે હવે ફરી એક વખત હાઇકોર્ટમાં માતૃભાષા ગુજરાતીને અધિકૃત રીતે અમલી બનાવવાની માગ બુલંદ બની છે.

# વિધાનસભાનું બજેટ સત્ર ૧૯ ફેબ્રુ.થી શરૂઃ ૨૦મીએ નાણાપ્રધાન બજેટ રજૂ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર આગામી ૧૯ ફેબ્રુઆરીએ બપોરે ૧૨ વાગ્યે બજેટસત્રની શરૂઆત થશે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર વર્ષ ૨૦૨૫-૨૬ માટેનું અંદાજપત્ર રજૂ કરશે નાણાપ્રધાન કનુભાઈ દેસાઈ તા.૨૦ ફેબ્રુઆરીએ ગુજરાત સરકારનું બજેટ રજૂ કરશે. પંદરમી વિધાનસભાનું બજેટ સત્ર ૨૮મી માર્ચ સુધી ચાલશે, આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ફૂલ ગુલાબી બજેટ આવે તેવી સંભાવના છે. આ સાથે જ સરકાર લોકોને કેટલીક રાહતો પણ આપી શકે છે. ખેડૂતલક્ષી મહત્ત્વનો નિર્ણયો લેવાય તેવી પણ ચર્ચા છે. આ સમયગાળામાં ગૃહમાં સરકાર દ્વારા કુલ સાત વિધેયકો પર ચર્ચા અને મતદાન માટે કામકાજ હાથ ધરાનાર છે.

આ ઉપરાંત નવી રચાયેલી મહાનગરપાલિકા માટે માળખાકીય સુવિધા અને નાણાકીય ભંડોળની ફાળવણી કરવામાં આવશે.

સપ્ટેમ્બર ૨૦૨૧માં ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે પદભાર સંભાળ્યા પછી ભૂપેન્દ્ર પટેલ સરકારનું આ ચોથું અંદાજપત્ર કેટલીક નવી લોકરંજક યોજના સાથે રજૂ થશે, જે મોટાભાગે પુરાંતવાળું રહેવાની શક્યતા છે. સચિવાલયમાં નવા બજેટ માટેની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે અને હાલ તમામ વિભાગોએ સંબંધિત પક્ષકારો સાથે બેઠકો કરી પોતાના અંદાજો નાણાં વિભાગને મોકલી આપ્યા છે, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં વિભાગોની શ્રેણીબદ્ધ બેઠકો યોજાઇ હતી.

દરેક વિભાગોએ મોકલેલી નવી યોજનાઓ તેમજ વર્તમાન યોજનાઓની ફાળવણીમાં વધારા સહિતના મુદ્દે આવકના અંદાજોને સુસંગત રહી યોજનાકીય ફાળવણી માટે ચર્ચા કરવામાં આવી રહી છે.

### મોંઘવારીથી મધ્યમ વર્ગ બેહાલ

# અમદાવાદમાં ૫૫૬૦૫ બાળકોએ ખાનગી સ્કૂલ છોડી સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશમાં વધતી જતી મોંઘવારીના કારણે મધ્યમવર્ગીય લોકોને બે છેડા ભેગા કરવા ફાંફા પડી રહ્યા છે. વધતી જતી મોંઘવારી સામે આવકમાં વધારો થઇ રહ્યો નથી જેના લીધે ઘર પરિવારનું ગુજરાન ચલાવવું એક મોટો પડકાર બની ગયો છે. રાજ્યમાં શિક્ષણ અને સ્વાસ્થ્ય સેવાઓ મોંઘીદાટ બની ગઇ છે. ત્યારે વાલીઓનો ખાનગી શાળા પ્રત્યેનો મોહભંગ થઇ રહ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ સંચાલિત શાળાઓમાં દસ વર્ષના સમયમાં ખાનગી શાળા છોડીને ૫૫,૬૦૫ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હોવાનું જાણવા મળ્યું છે. બીજી તરફ વિવિધ વોર્ડમાં આવેલી ૧૨૯ જેટલી મ્યુનિસિપલ શાળાઓને આ સમય દરમિયાન સ્માર્ટ શાળા બનાવવામાં આવી છે. વર્ષ ૨૦૨૫-૨૬માં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૨૪ નવી શાળા બનાવવામાં આવશે. વર્ષ ૨૦૨૫-૨૬ના રૂપિયા ૧૧૪૩ કરોડના ડ્રાફ્ટ બજેટ પૈકી શૈક્ષણિક પ્રવૃત્તિ પાછળ માત્ર રૂપિયા ૭૭.૫૦ કરોડ જ ખર્ચ કરાશે. મ્યુનિસિપલ સ્કૂલબોર્ડનું વર્ષ ૨૦૨૫-૨૬ માટેનું રૂપિયા ૧૧૪૩ કરોડનું ડ્રાફ્ટ બજેટ શાસનાધિકારી ડોકટર લગધીર દેસાઈ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. જો કે રૂપિયા ૧૦૪૨.૫ કરોડ તો માત્ર પગાર અને પેન્શનની ચુકવણી પાછળ જ ખર્ચ કરવામાં આવશે. શૈક્ષણિક પ્રવૃત્તિ પાછળ રૂપિયા ૭૭.૫૦ કરોડ ખર્ચ કરવામાં આવશે. મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ સંચાલિત શાળાઓ માટે રાજય સરકાર ગ્રાન્ટેબલ ખર્ચના રૂપિયા ૮૦૮ કરોડ તથા મ્યુનિસિપલ કોર્પોરેશન રૂપિયા ૧૩૧ કરોડ આપશે. ૨૦૨૫ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનું શતાબ્દી વર્ષ છે.

# અમદાવાદની સાબરમતી નદીમાં વોટર મેટ્રો પ્રોજેક્ટ શરૂ કરવા સરકારે કવાયત શરૂ કરી

અમદાવાદઃ સુરતની તાપી નદીમાં વોટર મેટ્રો શરૂ કરવા માટે પ્રાથમિક પ્રયાસો હાથ ધરવામાં આવ્યાં છે. પ્રાથમિક ફિઝિબિલિટી ચકાસવા માટે કોચી વોટર મેટ્રોના એક્સપર્ટની ટીમે થોડા સમય અગાઉ સુરતની મુલાકાત લીધી હતી. જેમાં બજેટની જાહેરાતના ૧૦ મહિના પછી કવાયત, રિપોર્ટ પોઝિટિવ આવશે તો એન્જિનિયરિંગ ડેટા, સ્ટડી રિપોર્ટ અને છેલ્લે ફાઇનલ ફિઝિબિલિટી રિપોર્ટ તૈયાર કરાશે. પરંતુ હવે સરકાર દ્વારા અમદાવાદની સાબરમતી નદીમાં પણ વોટર મેટ્રો શરૂ કરવા માટે કવાયત હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. અમદાવાદમાં હાલ એએમટીએસ, બીઆરટીએસ અને મેટ્રો ટ્રેન પબ્લિક ટ્રાન્સપોર્ટ રૂપે અમલમાં છે. આમ છતાં હવે, આગામી સમયમાં કનેક્ટિવીટીને વધારવા માટે કોલકાતાની ટ્રામ સર્વિસની જેમ લાઈટ રેલ ટ્રાન્ઝિટ અને સાબરમતી નદીમાં વોટર મેટ્રો જેવા પરિવહનના નવા વિકલ્પોની દિશામાં પણ વિચારણા શરૂ કરવામાં આવી છે. આ કાર્યક્રમ ભારત સરકાર હસ્તક રહે તેવું માનવામાં આવે છે. અમદાવાદમાં પણ લાઇટ રેલ ટ્રાન્ઝિટ સિસ્ટમ દાખલ કરાય તેવી શક્યતા નકારી શકાતી નથી. લાઇટ રેલ ટ્રાન્ઝિટને પહોળા રસ્તાવાળા જટિલ ટ્રાફિક ઝોનને જોડવાની ગણતરી રાખવામાં આવી રહી છે. આ પ્રોજેક્ટ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૨૦૨૫ના બજેટમાં સામેલ થવાની અપેક્ષા છે. આ ઉપરાંત કોચી વોટર મેટ્રોની સફળતાથી પ્રેરિત થઈને આ મોડેલને ગુજરાતના અમદાવાદ-સુરત સહિતના દેશનાં ૧૮ શહેરોમાં લાગુ કરવાની દિશામાં ભારત સરકારે કાર્યવાહી આગળ વધારી હોવાનું અધિકારી સૂત્રોએ જણાવ્યું હતું. કેન્દ્ર સરકારે તાજેતરમાં કોચી મેટ્રો રેલ લિમિટેડને દેશના વિવિધ રાજ્યોમાં કોટી જેવી વોટર મેટ્રો સિસ્ટમ્સની સંભાવનાનું મૂલ્યાંકન કરવા માટે શક્યતા અભ્યાસ હાથ ધરવાનું કાર્ય સોંપ્યું હતું. તેના ડિરેક્ટર બોર્ડ દ્વારા કન્સલ્ટન્સી વિંગની રચના કરવાની મંજૂરી મળતાં, કોચી મેટ્રો રેલ લિમિટેડે પ્રારંભિક કાર્ય શરૂ કરવા માટે એક ઇન-હાઉસ સમિતિની રચના પણ કરી છે.

# અમદાવાદના અસારવા રેલવે સ્ટેશનથી-ઉદયપુર વચ્ચે ચોથી વંદેભારત ટ્રેનની સેવા શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પણ અમદાવાદથી મુંબઈ વચ્ચે ૨ તેમજ સાબરમતીથી જોધપુર વચ્ચે ૧ મળીને કુલ ૩ વંદેભારત ટ્રેન દોડી રહી છે. આગામી સમયમાં અમદાવાદ શહેરના અસારવા રેલવે સ્ટેશનથી-ઉદયપુર વચ્ચે ચોથી વંદેભારત ટ્રેનની સેવા શરૂ કરવામાં આવશે. આ વંદેભારત ટ્રેન સેવા શરૂ થતાં જ અમદાવાદથી ઉદયપુર વચ્ચે મુસાફરી કરતા લોકોને વધુ એક સુવિધા મળશે. આ ટ્રેન અસારવાથી ઊપડીને હિંમતનગર ખાતે માત્ર એક સ્ટોપેજ કરીને ૪ કલાકમાં ઉદયપુર પહોંચશે. અસારવાથી ઉદયપુર વચ્ચેની આ વંદેભારત ટ્રેનમાં ૮ કોચ રહેશે. તેમજ આ વંદેભારત ટ્રેન ઉદયપુરથી સવારે ૬.૧૦ કલાકે ઊપડીને હિંમતનગર ૯.૧૦ મિનિટે પહોંચશે, અને હિંમતનગર ૨ મિનિટ ઊભી રહ્યા બાદ ૯.૧૨ મિનિટે ઊપડીને સવારે ૧૦.૨૫ કલાકે અસારવા સ્ટેશને પહોંચશે. તેમજ આ ટ્રેન અસારવાથી સાંજે ૫.૪૫ કલાકે ઊપડીને ૬.૫૮ કલાકે હિંમતનગર પહોંચશે અને ૭.૦૦ કલાકે ઊપડીને રાત્રે ૧૦.૦૦ કલાકે ઉદયપુર પહોંચશે તેમજ મંગળવાર સિવાય અઠવાડિયામાં ૬ દિવસ ટ્રેન દોડશે. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં અમદાવાદ-અસારવા- ઉદયપુર લાઈનનું ઇલેક્ટ્રીફિકેશનનું કામ પૂરું થયું છે. ૧૪ જાન્યુઆરીથી કોટા- અસારવા ટ્રેન ઇલેક્ટ્રીક એન્જિનથી દોડાવવામાં આવી રહી છે. હવે આ રૂટ પર વંદેભારત ટ્રેનનું સંચાલન પણ શરૂ કરાશે.

# વડોદરા ટ્રાફિક પોલીસે ૨૦ દિવસમાં ૯૦થી વધુ મોટા વાહનો અને ૧૮થી વધુ બાઈક કબજે કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેર ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિક નિયમોનો ભંગ કરતા ભારદારી સહિતના વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. વડોદરા શહેર ટ્રાફિક પોલીસે અભૂતપૂર્વ કાર્યવાહી કરતા છેલ્લા ૨૦ દિવસમાં ૯૦થી વધુ ભારદારી વાહનો અને ૧૮થી વધુ મોડીફાઇડ અને ઘોંઘાટ કરતા બાઈકો સામે કાર્યવાહી કરી હતી.

ટ્રાફિક પોલીસની આ કાર્યવાહી અંગે માહિતી આપતા ટ્રાફિક એસીપી ડી.એમ.વ્યાસે જણાવ્યું હતું કે,ભારદારી વાહનોને આપણે ડિટેન પણ કરીએ છીએ અને સમજ પણ આપીએ છીએ અને ૨૦૨૫ રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અનુસંધાને ભારદારી વાહનો ડિટેન કરવાના હોય છે તો અમે તારીખ ૧ થી આજ દિન સુધી લગભગ ૯૪ જેટલા વાહનો ડિટેન કર્યા છે અને એમના વિરુદ્ધ કાર્યવાહી કરી છે અન્ય કાર્યવાહીમાં આરટીઓનો મેમો આપ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આરટીઓમાં એ લોકો દંડ ભરી અને એ પાવતી બતાવી પોતાનું વાહન પાછું લઈ જાય છે. જાહેરનામા મુજબ રાત્રે ૯:૦૦ થી સવારના ૦૭:૦૦ વાગ્યા સુધી આવી શકે અને દિવસે બપોરે ૧ થી ૪:૦૦ વાગ્યા સુધી આવી શકે છે. પરંતુ તેમની સ્વયં મર્યાદા છે. સિટીમાં પ્રવેશવાની એ દરમિયાનમાં પણ જો એ લોકો સ્પીડથી વાહન ચલાવે, આડેધડ પાર્ક કરે તો પણ તેના વિરુદ્ધમાં અમે કાર્યવાહી કરીએ છીએ. એમની જે જોગવાઈ મુજબ આરટીઓ પાસે વધુ ડેટા હોય છે પણ એ ગાડી ફરીવાર પકડાઈ તો એને અમે જે દંડ છે એ બહોળો અને બમણો પણ થઈ શકે તે આરટીઓ લેવલથી વસૂલ કરવામાં આવે છે.

# ગુજરાતમાં ૬૪ ટકા બાળકોને મોબાઈલનું વળગણઃ સરકાર સ્કૂલો માટે એક એડવાઈઝરી તૈયાર કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આજના આધુનિક સમયમાં મોબાઈલ ફોન વગરની જિંદગીની કલ્પના જ અશક્ય છે, જો કે આ મોબાઈલ ફોન બાળકો પાસેથી તેમનું બાળપણ છીનવી રહ્યો છે.

મોબાઈલ ફોનથી આવતી નિરાશાના કારણે આપઘાત, આપઘાતના પ્રયાસના બનાવો વધ્યા છે. વિતેલા એક જ વર્ષમાં ગુજરાતમાં ૧૨થી ૧૭ વર્ષનાં બાળકોએ મોબાઈલ ફોન ન મળવાથી કે મોબાઈલ ફોન ઉપર કોઈ ગેમ કે અન્ય વળગણથી આપઘાત કર્યાના ચાર બનાવ બની ચૂકયાં છે. બાળકોના હિંસાત્મક બનાવોના પગલે સરકારે સ્માર્ટ ફોનના વળગણ સામે સ્કૂલો માટે એડવાઈઝરી બનાવવા નિર્ણય કર્યો હતો.

તાજેતરમાં થયેલા એક સર્વેક્ષણ મુજબ, રાજ્યના ૬૪ ટકા બાળકોને વધતા-ઓછા અંશે મોબાઈલ ફોનની લત છે.

સર્વે પૈકીના ૭૬ ટકા ગ્રામ્ય બાળકો મોબાઈલ ઉપર ગેમ રમે છે, ૬૩ ટકાને કોઈપણ ભોગે મોબાઈલ જોઈએ છે, ૮૧ ટકા બાળકોને મોબાઈલ ફોન જોતાં-જોતાં જ ખાવાની આદત છે, ૮૫ ટકા બાળકો શારીરિક ગેમ કરતાં મોબાઈલ ગેમ પસંદ કરે છે.

તો ૬૬ ટકા માતા-પિતા થોડો સમય મુક્તિ મેળવવા બાળકને મોબાઈલ પકડાવી દે છે.

બાળકોમાં સ્માર્ટફોનનું અને સોશિયલ મીડિયાનું એડિકશન-વળગણ ખૂબ જ વધ્યું છે, ત્યારે રાજ્ય સરકાર સ્કૂલો માટે એક એડવાઈઝરી તૈયાર કરશે.

શિક્ષણ ક્ષેત્રના તમામ અધિકારીઓથી માંડી ચિલ્ડ્રન યુનિવર્સિટી પાસેથી આ માટે સરકારે સૂચનો મંગાવ્યા છે. રાજ્યમાં હાલ સ્કૂલોમાં ધો.૧થી ૧૨નાં બાળકોને મોબઈલ લઈ જવા પર પ્રતિબંધ છે અને કોલેજોમાં વિદ્યાર્થીઓ મોબાઈલ લઈ જઈ શકે છે, પરંતુ ક્લાસરૂમમાં વિદ્યાર્થીઓને ફોન ચાલુ રાખવા પર મંજૂરી નથી. પરંતુ કોરોનામાં ઓનલાઈન શિક્ષણ સ્કૂલોમાં થતા બાળકોમાં સ્માર્ટફોનનું એડિકશન ખૂબ જ વધી ગયું છે અને પ્રી પ્રાયમરીથી લઈને ધો.૮ સુધીનાં બાળકોમાં પણ સોશિયલ મીડિયાનું એડિકશન જોવા મળી રહ્યુ છે.

# ગુજરાતમાં સાયબર ફ્રોડના કેસમાં વધારોઃ ૨૦૨૪માં ૧.૨૭ લાખ ફરિયાદો નોંધાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સાયબર સેફ્ટી અંગે અનેક જાગૃતિ કાર્યક્રમો કરવામાં આવે છે. તે છતાંય ગુજરાતમાં દર કલાકે એક વ્યક્તિ સાયબર ફ્રોડનો શિકાર બને છે. એમ પોલીસ તરફથી મળેલા આંકડાઓમાં જાણવા મળ્યું હતું. સાયબર ફ્રોડ આચરનારા આરોપીઓ લોકોને ઠગવા માટે ૩૪ પ્રકારના ઉપાયો અજમાવે છે. પરંતુ ચાર પ્રકારો મોટા ભાગની ઘટનાઓ માટે જવાબદાર છે. જેમાં ઠગાઈની લિંક, ન્યૂડ વીડિયો કોલ, શેરબજારમાં રોકાણનું કૌભાંડ અને એપ બેઝ ફ્રોડનો સમાવેશ થાય છે. આજના ટેકનોલોજીના સમયમાં સાયબર ફ્રોડ પરંપરાગત ગુનાઓનું સ્થાન લઈ રહ્યો છે. રોજિંદા જીવનમાં ટેકનોલોજીની નિર્ભરતા સાથે સાયબર આરોપીઓ સરળતાથી કમજોર લોકોની ઓળખ કરે છે અને તેમને પોતાની જાળમાં ફસાવે છે.

આરોપીઓ સામાન્ય રીતે લાલચ, ડર અને પ્રલોભનોનો ઉપયોગ કરીને મેસેજ અને કોલ દ્વારા લોકોને પોતાની જાળમાં ફસાવે છે. જ્યારે કોઈ તેમનો શિકાર બની જાય તો આરોપીઓ માટે ગુનાને અંજામ આપવો સરળ થઈ જાય છે.

આ પ્રકારના ગુનાઓ પ્રત્યે લોકોને જાગૃત કરવા કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા એક સાયબર હેલ્પલાઈન (૧૯૩૦) લોન્ચ કરવામાં આવી હતી. આ હેલ્પલાઈનને ગુજરાતમાંથી રેકોર્ડબ્રેક ફરિયાદો મળી હતી. ૨૦૨૪ના વર્ષમાં રાજ્યમાંથી ૧.૨૭ લાખ ફરિયાદો નોંધાઈ હતી. જ્યારે ૨૦૨૫ના જાન્યુઆરીમાં ૨૬૮૫ કોલ મળ્યા હતાં.

જ્યારે સ્કેમર્સની મોડસઓપરેન્ડી સતત વિકસી રહી છે. વિઝા સ્કેમ, વીજળી બીલ ફ્રોડ અને બ્લેકમેલિંગ જેવા ઠગાઈના કેસમાં ૨૦૨૪માં ઘટાડો જોવા મળ્યો હતો. પરંતુ સરકારી યોજનાઓ, મેટ્રિમોનિઅલ સાઈટ્સ અને કુરિયર સર્વિસ સેવાઓ સાથે જોડાયેલા સ્કેમમાં પણ તાજેતરમાં મોટો ઘટાડો નોંધાયો હતો.

# અમદાવાદના લાલ દરવાજા પાસેથી એટીએસ દ્વારા ૨૭ લાખના એમડી ડ્રગ્સ સાથે યુવકની ધરપકડ

અમદાવાદઃ ગુજરાતમાં સતત વધી રહેલી ડ્રગ્સની હેરાફેરીને રોકવા માટે પોલીસ સહિતની એજન્સીઓ સક્રિય થઈ ગઈ છે. અમદાવાદમાં લાલ દરવાજા પાસેથી એટીએસ દ્વારા ૨૭ લાખની કિંમતના એમડી ડ્રગ્સ સાથે એક યુવકની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે આ રેકેટમાં વધુ આરોપીઓ હોવાની શક્યતાના આધારે તપાસ શરૂ કરી હતી.

ગુજરાત એટીએસને બાતમી મળી હતી કે, અમદાવાદમાં લાલ દરવાજા વિસ્તારમાં હનુમાન ગલી ખાતે રહેતો ફરહાન નામનો યુવક એમડી ડ્રગ્સનું વેચાણ કરી રહ્યો છે. આ બાતમીને આધારે એટીએસની ટીમે દરોડા પાડીને ફરહાન નામના યુવકની ધરપકડ કરી હતી. તેની પાસેથી ૫૫ ગ્રામ જેટલો સફેદ પાઉડર મળી આવતાં તે એમડી ડ્રગ્સ હોવાની ફરહાને પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી. એટીએસની કચેરીમાં પૂછપરછ થતા ફરહાને તે કોની પાસેથી ડ્રગ્સ લાવે છે તેની મહિતી મળતા એટીએસે ડ્રગ્સ માફિયાને ઝડપી લેવા માટે પ્રયાસો શરૂ કર્યા હતા.

ફરહાન પહેલા ચરસનો ધંધો કરતો હતો જેમાં તે દસ વર્ષ સાબરમતી સેન્ટ્રલ જેલમાં રહીને આવ્યો હતો. ફરહાનને પકડવા માટે અમદાવાદ ક્રાઇમ બ્રાંચ, એસઓજી, સ્થાનિક પોલીસ તેમજ લોકલ ક્રાઇમ બ્રાંચ પણ અસફળ રહી હતી. ફરહાનની ધરપકડ બાદ કોટ વિસ્તારમાં એમડી ડ્રગ્સનો ધંધો કરતા મોટાં માથાનાં નામ સામે આવે તેવી શક્યતાઓ છે. પોલીસે ડ્રગ્સ માફિયાઓ સહિત હવે નશો કરનારને પકડવા માટે અભિયાન શરૂ કર્યું છે.

# હાઈ કોર્ટમાં બાર એસોસિએશનના પ્રમુખની શાબ્દિક ટપાટપી મુદ્દે સિનિયર વકીલો ચીફ જસ્ટીસને મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટમાં બાર એસોસિએશનના પ્રમુખ દ્વારા કરવામાં આવેલા અનાદર મુદ્દે નારાજગી વ્યક્ત કર્યા બાદ સિનિયર વકીલોએ ચીફ જસ્ટીસ સુનિલા અગ્રવાલ સાથે મુલાકાત કરી હતી. તેમણે કોર્ટની ગરીમા અને શિષ્ટાચાર જાળવી રાખવા બાબતે ભાર મૂક્યો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાત હાઇ કોર્ટના ચીફ જસ્ટીસ અને બાર એસોસિએશનના પ્રમુખ બ્રિજેશ ત્રિવેદી વચ્ચે ગત શુક્રવારે થયેલી શાબ્દિક ટપાટપી અને ત્યારબાદ ચીફ જસ્ટીસ દ્વારા એક આદેશ પસાર કરીને ત્રિવેદી બાર એસોસિએશનના પ્રમુખ જ નહિ પરંતુ રાજ્યની વડી અદાલતના વકીલ બનવાને પણ લાયક નથી તેવી નોંધ કર્યા બાદ ગુજરાત હાઇ કોર્ટના સિનિયર વકીલો સોમવારે કોર્ટ શરૂ થતા જ ચીફ જસ્ટીસની કોર્ટમાં દોડી આવ્યા હતા અને આવી ઘટના બીજી વખત ના બનવી જોઇએ તેવો મત વ્યક્ત કર્યો હતો. એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ કહ્યું હતું કે, બાર અને બેન્ચ વચ્ચે પરસ્પર સહયોગી વાતાવરણ, આદર અને સંકલન હોવું જોઈએ.આ મહાન સંસ્થાની ગરિમા અને શિષ્ટાચાર કોઈપણ કિંમતે જાળવી રાખવો જોઈએ. બીજું, મને નિષ્ઠાપૂર્વક લાગે છે કે કદાચ બધા મારી સાથે સંમત થાય. ન્યાયનું સંચાલન બદનામ થવાથી બચાવવું જોઈએ. ત્રીજું, મને લાગે છે કે બાર અને બેન્ચ વચ્ચે પરસ્પર સહયોગી વાતાવરણ, આદર અને સંકલન હોવું જોઈએ. મને નિષ્ઠાપૂર્વક લાગે છે કે વકીલોને કોર્ટ સાથે કે કોર્ટને વકીલ સાથે કોઇ બિનજરૂરી ટકરાવ હોવો જોઇએ નહીં. કદાચ આપણે એ વાતનું ધ્યાન રાખવાનો પ્રયાસ કરીએ કે આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય. આ મહાન સંસ્થાનો ઇતિહાસ ૬૦ વર્ષથી વધુ છે. ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલે જણાવ્યું હતું કે, તમે જે વાત કહી છે તે મારા માટે યથાર્થ છે. સંસ્થામાં ન્યાયાધીશોની જેટલી ભૂમિકા છે તેટલી જ ભૂમિકા વરિષ્ઠ વકીલોની કોર્ટના એક અધિકારી તરીકેની ભૂમિકા છે. એક ચિફ જસ્ટીસ તરીકે તેઓ તમામ અસુવિધાના કિસ્સામાં વકીલો અને ન્યાયાધીશો વચ્ચે ચર્ચા-વિચારણામાં દઢપણે વિશ્વાસ રાખે છે.

# ગુજરાત યુનિવર્સિટીમાં ૪.૦૯ કરોડની ઉચાપતના કેસમાં ક્રાઈમ બ્રાંચ ૬૦ નોલેજ પાર્ટનરની તપાસ કરશે

અમદાવાદઃ ગુજરાત યુનિવર્સિટીમાં એનિમેશન વિભાગના પ્રોફેસર કમલજીત લખતરિયા વિરુદ્ધ ૪.૦૯ કરોડની ઉચાપત મુદ્દે ક્રાઈમ બ્રાંચે ગુનો નોંધ્યો હતો અને તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસની તપાસમાં નોલેજ પાર્ટનરને કુલ આવકમાંથી ૭૦ ટકા રકમ આપવાની હતી પણ તપાસમાં તેનાથી વધુ રકમ અપાઈ હોવાનું ફલિત થતાં હવે ક્રાઈમ બ્રાંચ દ્વારા ૬૦ નોલેજ પાર્ટનરની તપાસ થશે અને જો વધુ પૈસા મેળવ્યા હશે તો તેમને આરોપી બનાવાશે. કમલજી લખતરિયાએ તપાસ દરમિયાન સ્વીકાર કર્યો હતો કે, શરત ચૂકથી પૈસા ટ્રાન્સફર કરી દીધા છે. જે પૈકી ૬૭.૩૨ લાખ ટુકડે-ટુકડે પરત જમા કરાવ્યા હતા. પરંતુ યુનિવર્સિટીને લેવાના ૩૦ ટકા લેખેના ૪.૦૯ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા ન હતા અને યુનિવર્સિટી સાથે વિશ્વાસઘાત કરીને નાણાની ઉચાપત કરી હતી. તેણે એવું પણ કબૂલ્યું હતું કે, ૪.૦૯ કરોડ રૂપિયાની ઉચાપતમાં તેણે પોતાના તથા સ્વજનોના ખાતામાં પૈસા ટ્રાન્સફર કર્યા હતા. આ ઉપરાંત નોલેજ પાર્ટનર કંપનીઓને ૭૦ ટકા રકમ આપવાની હતી, તે રકમ આપ્યા ઉપરાંત તેમને ગુજરાત યુનિવર્સિટીના હિસ્સાની ૩૦ ટકા રકમમાંથી પણ રકમ ચૂકવી હતી.

# અમદાવાદમાં સુભાષબ્રિજ આરટીઓમાં એઆઈ બેઝ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક તૈયાર કરવા સરકારે સૂચના આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની મોટાભાગની આરટીઓ કચેરીઓમાં હાલ સર્વર બેઝ ટેકનોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે. તેમાં પણ અનેક ખામીઓ વર્તાઈ રહી હોવાથી અરજદારોને મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ડ્રાઈવિંગ ટેસ્ટ માટેના ટ્રેક પર નવી ટેકનોલોજી સિસ્ટમ લગાવ્યા બાદ વારંવાર સેન્સર બંધ થઇ જવાની સમસ્યાથી પણ લોકો હેરાન થતાં હતાં તેનો હવે અંત આવશે. કારણ કે, અમદાવાદ સહિત રાજ્યની આરટીઓમાં એઆઈ બેઝ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક બનાવવામાં આવશે. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગાંધીનગર ખાતે બુધવારે યોજાયેલી એક બેઠક બાદ રોડ અને બિલ્ડિંગ વિભાગને અમદાવાદની સુભાષ બ્રિજ આરટીઓમાં નવો એઆઈ બેઝ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક ઉભો કરવા માટે અર્જન્ટ સૂચના આપવામાં આવી હતી. આ સૂચના આરટીઓમાં ડ્રાઈવિંગ ટેસ્ટની સુવિધાઓના ડેવલોપમેન્ટમાં સતત થઈ રહેલા વિલંબ બાદ આપવામાં આવી હતી. અમદાવાદમાં સુભાષબ્રિજ આરટીઓમાં ટ્રેકનું કામ ઝડપથી પૂર્ણ કરવા માટે ગાંધીનગરમાં ટ્રાન્સપોર્ટ ઓથોરિટીએ એક મહિનાની કડક સૂચના આપી હતી. રાજ્યભરની આરટીઓ કચેરીઓમાં અન્ય સુવિધાઓની જેમ હાલની સુવિધા પણ જૂની થઈ હોવાથી તેની સ્થિતિ પણ ખરાબ થઈ ગઈ હતી. જેના કારણે ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક પર અરજદારોને હેરાનગતિનો સામનો કરવો પડતો હતો. જેથી ટ્રાન્સપોર્ટ વિભાગને ઝડપથી એઆઈ બેઝ ટ્રેક સિસ્ટમ ઊભી કરવા સૂચના આપવામાં આવી હતી. સુભાષબ્રિજ આરટીઓમાં રેડિયો ફ્રિકવન્સી આઈડેન્ટિફિકેશન બેઝ ટેસ્ટ ટ્રેકના કારણે અરજદારો અને સ્ટાફ વચ્ચે વિવાદ ઊભા થઈ રહ્યાં છે. જેથી સરકાર દ્વારા બે કરોડના ખર્ચે સુભાષબ્રિજ આરટીઓમાં એઆઈ બેઝ ટેસ્ટ ટ્રેક સિસ્ટમ ઊભી કરવા માટે પ્રયાસો શરૂ કરવામાં આવ્યાં છે. ૨૦૨૪ના અંતમાં આ પ્રોજેક્ટ અમલી થવાનો હતો પણ તેમાં વિલંબ થયો હતો. રાજ્યમાં આ ટેસ્ટ ટ્રેક માટે ૭૮ કરોડનો ખર્ચો કરવા માટે સરકારે પ્રયાસો શરૂ કર્યા છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સંસ્થા સમાચાર

### ગાદીના ગોંડલ ગામે તરૂબાઈ મ.સ.ની સંયમ સુવર્ણજયંતીની ઉજવણી

### એકબીજાએ સહન કરવું, એક બીજાને અનુકૂળ થવું. એ પણ ભાવ સંયમ છેઃ ધીરગુરુદેવ



શ્રી ગોંડલ નવાગઢ સ્થાનકવાસી જૈન સંઘ, પુંજાણી પૌષધશાળા, સ્ટેશન પ્લોટના આંગણે સાધનાદેવી લલિતાબાઈ મ.સ.ના શિષ્યરત્ન તરૂબાઈ મ.સ.ની સંયમ સુવર્ણજયંતી પ્રસંગે વિવિધ ધર્માનુષ્ઠાન યોજાયેલ. તા. ૧૯ ને રવિવારે શ્રી ધીરગુરુદેવ પધારતા પંથકમુનિ મ.સા., મીનાજી મ.સ., જયશ્રીજી મ.સ. આદિનું મિલન થયેલ.

ધીરગુરુદેવે કહેલ કે - ક્યાંય પણ જમો પરંતુ એંઠું ન મૂકવું તેવો સંકલ્પ કરો. સંસારીનો સંયમ એટલે એકબીજાએ સહન કરવું અને એકબીજાને અનુકૂળ થવું. સંઘજમણના દાતા નીલેશ આઈ. ઢેડી તથા ભાયાણી પરિવાર, મહાવીર મહિલા મંડળ વગેરેનું સન્માન કરાયું હતું. મહાસતીજી શારીરિક કારણસર ગોંડલમાં બિરાજમાન છે. ગોંડલ સંઘની કમિટીએ કાંબલી અર્પણ કરી સંયમ જીવનની અનુમોદના કરેલ.

સંયમી જીવન બનાવવા ધર્મસભામાં ઘણાંએ પ્રતિજ્ઞા લીધેલ કે જેટલા વસ્ત્રો ઘરમાં હોય અને નવા લેવાના થાય તો તેટલા ડ્રેસ, સાડી વગેરે જૂનાનો ત્યાગ કરવો. વૈયાવચ્ચપ્રેમી હેમાલીબેન મ.સ.એ સંયમ શુભેચ્છામાં સૂર પુરાવ્યો હતો. આ પ્રસંગે ૫૧૦૦૦/- ગોંડલ પાંજરાપોળ, ૫૧૦૦૦/- નવાગઢ સંઘ, ૫૧૦૦૦/- મહાવીર મહિલા મંડળને એક સદ્ગૃહસ્થ તરફથી જાહેર કરાયા હતા. ગુરુદેવ રાજકોટ પધાર્યા છે. ૨૨ ફેબ્રુ. સુધી રાજકોટમાં બિરાજશે.

# વીકએન્ડમાં 'ધાંધિયા': પશ્ચિમ રેલવેમાં માહિમ-બાંદ્રા વચ્ચે 'મેજર નાઈટ બ્લોક'

### ૨૫૦થી વધુ લોકલ રદ રહેશે, મુંબઈ-ગુજરાતની ટ્રેનસેવાને પણ અસર થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આ અઠવાડિયાના અંતમાં પશ્ચિમ રેલવેમાં વિશેષ બ્લોકને કારણે લોકલ ટ્રેન સહિત લાંબા અંતરની મેલ-એક્સપ્રેસ ટ્રેનસેવાને અસર થશે. પશ્ચિમ રેલવેમાં માહિમ અને બાંદ્રા સ્ટેશનના પુલ નંબર ૨૦ એબેટમેન્ટને કારણે મેજર બ્લોકને લોકલ ટ્રેનો સહિત લાંબા અંતરની અમુક ટ્રેનો રદ રાખવામાં આવી છે, જ્યારે અમુક ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી છે. પશ્ચિમ રેલવે દ્વારા માહિમ અને બાંદ્રા સ્ટેશનની વચ્ચે બ્રિજના મહત્ત્વના કામકાજને ધ્યાનમાં રાખીને ૨૪/૨૫ જાન્યુઆરી ૨૦૨૫ રાતના ૧૧.૦૦ વાગ્યાથી સવારના ૮.૩૦ વાગ્યા સુધી અપ એન્ડ ડાઉન સ્લો લાઈન તથા રાતના ૧૨.૩૦ વાગ્યાથી સવારના ૬.૩૦ વાગ્યા સુધી ડાઉન ફાસ્ટ લાઈનમાં બ્લોક રહેશે. આ ઉપરાંત, અપ એન્ડ ડાઉન સ્લો લાઈનમાં શનિવારના રાતના ૧૧.૦૦ વાગ્યાથી સવારના સાડા આઠ વાગ્યા સુધી અપ એન્ડ ડાઉન સ્લો લાઈન તથા અપ ફાસ્ટ લાઈનમાં રાતના અગિયાર વાગ્યાથી સવારના સાડા સાત વાગ્યા સુધી બ્લોક રહેશે. પશ્ચિમ રેલવેએ કહ્યું હતું કે આ વખતના બ્લોકને કારણે ૨૫૦થી વધુ ટ્રેન રદ રહેશે, જ્યારે ૧૫૦થી વધુ લોકલ આંશિક રીતે રદ રહેવાથી વીકએન્ડમાં ટ્રાવેલ કરવાનું પ્રવાસીઓ માટે મુશ્કેલ બની શકે છે. બ્લોકને કારણે પ્રવાસીઓ નિયત શેડયૂલને ધ્યાનમાં રાખીને પ્રવાસ કરવાનું ફાયદાકારક બની શકે છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. સબર્બનમાં નાઈટ બ્લોકને કારણે ૨૫૦થી વધુ લોકલ રદ રહેશે

- શુક્રવારે રાતના ચર્ચગેટથી વિરાર જનારી લાસ્ટ લોકલ રાતના ૧૧.૫૮ વાગ્યાની રહેશે
- શુક્રવારે રાતના અગિયાર વાગ્યા પછી ચર્ચગેટથી રવાના થનારી તમામ સ્લો ટ્રેન મુંબઈ સેન્ટ્રલ અને સાંતાક્રુઝ વચ્ચે ફાસ્ટ લાઈનમાં દોડાવવામાં આવશે, જેથી મહાલક્ષ્મી, લોઅર પરેલ, માટુંગા રોડ અને ખાર સ્ટેશન પર હોલ્ટ રહેશે નહીં.
- એ જ રીતે શુક્રવારે રાતના અગિયાર વાગ્યા પછી વિરાર, ભાયંદર અને બોરીવલીથી ચર્ચગેટના ટ્રેનોને સ્લો કોરિડોરમાં સાંતાક્રુઝ અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચે ફાસ્ટ લાઈનમાં દોડાવાશે, જેથી ખાર રોડ, માહિમ, માટુંગા રોડ, પ્રભાદેવી, લોઅર પરેલ અને મહાલક્ષ્મી સ્ટેશનમાં હોલ્ટ મળશે નહીં. - બ્લોક વખતે ગોરેગાંવ અને બાંદ્રાથી મધ્ય રેલવેમાં હાર્બર લાઈનની ટ્રેનની સર્વિસ ઉપલબ્ધ રહેશે.

# મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડે એસએસસીનું પ્રવેશ કાર્ડ જાહેર કર્યું

મુંબઈઃ મહારાષ્ટ્ર બોર્ડની એસએસસીની પરીક્ષાની તારીખો જાહેર થઈ ચૂકી છે. આ પરીક્ષાઓ ૨૧ ફેબ્રુઆરીથી ૧૭ માર્ચ ૨૦૨૫ દરમિયાન લેવામાં આવશે. મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડ ઑફ સેકેન્ડરી એન્ડ હાયર સેકેન્ડરી એજ્યુકેશન, પુણેએ સોમવાર, ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ એસએસસીનું પ્રવેશ કાર્ડ જાહેર કર્યું છે. વિદ્યાર્થીઓ તેમની શાળા દ્વારા પ્રવેશ કાર્ડ મેળવી શકશે. શાળા વહીવટીતંત્રે સત્તાવાર વેબસાઇટ mahahsscboard.in પર લોગ-ઈન પાસવર્ડ દ્વારા પ્રવેશ કાર્ડ ડાઉનલોડ કરવાનું રહેશે. ત્યાર બાદ, વિદ્યાર્થીઓએ તેમની શાળા પાસેથી તેમનાં પ્રવેશ કાર્ડ મેળવવાનાં રહેશે.

શાળાઓને વિદ્યાર્થીઓ પાસેથી પ્રવેશ કાર્ડ ડાઉનલોડ કરવા માટે કોઈ વધારાની ફી વસૂલવાની મંજૂરી નથી. એકવાર પ્રવેશ કાર્ડ ડાઉનલોડ થઈ જાય પછી, શાળાઓએ તેની પ્રિન્ટ કરી અને તેના પર મુખ્ય શિક્ષક અથવા પ્રિન્સિપલનાં સહી અને સ્ટૅમ્પ કરવાનાં રહેશે.

મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડ ઑફ સેકેન્ડરી એન્ડ હાયર સેકેન્ડરી એજ્યુકેશને એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે 'જો વિદ્યાર્થીઓ તેમના પ્રવેશ કાર્ડમાં નામ, માતાનું નામ, જન્મ તારીખ અથવા જન્મ સ્થળ જેવી કોઈ પણ માહિતીમાં ફેરફાર કરવા માગતા હોય તો તેઓ ઑનલાઈન 'કરેક્શન એડમિશન કાર્ડ' લિંક પર જઈને કરી શકે છે. જે વિભાગીય બોર્ડ દ્વારા મંજૂર થયા બાદ, તેઓને સુધારેલા પ્રવેશ કાર્ડ મળશે. તદુપરાંત, શાળાઓએ વિષય અથવા માધ્યમમાં કોઈ પણ ફેરફાર માટે સીધા જ વિભાગીય બોર્ડનો સંપર્ક કરવો પડશે. આ પ્રક્રિયા માટે ફી લેવામાં આવશે.પરીક્ષા બે ભાગમાં લેવામાં આવશે. સવારના ભાગમાં ૧૧ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી, જ્યારે બપોરના ભાગમાં ૩ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી લેવામાં આવશે. જોકે કેટલાક વિષયોની પરીક્ષા સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી લેવામાં આવશે.

# મુંબઈમાં પ્લાસ્ટિક વિરુદ્ધની કાર્યવાહીમાં એક જ દિવસમાં ૨૯ કેસઃ સવા લાખ રૂપિયાનો દંડ વસૂલ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લોકસભા અને ત્યારબાદ વિધાનસભાની ચૂંટણીને કારણે પ્રતિબંધિત પ્લાસ્ટિક વિરુદ્ધની કાર્યવાહી જે અટવાઈ પડી હતી, તે મુંબઈમાં હવે ફરી શરૂ કરવામાં આવી હતી.

સોમવારે મુંબઈમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક વિરુદ્ધની કાર્યવાહી હેઠળ પહેલા જ દિવસે ૨૯ પ્રકરણમાં કુલ ૬૧.૫ કિલો પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું હતું ને સવા લાખ રૂપિયાથી વધુ દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર ભૂષણ ગગરાણીના માર્ગદર્શન હેઠળ પ્લાસ્ટિક વિરુદ્ધની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે,જે હેઠળ પાલિકાના શોપ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ, લાઈસન્સ એન્ડ માર્કેડ ડિપાર્ટમેન્ટના અધિકારી-કર્મચારીઓની ટીમ બનાવવામાં આવી છે. આ ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક અને થર્મોકોલ વસ્તુ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

પાલિકાના જણાવ્યા મુજબ પહેલી જાન્યુઆરી, ૨૦૨૫થી ૧૯ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીના સમયગાળામાં ૫,૭૮૩ એસ્ટાબ્લિશમેન્ટની મુલાકાત લેવામાં આવી હતી, તેમાં ૧૧૮ પ્રકરણમાં અત્યાર સુધી કુલ મળીને ૧૬૭ કિલો પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું છે. તો કુલ છ લાખ ૧૦ હજાર રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. તો સોમવારે, ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ના એક જ દિવસમાં ૧,૧૪૫ એસ્ટાબ્લિશમેન્ટની મુલાકાત લેવામાં આવી હતી, તેમાં ૨૯ કેસમાં કુલ ૬૧.૫ કિલો પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું છે. કુલ એક લાખ ૭૫ હજાર રૂપિયાનો દંડ પણ વસૂલ કરવામાં આવ્યો હતો.

પાલિકાએ ૨૦૨૪માં ૪૪,૪૪૮ એસ્ટાબ્લિશમેન્ટનું ઈન્સ્પેકશન કર્યું હતું અને ૨,૧૪૮ કિલોગ્રામ પ્લાસ્ટિક જપ્ત કર્યું હતું અને ૪૧.૭૦ લાખ રૂપિયાનો દંડ વસૂલ્યો હતો. પહેલી જાન્યુઆરીથી ૧૯ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીમાં ૫,૭૮૩ દુકાનોનું ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું અને ૧૬૭ કિલો પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું હતું અને ૬.૧૦ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

મહારાષ્ટ્ર સરકારના મહારાષ્ટ્ર પ્લાસ્ટિક અને થર્મોકોલ નિયમ, ૨૦૧૮ હેઠળ મુખ્યત્વે સિંગલ યૂઝ પ્લાસ્ટિક વસ્તુ ઉત્પાદન, ઉપયોગ, વેચાણ, સ્ટોક કરવા પર પ્રતિબંધ છે. તો મુંબઈ મહાનગરપાલિકાના નિયમ હેઠળ ઉત્પાદકો, સ્ટોક્સ્ટિ, સપ્લાયર દ્વારા પોલિસીનું ઉલ્લંઘન કરવા પર પહેલી વખત ગુના માટે ૫,૦૦૦ રૂપિયાથી લઈને ૨૫,૦૦૦ રૂપિયા સુધીનો દંડ અને વારંવાર ગુનો કરનારને કેદની સજા થઈ શકે છે.

# હત્યાના પ્રયાસના કેસમાં થાણે કોર્ટે બે આરોપીને નિર્દોષ જાહેર કર્યા

થાણેઃ મહારાષ્ટ્રના થાણે જિલ્લાની એક અદાલતે અપૂરતા પુરાવાને કારણે નવ વર્ષ પહેલાં એક વ્યક્તિ પર હુમલો કરીને ઘાયલ કરનાર બે આરોપીને નિર્દોષ જાહેર કર્યા છે. એડિશનલ સેશન્સ જજ અમિત એમ. શેટેએ ૨૦૧૫માં હત્યાના પ્રયાસના કેસમાં ઈમરાન અખ્તર સૈયદ અને અનંત જયરામ ભગતને નિર્દોષ છોડી મૂક્યા હતા. ૧૩ જાન્યુઆરીના આદેશની નકલ સોમવારે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

કેસની વિગતો મુજબ, ૩૧ ઑગસ્ટ, ૨૦૧૫ના રોજ કલવામાં પીડિત સંદીપ ગાડેકર પર પુરુષોના એક જૂથે હથિયારો વડે હુમલો કર્યો હતો. તેને માથા, ગરદન અને પેટમાં ગંભીર ઈજાઓ થઈ હતી અને તેને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. કલવા પોલીસે ભારતીય દંડ સંહિતા (આઈપીસી) કલમ ૧૪૩ (ગેરકાયદેસર સભા), ૧૪૭ (હુલ્લડો), ૧૪૮ (ઘાતક હથિયારોથી સજ્જ રમખાણો), ૩૦૭ (હત્યાનો પ્રયાસ) અને ૪૫૨ (હુમલો કરવા માટે ઘર પર દબાણ) હેઠળ કેસ નોંધ્યો હતો. કોર્ટે તેના આદેશમાં નોંધ્યું હતું કે પીડિતની જુબાનીમાં ગંભીર ભૂલો છે, જે પોલીસને આપેલાં તેનાં અગાઉનાં નિવેદનોથી એકદમ વિપરીત છે.

કોર્ટે પીડિત અને તેના પરિવારની ગુનાહિત પૃષ્ઠભૂમિની પણ નોંધ લીધી હતી. પીડિત ગુનાહિત પ્રવૃત્તિઓમાં સામેલ હોવાને કારણે તેને તડીપાર કરવામાં આવ્યો હતો.

ન્યાયાધીશ શેટેએ ચુકાદો આપ્યો હતો કે આરોપી સામેના પુરાવા અપરાધ સાબિત કરવા માટે અપૂરતા છે અને બાકીના ફરાર આરોપીઓને પકડવા અને અલગ ચાર્જશિટ દાખલ કરવા પોલીસને નિર્દેશ આપ્યો હતો.

# સ્થાનિક ચૂંટણીઓ અંગે એમવીએમાં મતભેદઃ ઉદ્ધવ ઠાકરે - શરદ પવાર મુલાકાત

મુંબઈઃ મહારાષ્ટ્રમાં આગામી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી લડવા અંગે વિપક્ષ મહા વિકાસ અઘાડી ગઠબંધનમાં પ્રવર્તતા મતભેદ સંદર્ભે શિવસેના (યુબીટી)ના નેતા ઉદ્ધવ ઠાકરેએ સોમવારે મુંબઈમાં એનસીપી (એસપી)ના અધ્યક્ષ શરદ પવાર સાથે મુલાકાત કરી હતી. દક્ષિણ મુંબઈના સિલ્વર ઓક ખાતેના ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાનના નિવાસસ્થાને ઠાકરેએ એક કલાકથી વધુ સમય ચર્ચા કરી હતી એમ પક્ષનાં સૂત્રોએ જણાવ્યું હતું.

વિપક્ષી ગઠબંધનના સૂત્રધાર પવારે એમવીએની અંદરના ખળભળાટને શાંત કરવા માટે પગલું ભર્યું છે. તાજેતરમાં તેમણે કહ્યું હતું કે આગામી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ લડવા અંગે ચર્ચા કરવા માટે ગઠબંધનના ત્રણ ઘટકોની બેઠક તેઓ બોલાવશે. શિવસેના (યુબીટી)એ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી એકલા હાથે લડવાની જાહેરાત કરી છે.

પવારે તાજેતરમાં જ ધ્યાન દોર્યું હતું કે કેન્દ્રમાં ભારત ગઠબંધન અને મહારાષ્ટ્રમાં એમવીએ રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે સાથે મળીને ચૂંટણી લડવાનો નિર્ણય લેવાયો હતો, સ્થાનિક સ્તરે નહીં. (પીટીઆઈ)

# છત્રપતિ સંભાજીનગરમાં ગેરકાયદેસર બાંગ્લાદેશીઓને શોધી કાઢવા માટે સર્વે હાથ ધરાશે

છત્રપતિ સંભાજીનગરઃ મહારાષ્ટ્રના પ્રધાન સંજય શિરસાટે સોમવારે જણાવ્યું હતું કે છત્રપતિ સંભાજીનગરમાં ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોને શોધી કાઢવા માટે જિલ્લા, નાગરિક સત્તાવાળાઓ અને પોલીસની મદદથી એક સર્વે હાથ ધરવામાં આવશે. અહીં પત્રકારો સાથે વાત કરતા જિલ્લાના પાલક મંત્રી શિરસાટે જણાવ્યું હતું કે સત્તાવાળાઓ ગેરકાયદેસર રીતે આધાર કાર્ડ, મતદાર આઈડી અને અન્ય દસ્તાવેજો મેળવનાર બાંગ્લાદેશીઓને શોધી કાઢશે અને તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. તેમણે કહ્યું કે, આવતા અઠવાડિયે પોલીસ કમિશનર, પોલીસ અધિક્ષક, મ્યુનિસિપલ કમિશનર અને જિલ્લા કલેક્ટર સાથે બેઠક યોજવામાં આવશે અને આવા (બાંગ્લાદેશી) નાગરિકોને શોધવા માટે એક સર્વે હાથ ધરવામાં આવશે.

# મહારાષ્ટ્રમાં સાંપ્રદાયિક વિખવાદ ઊભો કરવાના પ્રયાસો એનસીપી નહીં ચલાવી લેઃ અજિત પવાર

જાલનાઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે સોમવારે કહ્યું હતું કે એનસીપી બિનસાંપ્રદાયિક રાજકારણ માટે પ્રતિબદ્ધ છે અને રાજ્યમાં ધાર્મિક નફરત ફેલાવવાના પ્રયાસોને મંજૂરી નહીં આપે. તેમના નેતૃત્વમાં એનસીપી પક્ષમાં કલંકિત વ્યક્તિઓની નિમણૂક નહીં કરે.જાલનામાં એનસીપીના જિલ્લા કાર્યાલયનું ઉદ્ઘાટન કર્યા બાદ અજિત પવારે કહ્યું હતું કે 'મહારાષ્ટ્ર હંમેશા પ્રગતિશીલ વિચાર અને સામાજિક સંવાદિતાનું સમર્થન કરે છે. એનસીપી એકતા અને બિનસાંપ્રદાયિકતાનું સમર્થન કરે છે. વિવિધ સમુદાયોમાં નફરતનાં બીજ રોપનારાઓ અને વિભાજનનું રાજકારણ કરનારાઓને અમે નહીં સાંખી લઈએ.'

એનસીપી બદનામ અને કલંકિત વ્યક્તિને પક્ષમાં પ્રવેશ નહીં આપે એમ જણાવી તેમણે ઉમેર્યું હતું કે 'હું પક્ષના સભ્યોને વિનંતી કરું છું કે પક્ષમાં કલંકિત વ્યક્તિને સ્થાન ન આપે.' પવારે માઝી લાડકી બહિણ યોજનાના અપાત્ર મહિલા લાભાર્થીઓને સ્વેચ્છાએ નીકળી જવાની વિનંતી કરી હતી, કારણ કે આ યોજના આર્થિક રીતે વંચિત મહિલાઓ માટે બનાવવામાં આવી છે.

# દાવોસમાં બાળકે મરાઠી ગૌરવ ગીત ગાઈને ફડણવીસનું કર્યું સ્વાગત

દાવોસઃ દાવોસમાં આયોજિત વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં ભાગ લેવા માટે મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સ્વિત્ઝરલેન્ડની મુલાકાતે છે. આ પ્રસંગે ફડણવીસે મહારાષ્ટ્ર મંડળના એક કાર્યક્રમમાં પણ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં એક નાના બાળકે ''હું ફરી આવીશ, હું ફરી આવીશ, એમ તમે કહ્યુ હતુ અને તમે ખરેખર ફરી આવ્યા, મને ખૂબ જ સારું લાગ્યું'' કહીને મુખ્યપ્રધાનનું દિલ જીતી લીધું હતું. આ બાળકે મરાઠી ગૌરવ ગીત સાથે ફડણવીસનું સ્વિત્ઝર્લેન્ડમાં સ્વાગત કર્યું હતું. ''માનનીય પ્રિય દેવેન્દ્ર ફડણવીસ કાકા, તમારા માટે મારા તરફથી એક નાનકડી ભેટ,'' કહીને બાળકે ફડણવીસને એક ગ્રીટિંગ કાર્ડ આપ્યું. તમે કહ્યું હતું કે હું ફરી આવીશ અને ખરેખર પાછા આવ્યા મને ખૂબ આનંદ થયો.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધનબાદ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. નવીનચંદ્ર ધીરજલાલ શાહના ધર્મપત્ની સરોજબેન શાહ (ઉં. વ. ૮૯) ગુરૂવાર તા. ૧૬-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે કેતનભાઇ, સ્મિતાબેન, અમિતાબેન અને અર્પિતાબેનના માતુશ્રી. શ્વેતાબેન શાહ, દિપકભાઇ પારેખ, સ્વ. પિંકલભાઇ શાહ અને હરેશભાઇ શાહના સાસુ. સ્વ. છગનલાલ લીલાધર દોશી અને સ્વ. કાન્તાબેન છગનલાલ દોશીના સુપુત્રી. યશ્વી, માહીના દાદી. વિશ્રુત, અદિતિ, માનિની, અર્જુન, કુશ, હર્યક્ષના નાની. મંગળવાર, તા. ૨૧-૧-૨૫ના સવારે ૧૦થી ૧૧.૩૦. જાપ સાધના રાખેલ છે. ઠે. ત્રિધા હોલ, ઘાટકોપર -પૂર્વ.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ગઢડા નિવાસી હાલ કાંદિવલી વિનોદભાઇ ભાયાણી (ઉં. વ. ૭૭) તા. ૧૯-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રંભાબેન નારણદાસ ભાયાણીના પુત્ર. સ્વ. વસંતબેન અમૃતલાલ મહેતાના જમાઇ. ભાવનાબેનના પતિ. તે સ્વ. જયંતીભાઇ, સ્વ. મહાસુખભાઇ, સ્વ. વસંતબેન, સ્વ. સવિતાબેન અને લીલમબેનના ભાઇ. સ્વ. વિરલભાઇ અને તુષારભાઇના પિતા. કેતકીબેનના સસરા. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૩-૧-૨૫ના બપોરના ૩થી ૫. ઠે. ૩જે માળે, સ્થાનકવાસી જૈન મોટો ઉપાશ્રય, એસ. વી. રોડ, પારેખ ગલ્લીની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ).

**પાટણ જૈન**

ફોફલીયાવાડો વખતજીની શેરી હાલ મુંબઈ સ્વ. સુભદ્રાબેન નેમચંદ શાહના સુપુત્ર વિનોદભાઈ (ઉં.વ. ૮૨) તા. ૨૦-૧-૨૫ના અવસાન થયેલું છે. તે રેખાબેન (રમી)ના પતિ. પ્રેમિલા સતીષભાઈના ભાઈ. સ્વ. કુસુમબેન ચીમનલાલ શાહના જમાઈ. મેઘના-જિનેશભાઈ ચોકસી તથા ચિરાગ-ચૈતાલીના મામા. તેજશીબેન, સ્વ. પ્રવીણભાઈ, સ્વ. ભદ્રિકાબેન, બિપિનભાઈના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે. ઠેકાણુંઃ ૫૦૪, દિવ્યલોક, એલ.ડી. રૂપારેલ માર્ગ, મુંબઈ-૬.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

ગોપાલગ્રામ ઢસા નિવાસી હાલ મલાડ સ્વ.નર્મદાબેન ન્યાલચંદ ઝાટકીયાના પુત્ર સુશીલભાઈ (ઉં. વ. ૮૪) તે કૈલાશબેનના પતિ. મીનલ જયેશ ટોલીયા, કોમલ બિદેશ ઘેલાણીના પિતા. સ્વ.હંસાબેન ચંદ્રકાંતભાઈ સંઘરાજકા, સ્વ.અરૂબેન કનકભાઈ દેસાઈ, હર્ષાબેન બિપીનભાઈ શાહ, સ્વ.ગીતાબેન નિપુલભાઈ ઓઝાના ભાઈ, ગઢાળી નિવાસી સ્વ.મણિલાલ કાંજીભાઈ મહેતલીયાના જમાઈ. ૧૯/૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ટાણા નિવાસી હાલ સાયન અભેચંદ બેચરદાસ શાહના સુપુત્ર ભોગીલાલભાઈ (ઉં. વ. ૮૬) તા.૧૯-૦૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.મૃદુલાબેનના પતિશ્રી. વિપુલ - પ્રીતિ, ઇલા (આરતી) - અનીલકુમાર, નયના - સંદીપ કુમાર, નીપા - હિનેશ કુમારના પિતાશ્રી. સ્વ.વૃજલાલભાઈ,સ્વ.રમણીકભાઈ, સ્વ.હીરાલાલભાઈ, ચીમનભાઈ અશોકભાઈ, સ્વ.મધુબેન સ્વ.ઇન્દુબેન, સ્વ. મંજુબેનના ભાઈ. નેમચંદ કમળશી દોશી ખૂટવડા વાળાના જમાઈ, રાહિલ, ધ્રુવિન, સુકેતુ, રિદ્ધિ કુશલ, સાક્ષી, ક્રિશના દાદાશ્રી. સાદડી ૨૧.૧.૨૦૨૫ના મંગળવારે ૩ થી ૭. ઠે.૧૨, પાર્વતી એપાર્ટમેન્ટ રોડ ૧૫, ૨જે માળે, સાયન વેસ્ટ સાયન બસ ડેપોની નજીક. ત્વચાનું દાન કરેલ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી /મુંબઈ નિવાસી હાલ ચેન્નઈ અ.સૌ. રંજનબેન (ઉં. વ. ૮૮) તે સ્વ. કાન્તાબેન શંકરભાઇ મહેતાના પુત્રવધુ વિનોદભાઈના ધર્મપત્ની, ડો.શીતલ, નેહલના માતુશ્રી. સ્વ.ડો.સુરેશના સાસુ, ડો.સિદ્ધાર્થ અને ચિ.અદરીતના નાની. પિયરપક્ષે જૂનાગઢ નિવાસી સ્વ.શારદાબેન જયંતીલાલ શાહની સુપુત્રી. ૧૮-૦૧-૨૫ શનિવારના અરિહંતશરણ પામેલ છે. લોકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**રાધનપુર દેરાવાસી જૈન**

રાધનપુર નિવાસી હાલ મુંબઈ સતીષભાઈ બચુભાઈ પારી (ઉં. વ.૭૬) રવિવાર તા.૧૯-૧-૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે શીતલબેનના પતિ, રીકીત, સાહિલના પિતાશ્રી. કરણ, કિંજલના સસરા, પાર્શ્વના દાદા, સ્વ. પ્રદિપભાઈ, સ્વ. ઉર્વશીબેન નવીનચંદ્ર શાહ, ભારતીબેન નાનુભાઈ શાહ, મીનાક્ષીબેન રમેશચંદ્ર ગાંધી, સ્વ. પલ્લવીબેન શૈલેશભાઈ માસાલીયાના ભાઈ. નગીનદાસ જેસંગભાઈ દોશીના જમાઈ, પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગુંદાલાના ભાણબાઇ રવજી પાસુ દેઢીયાના સુપુત્રી તેજબાઇ (શીલા) મગનલાલ પોપટ (ઉં. વ. ૮૨) તા. ૧૮-૧-૨૫ના અવસાન પામેલ છે. મગનલાલના ધર્મપત્ની. જુનાગઢના મણીબેન મથુરાદાસ પોપટના પુત્રવધૂ. મયુરી, જેસીકાના માતુશ્રી. ગુંદાલાના પ્રેમજી, હીરજી, જગશી, સમાઘોઘાના રતનબેન રામજી, લાખાપુરના રેવંતીબેન દામજી, મોટા આસંબીયાના લીલાવંતી ધીરજના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. ફોન સંપર્ક રૂબરૂ તુલ્ય. ઠે. કીશોરભાઇ દાવડા, સી/૩૦૨, દિવ્ય સૃષ્ટી, ગૌરવ ગાર્ડન કોમ્પલેક્ષ, બંદર પખાડી રોડ, કાંદીવલી (વે.).

કપાયાના પ્રેમજી ઉમરશી મામણીયા (ઉં. વ. ૮૬) તા. ૧૪-૧-૨૫ના દેશમાં અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી સોનબાઇ ઉમરશી લખધીરના પુત્ર. ભારતીના પતિ. સરલાના પિતા. ભાણબાઇ લખમશી, શાંતીલાલ, સં.પ.પૂ. નવિન મુનિના ભાઇ. લાખાપુર વેલબાઇ લધુભાઇના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા. સં.કરસન લધુ નિસર હોલ, દાદર. ૨ થી ૩.૩૦. નિ. ભારતી મામણીયા, એ-૧૦૪, પહેલે માળે, હરેકૃષ્ણ સો., માનપાડા રોડ, ડોંબીવલી (ઇ.) ૪૨૧૨૦૧.

બિદડાના શ્રી મુલચંદ ગડા (ઉં. વ. ૮૨) તા. ૧૯-૧-૨૫ ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન નાથાલાલના સુપુત્ર. જયવંતીના પતિ. મનીષ, દીપકના પિતા. નવીનચંદ્ર, અરવિંદના ભાઇ. મણીબેન તલકશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. દીપક ગડા, બ્લોક નં. ૪, નિશાંત ભવન, પ્લોટ નં. ૧૫૦, ગરોડીયા સ્કુલની બાજુમાં, ઘાટકોપર (ઈ), મું. ૭૭.

પ્રાગપુરના વિમળાબેન વસનજી સાવલા (ઉં. વ. ૮૬) તા.૧૯-૧-૨૫ ના ટુંકી માંદગીથી અવસાન પામેલ છે. લાછબાઈ મેઘજી વજપારના પુત્રવધુ. વસનજીના ધર્મપત્ની. કપાયા ભચીબાઈ વસનજી શીવજી છેડાના સુપુત્રી. મંગલ, દુર્ગાબાઈ, નેમજી, મહેન્દ્રના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ચંચળબેન હરીલાલ સાવલા. ૫, સુંદરભુવન (અજીતબાગ), લક્ષ્મીનારાયણ લેન, કાંદિવલી (વેસ્ટ).

ગોધરાના મુલવંતી મુલચંદ છેડા (ઉં. વ. ૭૮)તા. ૧૮-૧-૨૫ના અરિહંત શરણ પામેલ છે. વિજયાબેન પ્રેમજીના પુત્રવધુ. મુલચંદના પત્ની. નૈલેશ, દિપીકા, પ્રીતિ, નિખીલના માતા. કોડાયના મઠાંબાઈ ખીમજી મેઘજી સાવલાના પુત્રી. મુલચંદ, જયંત, ભુજપુર મધુ શીવજી, કોડાય રસીક પ્રેમચંદ, બિદડા વિમળા વિશનજીના બેન. પ્રા. યોગી સભાગૃહ દાદર (સે.રે.). ટા.૩.૩૦ થી ૫. નિ.નિખીલ છેડા. ૨૫૭/૧૦, ૧૧, ચંપા નિવાસ, રોડ નં.૧૯, વડાલા (વે), ચક્ષુદાન અને ત્વચાદાન કરેલ છે.

## હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

ઠા. સ્વ. મંજુલાબેન દામજી હીરજી સોનાઘેલા ગામ કોઠારા અરવિંદ ભાઇના ધર્મપત્ની અ. સૌ. રેખાબેન (ઉં. વ. ૫૧) રામશરણ પામેલ છે. કોમલ જય કટારીયા, રવીના, ધવલના માતુશ્રી. હીના હરેશ સોનાઘેલાના દેરાણી. દક્ષા ભરત સોનાઘેલાના જેઠાણી. લતાબેન રવિલાલ કટારીના ભાભી. લક્ષ્મીબેન વેલજીભાઇ શંભુરામ ઘટ્ટા ગામ (લાખાપર) ના સુપુત્રી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૧-૧-૨૫ મંગળવારના ૫થી ૬.૩૦. ઠે. કચ્છી લોહાણા મહાજન વાડી, પવાણી હોલ, આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

મૂળ કચ્છના હાલ મુંબઇ રમાબેન (બબી) ઠક્કર (જોબનપુત્રા) તા. ૧૮-૧-૨૫ના શનિવારે અવસાન થયું છે. તે સ્વ. લક્ષ્મીબેન અને સ્વ. દેવચંદ મોતીરામ ઠક્કર (જોબનપુત્રા)ના પુત્રી. જયોતી રૂપારેલ (જસી), અનુરાધા (અનુ) સચદે અને સ્વ. કિરીટ ઠક્કરના બેન. સ્વ. જિતેન્દ્ર રૂપારેલ અને રમેશ સચદેના સાળી. સ્વ. આશિષ રૂપારેલ, અમીત સચદે, હંસા અમીત મહેતા, દેવાંગ સચદે અને પ્રિતી કૃણાલ મહેતાના માસી. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મુળગામ લુસાણા (જૂનાગઢ) હાલ કાંદિવલી ગં. સ્વ. શીલાબેન પોપટ (ઉં. વ. ૮૨) તે તા. ૧૮-૧-૨૫ના શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મગનલાલ મથુરાદાસ પોપટના ધર્મપત્ની. મયુરીબેન કિશોરભાઇ દાવડા, જેસીકા દર્શકભાઇ ત્રિવેદીના માતુશ્રી. સ્નેહલ, અંક્તિ, રુચિ, હેતસ્વી, ફોરમ, અંશના નાની. બાબાભાઇ, વિનુભાઇ, નીતિનભાઇ, જયેશભાઇ, કેતનભાઇ, નિમેશભાઇના કાકી. પિયરપક્ષે ભાણબાઇ રવજીભાઇ દેઢિયાની પુત્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટીયા**

પ્રીતી ભાટીયા (ઉં. વ. ૬૫) તે સ્વ. હેમંત મૂલસિંહ ભાટીયાના પત્ની. હેતાની માતા. સ્વ. મુળરાજ મરચંટ તથા સ્વ. રજની, સ્વ. તારા ઠક્કર, સ્વ. શાંતુ કરસનદાસ ભાટીયા તથા ગં. સ્વ. ઉષા ભાટીયાની પુત્રવધૂ. હેમંત મરચંટ તથા નીલા ભાટીયાની બહેન. તા. ૧૯-૧-૨૫ના રવિવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગં.સ્વ. ભગવતીબેન તન્ના (ઉં.વ. ૮૩) તે સ્વ. ભચીમા- મોતીરામ ગોવાલજી તન્નાનાં પુત્રવધૂ. સ્વ. ભાણજી મોતીરામ તન્નાનાં પત્ની. સ્વ. દામજી પરષોત્તમ, ગં.સ્વ. કસ્તુરીબેન ટોપણદાસ, ગં.સ્વ. કાંતાબેન કાકુભાઈ, ગં.સ્વ. સાવિત્રીબેન વિશનજીનાં બહેન. હરેશ (અંજના), મંગલ, જયશ્રી ડોરોટ ચંદારાણા, જ્યોત્સના પંકજ, લતા પ્રકાશ, હીરા યોગેશ, વિજયા પ્રકાશનાં માતુશ્રી. ભાવિન તન્ના, શ્વેતા સોમિલનાં દાદીમા. ગામ લક્ષ્મીપુર નેત્રા (હાલ મુલુંડ) તે તા. ૧૯-૧-૨૫ને રવિવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા બુધવાર, તા. ૨૨-૧-૨૫ના ૫.૩૦થી ૭. કચ્છી લોહાણા મહાજનવાડી, પવાણી હોલ, આર.આર.ટી. રોડ, મુલુંડ (વે), મધ્યે રાખેલ છે. બૈરાઓએ તેજ દિવસે આવી જવું. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ ભાટિયા**

સ્વ. દેવેન્દ્ર સંપટ (ઉં.વ. ૭૦) તે સ્વ. હરીદાસ વલ્લભદાસ સંપટ તથા ગં.સ્વ. હંસાબેન સંપટના પુત્ર તે હર્ષા દેવેન્દ્રના પતિ. બ્રિજેસના પિતા. અશોક જીતેન્દ્ર, જ્યોત્સનાના ભાઈ.તા. ૯-૧-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેમની સાદડી તા. ૨૧-૧-૨૫ના રોજ ૪.૦૦થી ૫.૩૦. સી ૪૦૩, પંકજ બિલ્ડિંગ, શંકરલેન, કાંદિવલી (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**ઈડર ઔદીચ્ય પિસ્તાલીસ જ્ઞાતિ**

ગામ બ્રહ્મપુરી હાલ નાલાસોપારા ગં.સ્વ.જયાબેન ભાનુપ્રસાદ જાની (ઉં. વ. ૮૭) તા.૧૭/૧/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે નલિન, દીપક અને જયશ્રીના માતુશ્રી. પૂર્ણિમા, સ્વ.રૂપાબેન અને શરદકુમાર જોષીના સાસુ. સ્વ.મણીબેન શંકરલાલ જાનીના દેરાણી, સ્વ.મિરાતબેન ડાહ્યાલાલ ભટ્ટ (બડોલી) ની દીકરી. સુશીલાબેન, સ્વ.અનસૂયાબેન અને જગદીશભાઈના બહેન. ડૉ.હસુબેનની નણંદ. લૌકિક વ્યવહાર અને સાદડી પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા પ્રાર્થના સભા**

સ્વ. માધવજી ગોવર્ધનદાસ ઠક્કર (ધીરાઈ) અને ગ.સ્વ. રશ્મીબેન કચ્છ ગામ નારાયણ સરોવર હાલે તપોવન નાસિક (શાપુરવાળા)ના સુપુત્ર ગૌરાંગ (ઉં. વ. ૭૪) તે સ્વ. પુરષોત્તમ જેઠમલ પલણના જમાઈ, શ્રીમતી ધર્મિષ્ઠાબેનના પતિ. હેમાંગ, અ.સૌ.શ્વેતા રસેશ ઠક્કરના ભાઈ. હર્ષ, અ.સૌ.અવની વિનોદ કેનેના પિતાશ્રી, અ.સૌ.મધુરાના સસરા, તા.૧૯/૦૧/૨૦૨૫ના શ્રીરામચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર તા.૨૧-૦૧-૨૦૨૫ના ૪ થી ૫.૩૦. શ્રી જલારામ ભવન, કેવડીવન, તપોવન, નાશિક. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા સોરઠિયા વણિક**

બાલાગામ નિવાસી હાલ કાંદિવલી વાસંતીબેન શાહ (ઉં. વ. ૭૭) તેઓ નાથાભાઈ જીવાભાઈના પુત્રી. સ્વ.જસવંતરાય શાહના ધર્મપત્ની, મનીષભાઈ, જીજ્ઞાબેન અને માનસીબેનના મમ્મી, મેહુલભાઈ મહેતા, પ્રફુલભાઈ શાહના સાસુ. સ્વ.મનસુખભાઇ, સ્વ.ધીરજબેન, સ્વ.સવિતાબહેન, પુરુષોત્તમભાઈ, હિમતભાઈ, મંજુલાબેનના બહેન, સ્વ.જીતુભાઈ, નવીનભાઈ, સ્વ.દમીબેન, સાધનાબેન, કુંજલતાબેન, તારાબેનના ભાભી, તા.૧૯-૦૧-૨૦૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકીક પ્રાથા બંધ છે.

**પાંચાલ સુથાર**

વલસાડના ડૉ.ધનંજય પાંચાલ હાલ મુંબઈ, ૧૯મી જાન્યુઆરીએ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ.ઈચ્છારામ અને સ્વ.હેમાબહેનના પુત્ર. ઈન્દુલાના પતિ. સ્વ.પુરુષોત્તમ અને સ્વ.પ્રમિલા કાવડિયાના જમાઈ. નેહા અને અનુજના પિતા. હેમંત અને સ્વ.નયનાના ભાઈ. પ્રાર્થનાસભા રાખી નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

ફડસર નિવાસી હાલ મુંબઈ સ્વ.જમનાદાસ (ધીરૂભાઈ) દયાલજી સોમૈયાના ધર્મપત્ની હંસાબેન (ઉ.વ.૮૬) તે રીટાબેન રમેશ અમલાની, મીનાબેન પંકજ મજિઠીયા, શીતલ (ભાવના) સ્નેહલ ઠક્કર, જાગૃતિબેન નિલેશ સૂચક, સ્વ.પ્રદિપના માતુશ્રી. સ્વ.મોહનલાલ વિશ્રામ જસાણીના દિકરી. દક્ષાબેન કિરીટભાઈ સંઘવીના દેરાણી, તા.૧૬-૦૧-૨૦૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લોકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટિયા**

વિજય શ્રોફ (ઉં. વ. ૮૫) અમેરિકા નિવાસી તે સ્વ.દેવકન્યાબેન અને સ્વ.દેવીદાસ શ્રોફના પુત્ર. શૈલા શ્રોફના પતિ. સ્વ.યશવંત કેશવપ્રભુના જમાઈ, જય, મનીષા નિશાદ ચિખલીકર, મીતા મનોજ જૈન અને મંજુ ઓડલેન્ડના પિતા, સ્વ.ઉદય, હસંત, સ્વ.પ્રમોદ, મહેશ, અંજના સુરેન્દ્ર ભીમાણી, કિશોરી જયરાજ ઘેમાણી અને પલવી ભગવાનદાસ કાપડિયાના ભાઈ. નિખિલ, કિરણ, સિયાના અને સુહાનના નાના, તા.૧૫/૧/૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

હોશંગ ખોદામોરાદ ખોશરાવી તે કેટાયુન હોશંગ ખોશરાવીના ધણી. તે મરહુમો હોમાયુન તથા ખોદામોરાદ ખોશરાવીના દીકરા. તે મેહેરઝાદ ને મેહેરનાઝ ખોશરાવીના પપ્પા. તે કોમલ ખોશરાવી ને જહાંબક્ષ કોલાના સસરાજી. તે પરવેઝ તથા મરહુમ મીનોચેર ખોશરાવીના ભાઇ. તે બીનાઇફર ખોશરાવી, શીરીન કોલા, અનાઇશા કોલા ને કયાન કોલાના ગ્રેન્ડ ફાધર. (ઉં. વ. ૭૭) રે. ઠે. ઝૈનાબ મંઝીલ, ૧લે માળે, રાજા રામ મોહનરાય રોડ, કામા બાગ, પ્રાર્થનાસમાજ, મુંબઇ-૪૦૦૦૦૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૧-૧-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની બેનેટ બંગલી નં-૬માં.

નીના મીનું સરકારી તે મીનું એન સરકારીના ધણિયાની, તે મરહૂમો ખરશેદબાનુ તથા શાવકશા તવડિયાના દીકરી. તે મેહરોઝ એફ. ગારડીનના મમ્મી. તે ફીરદોશ એસ. ગારડીનના સાસુજી. તે સરોશ તથા મરહૂમો જહાંબક્ષ, બખ્તિયાર ને જીમીના બહેન. તે ડૉ. મેહેરનોશ ને ફરઝીન ના મમયજી. (ઉં.વ. ૮૨) રે.ઠેઃ ૩૦૧, ૩જે માળે, વેસ્ટન કોર્ટ, ૭૯૦ જામે જમશેદ રોડ, દાદર (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૨-૧-૨૦૨૫ને બપોરે ૩.૪૫ વાગે ભાયખલા મધે મેવાવાલા અગ્યારીમાં.

કેટી મેહેરવાનજી ઘડિયાલી તે મરહૂમો ઓસ્તી દીનામાય તથા એરવદ મેહેરજીભાઈના દીકરી. તે મરહૂમો ફ્રેની ને ડોલીના બહેન. (ઉં.વ. ૮૫) રે.ઠેઃ ફ્લેટ નં-૧૨, ૨જે માળે, કાશીનાથ બિલ્ડિંગ નં. ૨, તારદેવ રોડ, કાશીનાથ સ્ટ્રીટ મુંબઈ-૪૦૦૦૩૪.

| | | |
|---|---|---|
| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |

તન-મન-ધનથી રહો
# તરોતાજા




# આ આયુએ હવે કેવી હોવી જોઈએ ખાણી-પીણીની ટેવ?

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

'મેં આખી જિંદગી સ્વાદિષ્ટ ખોરાકનો આનંદ માણ્યો છે. હવે સ્વાદના શોખ ઘણા થઈ ગયા. મેં જે ખાધું તેનાથી મને સંતોષ થઈ ગયો છે.'

'હવે મારે ક્યાં વધારે વર્ષ જીવવાનું છે? સ્વાદના શોખ પૂરા કરવા દો!'

ઉપરોક્ત આ બન્ને નિવેદન વ્યક્તિની માનસિકતા વ્યક્ત કરે છે. આ પ્રકરણનો મુદ્દો વરિષ્ઠ નાગરિકોએ શું ખાવું જોઈએ અને શું ન ખાવું જોઈએ તેની ચર્ચા કરવાનો નથી.

ખરું પૂછો તો, બધાને લાગુ પડે એવો કોઈ ચોક્કસ ખોરાક હોઈ શકે નહીં. દરેકના શરીરનું બંધારણ અને જરૂરિયાતો અલગ અલગ હોય છે. વળી, દરેક વ્યક્તિનો ઉછેર, હવામાન, ખોરાકની ઉપલબ્ધતા વગેરે પરિબળોના આધારે ખાણી-પીણી નક્કી થાય છે.

મોટી ઉંમરે એ સવાલ અગત્યનો છે કે તમને સ્વાદિષ્ટ ખાવાનું ગમે છે કે પછી સ્વાદના ચટાકા કરવા જોઈએ જ છે. સ્વાદિષ્ટ ખાવાનું મળે અને તેનો આનંદ લેવો એક વાત છે અને શરીરને નુકસાન થાય તેની પરવા કર્યા વગર સ્વાદના શોખ પૂરા કરવા એ સાવ જુદી વાત છે.

જેમને જીભના ચટાકા વહાલા હોય એવા અનેક માણસો આપણને જોવા મળે છે. દાખલા તરીકે મહેન્દ્રભાઈ. એમણે રોજ કોલેસ્ટરોલ અને ડાયાબિટીસની દવા લેવી પડે છે. દવા લે ત્યાર સુધી એમની આ બન્ને તકલીફ નિયંત્રણમાં રહે છે. આમ છતાં એમને ચટાકેદાર ભોજન વગર ચાલતું નથી. જે માણસને તંદુરસ્ત રહેવા માટે દવા લીધાં વગર ચાલતું નથી, એ માણસ જો બીમારી માટે કારણભૂત ખોરાક લેવાનું બંધ કરી ન શકે તો એમને આ સ્વાદની લત છે એવું જ કહેવું પડે. આ જ મહેન્દ્રભાઈના મિત્ર શિશિરભાઈ છે. ૭૦ વર્ષની ઉંમરે એ સંપૂર્ણ ચુસ્તી-સ્ફૂર્તિ ધરાવે છે.

એમને ફક્ત વિટામિનની ગોળીઓ આપવામાં આવી છે. એ સિવાય એમણે ક્યારેય કોઈ દવા લેવાની જરૂર પડતી નથી. અત્યાર સુધીના એમના બધા મેડિકલ રિપોર્ટ પણ નોર્મલ આવ્યા છે. એ મસ્ત-મોજીલા માણસ છે. ક્યારેક એ પણ તળેલો અને મસાલેદાર ખોરાક લઈ લે છે. વળી, એમને મીઠાઈ પણ પ્રિય છે. આમ છતાં, એ આ બન્ને પ્રકારનો ખોરાક મર્યાદામાં લે છે. એમને સ્વાદિષ્ટ ખાણી-પીણી ગમે છે એમ કહી શકાય, પણ એમને તેની લત છે એમ ન કહેવાય.

કોઈકે ખાણી-પીણીની વિવિધ આદત પરથી માણસનું યોગી-ભોગી ને રોગી એમ ત્રણ શ્રેણીમાં વર્ગીકરણ કર્યું છે. પોતે કઈ શ્રેણીમાં આવે છે એ દરેકે જાતે જ નક્કી કરવાનું હોય છે. તમારી આદતોને લીધે ફક્ત તમને જ નહીં, તમારા પરિવારજનોને પણ તકલીફ થતી હોય છે. જો જાડો-સ્થૂળ માણસ માંદો પડે તો એને પથારીમાં ઉઠાડવા-બેસાડવાનું કે વ્હીલચેરમાં ફેરવવાનું અઘરું પડે છે.

કૉર્પોરેટ વિશ્વમાં રહી ચૂકેલા નિવૃત્ત આર. વેંકટે એક વખત મને અર્થપૂર્ણ વાત કરી હતી.

પોતાના દસ-પંદર મિનિટના સ્વાદના આનંદની પાછળ પડી ગયેલા માણસને પહેલાં તો ખાણી-પીણી પર ખર્ચ થાય છે. પછી એ બીમાર પડે ત્યારે સેવા-ચાકરી કરનારા માણસ રાખવાનો ખર્ચ કરવો પડે છે અને હૉસ્પિટલમાં દાખલ થવું પડે તો તેનો ખર્ચ વધારાનો.

એમની વાત ખરેખર સાચી છે. કોઈ પણ સ્વાદ વધુમાં વધુ થોડી મિનિટો સુધી જ મોંમાં રહે છે. એ થોડી મિનિટો માટે માણસ પોતાની અને બીજાઓની તકલીફો વધારી દે છે.

આપણાં શાસ્ત્રોમાં કહેવાયું છે કે જમતી વખતે શાંત જગ્યાએ બેસવું. બોલવાનું ટાળવું અને ખોરાક પર ધ્યાન આપવું. હું તેને જમવાનું મેડિટેશન કહું છું. આ રીતે જમવાનું કહેવાયું તેની પાછળ ઘણો મોટો વિચાર રહેલો છે. આપણે જ્યારે શાંત બેસીએ અને બોલવાને બદલે ખોરાક પર ધ્યાન આપીએ ત્યારે લાળ ઝરવાનું પ્રમાણ વધી જાય છે. લાળને લીધે ખોરાક સારી રીતે પચતો હોય છે. સ્વાદગ્રંથિઓ અને તંદુરસ્તી બન્ને માટે આ જરૂરી છે. જમતી વખતની એકાગ્રતાને લીધે આપણે વધારેપડતું ખાવાથી બચી જઈએ છીએ.

ટૂંકમાં એટલું જ કહેવાનું કે વ્યક્તિ નાની ઉંમરની હોય કે મોટી ઉંમરની, ખાવાની વાતને લઈને દરેક વ્યક્તિ જો અહીં કહેલી વાત પર બરાબર ધ્યાન રાખે એ એના પોતાના હિતમાં છે. ■

# NPSમાં એસેટ એલોકેશનની પસંદગી

ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા

NPS એટલે કે 'રાષ્ટ્રીય પેન્શન યોજના' વિશે આપે આ અગાઉની મારી કૉલમમાં જાણ્યું. એ જ વિશે આગળ વધારીએ. આ યોજના હેઠળ અલગ અલગ એસેટ ક્લાસમાં રોકાણ કરવાની તક મળે છે અને સાથે સાથે તમે કઈ કઈ એસેટમાં કેટલું રોકાણ રાખવા માગો છો એ પણ નક્કી કરવા મળે છે. દરેક એસેટ ક્લાસમાં વળતર અને જોખમનું પ્રમાણ અલગ અલગ હોય છે. દરેક રોકાણકાર પોતે કેટલું જોખમ ખમી શકે છે એના આધારે આ ફાળવણી નક્કી થાય છે. હાલ રોકાણકારોને બે વિકલ્પ ઉપલબ્ધ છે:

એસેટ એલોકેશનમાં પસંદગી ઍક્ટિવ ચોઇસ ઈક્વિટી (ઈ) સબસ્ક્રાઇબરની ઉંમર ૫૦ વર્ષની થાય ત્યાં સુધી ઈક્વિટીમાં ૭૫ ટકા રોકાણ કરવામાં આવે છે. ૫૧મા વર્ષથી આ મર્યાદા દર વર્ષે ૨.૫ ટકાના હિસાબે ઘટાડવામાં આવે છે અને ૬૦મા વર્ષે એ ૫૦ ટકા સુધી આવી જાય છે. કૉર્પોરેટ ડેટ (સી) મહત્તમ ફાળવણી ૧૦૦ ટકા સરકારી સિક્યોરિટીઝ (જી) મહત્તમ ફાળવણી ૧૦૦ ટકા ઑલ્ટરનેટિવ એસેટ (એ) મહત્તમ ફાળવણી ૫ ટકા અહીં નોંધવું ઘટે કે એનપીએસની ઍક્ટિવ પસંદગી હેઠળ ઈક્વિટી માટે દર્શાવાયેલી મર્યાદા મહત્તમ છે. દરેક સબસ્ક્રાઇબર પોતાની જોખમ ખમવાની શક્તિના આધારે પોતાના પોર્ટફોલિયોમાં ઈક્વિટીની ઓછી ફાળવણી પણ રાખી શકે છે.

ઍક્ટિવ ચોઇસનો એક ફાયદો એ છે કે સબસ્ક્રાઇબરને પોતાનાં રોકાણનાં લક્ષ્યો સુધી પહોંચવા માટે જેટલો સમય યોગ્ય લાગે એના આધારે એ એનપીએસમાં એસેટ એલોકેશન નક્કી કરી શકે છે. આપણે જોયું કે નિવૃત્તિની ઉંમર જેમ જેમ નજીક આવતી જાય તેમ તેમ ઈક્વિટીમાં રોકાણ ઘટતું જાય છે અને ડેટમાં રોકાણ વધતું જાય છે.



**એસેટ એલોકેશન – ઑટો ચોઇસ:**

ઑટો ચોઇસમાં ફાળવણી આપોઆપ બદલાતી જાય છે. જેમ જેમ ઉંમર વધે એમ એમ જોખમ ઘટાડીને સંપત્તિનું જતન કરવા પર વધુ લક્ષ આપવામાં આવે છે. સબસ્ક્રાઇબરની ઉંમરના આધારે એનપીએસનું એસેટ એલોકેશન બદલાય છે. જોકે, ઑટો ચોઇસમાં પણ સબસ્ક્રાઇબરને થોડી ફ્લેક્સિબિલિટી મળે છે. આ ચોઇસમાં ફાળવણીના ત્રણ અલગ અલગ મૉડેલ છે. એમને 'લાઇફ સાઇકલ ફંડ્સ' કહેવાય છે. દરેક ફંડ વચ્ચે તફાવત હોય છે. આ તફાવત સબસ્ક્રાઇબરની ઉંમરના આધારે દરેક એસેટ ક્લાસમાં થતી ફાળવણી પર આધારિ હોય છે. જેમને નાણાકીય બજાર વિશે વધુ જાણકારી ન હોય એવી વ્યક્તિ ઑટો ચોઈસમાં જઈ શકે છે.

**એગ્રેસિવ લાઇફ સાઇકલ ફંડ (એલસી૭૫):**

આ ફંડમાં ઈક્વિટીમાં રોકાણ માટેનો હિસ્સો મહત્તમ ૭૫ ટકા હોય છે. કૉર્પોરેટ ડેટમાં મહત્તમ ૧૦ ટકા અને સરકારી સિક્યોરિટીઝમાં મહત્તમ ૧૫ ટકા હિસ્સો રાખવામાં આવે છે. આ ટકાવારી ૩૫ વર્ષથી ઓછી વયના સબસ્ક્રાઇબર્સ માટે છે. ૩૬મા વર્ષથી આ ફાળવણીમાં દર પાંચ વર્ષે ફેરફાર કરવામાં આવે છે. ૩૫ વર્ષની વય સુધી ઈક્વિટી હિસ્સો વધારે હોવાને કારણે નિવૃત્તિ માટેની બચત નોંધપાત્ર પ્રમાણમાં વધી શકે છે.

મોટી ઉંમરે ઈક્વિટીનો હિસ્સો ઘટીને ડેટનો ભાગ વધતો હોવાથી એનપીએસ અકાઉન્ટમાં ટૂંકા ગાળાની વોલેટિલિટી ઘટતી જાય છે અને મૂડીનું રક્ષણ થાય છે, જેથી નિવૃત્તિ સમયે કોઈ વાંધો ન આવે.

**મોડરેટ લાઇફ સાઇકલ ફંડ (એલસી૫૦):**

એનપીએસ ઑટો ચોઇસમાં આ પણ એક પૂર્વનિર્ધારિત વિકલ્પ હોય છે. એમાં ઈક્વિટીનો હિસ્સો મહત્તમ ૫૦ ટકા, કોર્પોરેટ ડેટનો ૩૦ ટકા અને સરકારી સિક્યોરિટીઝનો ૨૦ ટકા રાખવામાં આવે છે. ઉંમર બદલાતાં એમાં ફેરફાર થાય છે. મૂડીની વૃદ્ધિ અને સંપત્તિનું રક્ષણ એ બન્નેનું સંતુલન સાધવા માટેનું આ ફંડ છે.

**કન્ઝર્વેટિવ લાઇફ સાઇકલ ફંડ (એલસી ૨૫):**

આ ફંડમાં ઈક્વિટીનો હિસ્સો ૨૫ ટકા, કૉર્પોરેટ ડેટ ૪૫ ટકા અને સરકારી સિક્યોરિટીઝનો હિસ્સો ૩૦ ટકા સુધી સીમિત રાખવામાં આવે છે. બાકીનાં બે ફંડ્સની જેમ અહીં પણ ઉંમરની સાથે ફાળવણીની ટકાવારીમાં ફેરફાર કરવામાં આવે છે. આ એલસી ૨૫ ફંડ જે વધારે જોખમ સહન કરી શકતા નથી એવા લોકો માટે યોગ્ય છે, કારણ કે એમાં ઈક્વિટી માટેની ફાળવણી ઓછી હોય છે.

**નિષ્કર્ષ:**

ટૂંકમાં, અહીં જણાવવું રહ્યું કે એનપીએસ લાંબા ગાળાનું રોકાણ છે. એનો મુખ્ય ઉદ્દેશ નિવૃત્તિ બાદની નાણાકીય સલામતીનો છે. એસેટ એલોકેશનની મદદથી જોખમ ઘટાડીને મહત્તમ વળતર મેળવી શકાય છે. એનપીએસમાં પોતાને ફાવે એટલા પ્રમાણમાં ઍસેટ એલોકેશન રાખીને સંપત્તિનું સર્જન કરી શકાય છે, જેથી આગળ જતાં નિવૃત્ત જીવનમાં આર્થિક રીતે કોઈ તકલીફ પડે નહીં. ■

# બની રહ્યા છે આજના યુવાનો... સલાડ દીવાને!

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
સંધ્યા સિંહ

આજકાલ ભારતીય યુવાનો વિશ્વના અન્ય દેશોના યુવાનોની જેમ એક તરફ ફાસ્ટ ફૂડના દિવાના બની રહ્યા છે તો બીજી તરફ તેમનામાં સલાડ પ્રત્યે એક ખાસ પ્રકારનું આકર્ષણ પણ જોવા મળી રહ્યું છે. આખરે, આ વિરોધાભાસનું કારણ શું છે? તે કયા એવા પાંચ સલાડ છે જે આ દિવસોમાં સમગ્ર ભારતમાં યુવાનોને ખૂબ જ પસંદ પડી રહ્યા છે? આવો એક પછી એક જાણીએ કે શું માત્ર સલાડ પર નિર્ભર રહેવું સ્વાસ્થ્ય માટે સારું છે?

## ફાસ્ટ ફૂડના ક્રેઝનું કારણ

યુવાનોમાં ફાસ્ટ ફૂડ અને સલાડ પ્રત્યે વધતા આકર્ષણ પાછળ ઘણા કારણો છે, જે સામાજિક, સાંસ્કૃતિક અને સ્વાસ્થ્ય દ્રષ્ટિકોણ સાથે સંબંધિત છે. ફાસ્ટ ફૂડ પ્રત્યે આકર્ષણનું મુખ્ય કારણ તેનો સ્વાદ, તેની ઝડપી ઉપલબ્ધતા, ઝડપી જીવનશૈલી સાથે અનુકૂલનક્ષમતા. આજકાલ મિત્રો સાથે ફાસ્ટ ફૂડના આઉટલેટ્સની મુલાકાત લેવી એ પણ એક સામાજિક પ્રવૃત્તિ બની ગઈ છે.

આ બધાની સાથે આ આકર્ષણમાં આક્રમક માર્કેટિંગનો પણ હાથ છે. સારી રીતે વિચારેલી વ્યૂહરચના તરીકે, મલ્ટીનેશનલ કંપનીઓ તેમની ફાસ્ટ ફૂડ બ્રાન્ડની જોરશોરથી જાહેરાત કરે છે. આ બધાને કારણે યુવાનો સરળતાથી તેમની જાળમાં ફસાઈ જાય છે. આજે સારો પગાર મેળવતા યુવાનો દર મહિને ફાસ્ટ ફૂડ પર સરેરાશ ૫,૦૦૦ રૂપિયા ખર્ચી નાખે છે? આ જ કારણ છે કે ૯૦ ટકા ફાસ્ટ ફૂડનું સેવન કરનારા ભારતીય યુવાનોમાં તેનો વપરાશ વાર્ષિક ૧૫ થી ૨૦ ટકા વધી રહ્યો છે.

## હવે સલાડનું આકર્ષણ

એક તરફ આક્રમક સ્વાદ અને આધુનિક જીવનશૈલી યુવાનોને ફાસ્ટ ફૂડ તરફ આકર્ષે છે તો બીજી તરફ યુવાનોમાં સ્વાસ્થ્ય પ્રત્યે વધતી જાગૃતતા, વધતી સ્થૂળતા, ડાયાબિટીસ અને હૃદયરોગના યુવાનોમાં વધતા જતા કેસ, બીજી તરફ મોર્ડન અને ગ્લોબલ આહારમાં સલાડનો વધતો ટ્રેન્ડ પણ યુવાનોને સલાડ તરફ આકર્ષે છે. ફિટનેસના વધતા જતા ટ્રેન્ડને કારણે પણ સલાડ હેલ્ધી ડાયટ તરીકે લોકપ્રિય બન્યું છે. આ બધા સિવાય ઈન્સ્ટાગ્રામ અને સોશિયલ મીડિયા પર પ્રકાશિત થતી કલરફૂલ અને સર્જનાત્મક સલાડની તસવીરો પણ યુવાનોને આકર્ષિત કરે છે.



## ભારતમાં ૫ ખૂબ જ લોકપ્રિય સલાડ

ક્વિનોઆ અને આવાકાડો સલાડ- પ્રોટીન અને હેલ્ધી ફેટ્સથી ભરપૂર છે. દાડમ અને ઓલિવ તેલ ઉમેર્યા પછી તે ખૂબ જ સ્વાદિષ્ટ બને છે.

ગ્રીક સલાડ - કાકડી, ટામેટાં, ઓલિવ, ફેટા ચીઝ અને ઓરેગાનો વડે બનાવવામાં આવે છે, તે તાજગીથી ભરપૂર છે.

ચિકન સીઝર સલાડ - ગ્રીલ્ડ ચિકન, લેટીસ અને પાર્મેઝન ચીઝ તેને યુવાનોમાં લોકપ્રિય બનાવે છે.

સ્પ્રાઉટ્સ સલાડ - ફણગાવેલા મગ અને ચણા, લીંબુ અને મસાલા વડે તૈયાર કરાયેલ આ સલાડ પ્રોટીન અને ફાઇબરથી ભરપૂર છે.

ફ્રૂટ અને ડ્રાયફ્રૂટનું સલાડ - સફરજન, સંતરા, દાડમ, અખરોટ અને કિસમિસનું આ મિશ્રણ હેલ્ધી અને સ્વાદિષ્ટ છે.

## માત્ર સલાડ કેટલું આરોગ્યપ્રદ છે?

નિષ્ણાતોના મતે માત્ર સલાડ પર આધાર રાખવો સ્વાસ્થ્ય માટે યોગ્ય નથી, કારણ કે તેનાથી શરીરમાં પોષણની ઉણપ સર્જાય છે. સલાડમાં પ્રોટીન, ફેટ અને કાર્બોહાઈડ્રેટનું પ્રમાણ ઓછું હોય છે. આ કારણોસર, માત્ર સલાડ ખાવાથી શરીરને પૂરતી ઊર્જા મળતી નથી, ખાસ કરીને યુવાન અને સક્રિય લોકોને. આવી સ્થિતિમાં, લાંબા સમય સુધી માત્ર સલાડ પર રહેવાથી શરીરમાં નબળાઈ આવે છે અને સૂક્ષ્મ પોષકતત્ત્વોની ઉણપ પણ થઈ શકે છે. તેથી, સલાડને સંતુલિત આહારનો એક ભાગ બનાવવો જરૂરી છે. કહેવાનો અર્થ એ છે કે તેની સાથે દાળ, રોટલી અને ભાતની સાથે તેમાં પ્રોટીન (ચિકન, પનીર, ટોફુ) અને હેલ્ધી ફેટ્સ (ઓલિવ ઓઈલ, નટ્સ) વગેરે પણ ઉમેરવું જોઈએ.

## સલાડ એક ઊભરતો વ્યવસાય



યુવાનોમાં વધતા આકર્ષણને કારણે ભારતમાં સલાડનો વ્યવસાય ઝડપથી ઉભરી રહ્યો છે. ખાસ કરીને શહેરી યુવાનો જંક ફૂડને બદલે અથવા ક્યારેક તેની સાથે હેલ્ધી વિકલ્પો પસંદ કરી રહ્યા છે, ખાસ કરીને મેટ્રો શહેરોમાં રહેતા કામ કરતા યુવાનો રેડી-ટુ-ઇટ સલાડને પસંદ કરી રહ્યા છે કારણ કે આ સમય બચાવવાનો વિકલ્પ પણ છે. આ ઉપરાંત, ક્લાઉડ કિચન અને ઝોમેટો, સ્વિગી અને ડુંઝો જેવી ફૂડ ડિલિવરી એપ્સને કારણે પણ સલાડ વિશે જાગૃતિ વધી છે, જેના કારણે વર્ષ ૨૦૨૪માં ભારતીય સલાડ માર્કેટનું કદ વધીને રૂ. ૩,૦૦૦ -૪,૦૦૦ કરોડ સુધી પહોંચી ગયું છે અને ૧૦-૧૨ વાર્ષિક દરે વૃદ્ધિ થઈ રહી છે. ઉપરાંત, ભારતમાં વધી રહેલા શહેરીકરણ અને આરોગ્ય પ્રત્યેની જાગૃતિને કારણે આ ઉદ્યોગ વધુ વિકસશે.

આગામી દિવસોમાં ઓર્ગેનિક સલાડ અને હર્બલ સલાડ જેવા સ્પેશિયાલિટી સલાડ ઉત્પાદનોની માંગ વધવાની છે, કારણ કે આવનારા દિવસોમાં સલાડ વેલનેસ ફૂડ્સ અને ફિટનેસ ડાયટ પ્લાનમાં તેનું મજબૂત સ્થાન બનાવશે. તેમજ ભારતીય યુવાનોમાં સલાડનો વપરાશ વધુ વધશે. કારણ કે હાલમાં ભારતના યુવાનો દર વર્ષે ૫ થી ૭ કિલો સલાડ વાપરે છે, જ્યારે અમેરિકન યુવાનો દર વર્ષે ૨૦-૨૫ કિલો સલાડ વાપરે છે. જ્યારે ઈટાલી, ગ્રીસ અને ફ્રાન્સમાં પણ યુવાનો સરેરાશ ૧૫ થી ૨૦ કિલો સલાડ વાપરે છે. ■



પ્રકરણઃ ૧૮

# ચહેરા મોહરા

**અચાનક આવી પડેલા જેલવાસને કારણે તેની ધન મેળવવાની લાલસામાં તેર વર્ષનો જે બ્રેક લાગી ગયો હતો એ હવે સ્પ્રિંગની જેમ ઊછળ્યો હતો...!**



પ્રફુલ્લ કાનાબાર



જુગારીઓ કેટલીક વાર તીનપત્તીમાં બ્લાઇન્ડ રમતા હોય છે. સોહમ તો કોઈકે બિછાવેલી શતરંજની ચાલ પર જીવનને દાવ પર લગાવીને બ્લાઇન્ડ ગેમ રમવા નીકળી પડેલો નરબંકો જ હતોને!

આ તરફ, સમય સાથે કદમ મિલાવતો ‘ગુજરાત એક્સપ્રેસ’ વ્હીસલ વગાડતો તેજ ગતિએ આગળ વધી રહ્યો હતો. દરેક સ્ટેશને એક માનવસમુદાયને પોતાનામાં સમાવતો અને એક માનવ સમુદાયને છોડતો, બધી જ લાગણીઓથી વિરક્ત.. અલગારી જોગીની જેમ બસ પોતાના નિર્ધારિત માર્ગ પર પ્રયાણ કરી રહ્યો હતો... એનું તો બસ માત્ર એક જ ધ્યેય હતું.. મુસાફરોને મંજિલે પહોંચાડવાનું.. સોહમનું પણ એક જ ધ્યેય હતું.. ધનવાન બનવાનું.

ટ્રેનનો રૂટ નિર્ધારિત હતો. સોહમનો નહોતો. સોહમને તો વાપીથી આગળ ક્યાં જવાનું છે, એ પણ ખબર નહોતી. નિયતિ જે દિશામાં લઈ જાય તે દિશામાં એ હિંમતપૂર્વક આગળ વધ્યે જતો હતો. સોહમ આ ઉંમરે બરોબર સમજી ગયો હતો કે જીવન ક્યારેય એકધારા લયમાં વહેતું નથી. મોહ એ જ જીવનની વાસ્તવિકતા છે. ચાહે એ પ્રેમનો હોય, સત્તાનો હોય, પ્રતિષ્ઠાનો હોય કે ધનનો હોય. લોકો એક પગ કબરમાં હોય એ ઉંમરે પણ મોહ છોડી નથી શકતા તો સોહમ તો યુવાન હતો. તેણે આટલી ઉંમરમાં દારુણ ગરીબી સિવાય કાંઈ જોયું જ નહોતું.

સોહમને બાળપણનો એ પ્રસંગ યાદ આવી ગયો. એ વખતે તેની ઉંમર દસેક વર્ષની હશે. ચાલીની નજીકમાં જ આવેલી વાડીમાં એક લગ્નપ્રસંગ હતો. ચાલીના અન્ય ત્રણ છોકરાં સાથે સોહમ પણ મફતમાં જમવા માટે અંદર ઘૂસી ગયો હતો. એક ચાલાક માંડવાવાળાના ધ્યાનમાં એ ચારેય છોકરાઓ આવી ગયા હતા. તેણે જઈને શેઠનું ધ્યાન દોર્યું હતું. શેઠ ઉદાર સ્વભાવના હતા.

ચાર ગરીબ છોકરાઓ જમી જાય તો તેમને વાંધો નહોતો. પેલા ભાઈએ શેઠને ચેતવ્યા હતા કે નાનાં બાળકોને લઈને શહેરમાં આખી ગેંગ કાર્યરત છે. આવાં બાળક પાસે જ એ ગેંગ ચોરી કરાવતી હોય છે. શેઠ ચમક્યા હતા.

એ દિવસોમાં ચોરીના એવા બનાવો અખબારમાં વાંચવામાં પણ આવતા હતા. ચારેય છોકરાઓ હાથમાં ડીશ લઈને હજુ જમવાનું શરૂ કરે ત્યાં શેઠે તેમને પકડી પાડ્યા હતા. શેઠે પ્રસંગ બગડે નહી તેથી પોલીસને બોલાવવાનું માંડી વાળ્યું હતું. શેઠના માણસોએ થોડી ધોલધપાટ કરીને એ છોકરાઓને જવા દીધા હતા. સોહમનું શર્ટ ફાટી ગયું હતું. તેના હાથમાં રહેલો મોહનથાળનો ટુકડો હાથમાંથી નીચે પડી ગયો હતો. સોહમે એ ટુકડો કોઈ જુએ નહીં તેમ ચડ્ડીના ખિસ્સામાં મૂકી દીધો હતો. બહાર જઈને મ્યુનિસિપાલિટીના નળમાં આવતાં પાણી વડે ધોઈને એ મોહનથાળ સોહમે ખાધો હતો. સોહમ ઘરે આવ્યો એ પહેલાં તો ચાલીના અન્ય પાડોશીઓ મારફતે માને સોહમના પરાક્રમની ખબર પડી ગઈ હતી. મા સોહમની રાહ જ જોઈ રહી હતી. સોહમ આવે એટલે તેનો કાન આમળવાનું માએ નક્કી જ કરી રાખ્યું હતું.

સોહમ ઘરમાં આવ્યો અને તેનાં ફાટેલાં કપડાં જોઈને માનો ગુસ્સો ગાયબ થઈ ગયો હતો. તે રડી પડી હતી. સોહમે માની સાડીના ફાટેલા પાલવ વડે તેનાં આંસુ લૂછતાં કહ્યું હતું... ‘મા, હવે આવું ક્યારેય નહી કરું.’ મા નાનકડા સોહમને વળગી પડી હતી. જોગાનુજોગ બીજે જ દિવસે બંગલાવાળી શેઠાણીએ ખોખામાં જયારે મોહનથાળના બે ટુકડા આપ્યા હતા ત્યારે માએ પરાણે બંને ટુકડા સોહમને ખવડાવીને સંતોષનો શ્વાસ લીધો હતો! પૈસાના સતત અભાવ વચ્ચે વીતેલું બાળપણ જ્યારે મોટું થાય છે ત્યારે માણસની અંદર અઢળક પૈસા કમાવાની તૃષ્ણા ઊભી કરે છે. એ એવી તૃષ્ણા હોય છે જે દિવસરાત સતત વધતી જ રહે છે.

સોહમે જલદીથી પૈસા કમાવા માટે ભણવાનું છોડીને નોકરી કરવાનું પસંદ કર્યું હતું. પગાર ડબલ થવાની લાલચે તેણે શેઠ પાસે સામેથી જીવના જોખમવાળું કામ માગ્યું હતું. પહેલે જ દિવસે પચાસ લાખના ડાયમંડ લઈ જતી વખતે મનોહરે બિછાવેલી જાળમાં સોહમ ફસાઈ ગયો હતો.

અમદાવાદ રેલવે સ્ટેશને વેઇટિંગ રૂમમાં બેઠેલા સોહમ અને મનોહર પર કેટલાક જાણભેદુ મવાલીઓ ત્રાટક્યા હતા. સોહમ શેઠનો દાગીનો સાચવવામાં નિષ્ફળ નીવડ્યો હતો. એ લૂંટ કેસમાં સોહમ છાપે ચડી ગયો હતો. જોકે એ વખતે નસીબે તેને સારી યારી આપી હતી. ચોવીસ કલાકમાં જ સાચા ગુનેગારો પકડાઈ ગયા હતા. સોહમે હાશકારો અનુભવ્યો હતો. ખુશખુશાલ સોહમ ઘરે આવ્યો હતો. ઘરમાં પ્રવેશતાં જ તેણે જોયું કે બાપુ મા સાથે પૈસા માટે ઝઘડો કરી રહ્યા હતા. બાપુના મારથી ઘાયલ થયેલી માને જોઈને સોહમે દિમાગ પરનો કન્ટ્રોલ ગુમાવ્યો હતો. આવેશમાં આવી જઈને તેણે બાપુનું ખૂન કરી નાખ્યું હતું.

સોહમે પરિસ્થિતિથી ભાગવાને બદલે હિંમતપૂર્વક નજીકના પોલીસ સ્ટેશને જઈને ગુનો કબૂલી લીધો હતો. આમ સોહમને જેલમાં તો જવું જ પડ્યું હતું. જો જેલમાં જવાના યોગ ઊભા ન થયા હોત તો કદાચ સોહમની વધારે ને વધારે ધન મેળવવાની દોડ તો ચાલુ જ હોત!

અચાનક આવી પડેલા જેલવાસને કારણે તેની ધન મેળવવાની લાલસામાં તેર વર્ષનો જે બ્રેક લાગી ગયો હતો એ હવે સ્પ્રિંગની જેમ ઊછળ્યો હતો. મનમાં ધરબાયેલી એ ધનતૃષ્ણાને કારણે જ સોહમ આજે એવા સુવર્ણમૃગ તરફ દોડી રહ્યો હતો જેના વિષે એ બિલકુલ અજાણ હતો.

ધન મેળવવાની લાલસા અને મળી ગયા પછી તેની પાછળની સતત દોડ જ તૃષ્ણામાંથી મૃગતૃષ્ણા સાબિત થતી હોય છે, જેનો ખ્યાલ ભાગ્યે જ કોઈને આવતો હોય છે. સોહમ પણ તેમાંથી બાકાત નહોતો. પડશે એવા દેવાશે સિદ્ધાંત એવો છે કે જો માણસ તેમાં સફળ થાય તો સમાજ તેના સાહસને બિરદાવે છે અને નિષ્ફળ જાય તો એ જ સમાજ માણસને મૂર્ખ કહીને તેની ઠેકડી ઉડાડે છે!

સોહમ હવે સમાજ શું કહેશે તેની ચિંતા કરીને જીવવાવાળો યુવાન નહોતો. ભાડમાં જાય સમાજ એવી જ વ્યક્તિ બોલી શકતી હોય છે, જેણે બાળપણમાં અનેક ઠોકરો ખાધી હોય છે. કહેવાતા સમાજે તેને અને તેની ગરીબીને તબિયતથી ઘા માર્યા હોય છે! સોહમે બારીમાંથી જોયું કે ટ્રેન નવસારી સ્ટેશનના પ્લૅટફૉર્મ પર પ્રવેશી રહી હતી. સુરત સ્ટેશને કરેલા ભારે નાસ્તાને કારણે સોહમની આંખમાં ઘેન હતું, તેણે ફેરિયા પાસેથી એક કપ ચા લઈને પી લીધી. નવસારી સ્ટેશને ઊતરનારાની સંખ્યા નહિવત્ હતી.


ટ્રેન ઊપડી એટલે સોહમે ડબ્બામાં નજર દોડાવી. સૌ કોઈ પોતાની ધૂનમાં મસ્ત હતું. કોઈ અખબાર વાંચી રહ્યું હતું તો કોઈ કાનમાં ઈઅર ફોન ભરાવીને સંગીત સાંભળવામાં મસ્ત હતું. ઉપરની સીટ પર એક યુવાન લેપટોપ પર વ્યસ્ત હતો. થોડી થોડી વારે તે તેના હાથમાં રહેલા સેલ ફોન પર કોઈકની સાથે વાત પણ કરી લેતો હતો. સોહમ મનમાં જ વિચારી રહ્યો..

ખરેખર આ તેર વર્ષમાં દુનિયા સાવ બદલાઈ જ ગઈ છે. કૉમ્પ્યુટર અને મોબાઈલે તો દુનિયાને સાવ નાની બનાવી દીધી છે! થોડી વાર બાદ ડબ્બામાં તાળીઓના ટપાકાનો અવાજ આવવા લાગ્યો. એક પાવૈયો દરેક પાસે બંને હાથ વડે તાળી પાડીને પૈસા માગી રહ્યો હતો. સોહમને નવાઈ લાગી.

અત્યાર સુધીમાં ડબ્બામાં ભિખારી તો ઘણા આવી ગયા હતા, પણ આ રીતે ટ્રેનમાં પાવૈયાને પૈસા માગતાં તે પહેલી વાર જોઈ રહ્યો હતો. લોકો દસની નોટ આપીને પાવૈયાને આગળ રવાના કરતા હતા. સોહમે આંખ બંધ કરી દીધી. તે ઊંઘી રહ્યાનો ડોળ કરવા લાગ્યો. થોડી વાર બાદ સોહમે આંખ ખોલીને જોયું કે પાવૈયો આગળ નીકળી ગયો હતો. સોહમને એકાએક અંકુશ યાદ આવી ગયો.

જેલમાંથી છૂટવાના એક દિવસ પહેલાં જ અંકુશ સાથે થયેલી મુલાકાત યાદ આવી ગઈ. જો અંકુશ ન મળ્યો હોત તો તેની આ લાંબી અને અજાણી સફર શરૂ જ ન થઈ હોત! સોહમ વિચારી રહ્યો.. અંકુશનું જેલમાં મળવું એ નિયતિનો ખેલ હતો કે કોઈકે બિછાવેલી શતરંજનો ખેલ હતો?

સોહમ હાથમાં સેલફોન રમાડી રહ્યો હતો ત્યાં જ રિંગ વાગી... **(ક્રમશઃ)** ■





‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ફીણ | BOILING |
| ધાતુ | ALLOY |
| ઉત્કલન | LATHER |
| અવશેષ | METAL |
| મિશ્રધાતુ | RESIDUE |

## ઓળખાણ પડી?

ગુજરાતમાં આવેલા રીંછ માટે આરક્ષિત અભયારણ્યની ઓળખાણ પડી? રીંછ ઉપરાંત નીલ ગાય અને ઝરખ પણ જોવા મળે છે.



અ) મિતિયાલા અભયારણ્ય બ) જેસોર અભયારણ્ય
ક) પૂર્ણા અભયારણ્ય ડ) જાંબુઘોડા અભયારણ્ય

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ શ | ક્તિ | ૨ વ | ર્ધ | ૩ ક | | ૪ ઉ | ૫ પ | જા | ૬ ઉ |
| ચિ | | જ | | ૭ રા | ૮ તે | | ડ | | ચ્છું |
| ૯ પ | ૧૦ વ | ન | | ૧૧ મ | જ | બૂ | ત | | ખ |
| ૧૨ તિ | ર | | ૧૩ ચા | ત | ક | | ૧૪ ર | ૧૫ વા | લ |
| | ૧૬ તા | ૧૭ ર | ક | | ૧૮ દ | ૧૯ ન | | ૨૦ છ | તા |
| ૨૧ અ | રો | મા | | ૨૨ ટ | મ | ૨૩ ટ | મા | ટ | |
| વ | | | ૨૪ ટો | પ | | ૨૫ વ | ખ | | ૨૬ ક |
| ૨૭ ગ | મા | ૨૮ ર | | | ૨૯ મા | ર | | ૩૦ પા | ર |
| ણ | | ૩૧ વા | ૩૨ રં | વા | ર | | ૩૩ પા | | વ |
| ના | | ૩૪ ની | ચ | | ૩૫ ક | લ | ક | લા | ટ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | ૫ | ૬ | | |
| | | ૭ | | ૮ | | ૯ | | | ૧૦ |
| ૧૧ | ૧૨ | | | | | ૧૩ | | ૧૪ | |
| ૧૫ | | | ૧૬ | | ૧૭ | | | ૧૮ | |
| | ૧૯ | | | | | | ૨૦ | | |
| ૨૧ | | | ૨૨ | ૨૩ | | | | | |
| | | ૨૪ | | | | | ૨૫ | | ૨૬ |
| ૨૭ | | | ૨૮ | | ૨૯ | ૩૦ | | | |
| | | | | | ૩૧ | | | ૩૨ | |
| | ૩૩ | | | | | ૩૪ | | | |

### આડી ચાવી

૧. ખાસિયત (૪)
૪. પુરોહિત, રસોયો (૪)
૭. બારણું ખટખટાવો (૩)
૯. આદત (૨)
૧૧. વગાડનાર (૩)
૧૩. ગામમાંથી કાઢી મૂકવું તે (૪)
૧૫. --- ડાકણને ખાય (૨)
૧૬. કોઠો, સારણી (૩)
૧૮. યોગ્ય, ઘટિત, પ્રચલિત (૨)
૧૯. તજજ્ઞ (૩)
૨૦. ચહેરો (૩)
૨૧. રોગ (૨)
૨૨. ધૂળ (૪)
૨૫. માથે વાળ ના હોય એવો પુરુષ (૩)
૨૭. ખેતરમાં જવાનું લાકડાનું બેપાંખિયું (૪)
૨૯. માચીસ (૩)
૩૧. સન્માનસૂચક સંબોધન (૨)
૩૩. વરઘોડા જેવું સરઘસ (૪)
૩૪. લોકગીતની નાયિકા (૪)

### ઊભી ચાવી

૧. ઝઘડો, તકરાર, ટંટો (૪)
૨. છનો સમૂહ (૩)
૩. કાપડનો વીંટો (૨)
૫. પરિસ્થિતિ (૩)
૬. રાતને લાડમાં --- કહે (૩)
૮. રોગવાળું (૩)
૧૦. ચોકીદાર (૪)
૧૨. દયાના સાગર પ્રભુ (૪)
૧૪. સોંસરવું જોવાય તેવું (૫)
૧૬. ચંબલનાં --- માં ડાકુ રહેતા (૩)
૧૭. રોટલી માટે બાંધેલો લોટ (૩)
૨૧. વ્યાજ ખાનાર (૪)
૨૩. નિષ્પ્રાણ, ચેતનવિહીન (૨)
૨૪. ઘાસનાં ઝૂંપડાં (૨)
૨૫. --- ના મસ ના થવું એટલે અડગ રહેવું (૨)
૨૬. લોકોને અર્પણ (૪)
૨૮. અવરોધાયા (૩)
૨૯. --- મન કી આંખે ખોલ (૨)
૩૦. વિકટ (૨)
૩૨. આગ (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘રાજમહેલમાં સુરાઈ શોખનો વિષય ગણાતી’ પંક્તિમાં સુરાઈ શબ્દનો અર્થ જણાવો.

અ) સુવાસ બ) શરણાઈ ક) કૂંજો ડ) પાત્ર

## માતૃભાષાની મહેક

બધી વનસ્પતિ લીલા રંગની હોય છે. તેઓ સૂર્યના પ્રકાશમાં રહીને જ ક્લોરોફિલની મદદથી વાયુમાંના કાર્બોનિક એસિડ ગેસનું પૃથક્કરણ કરીને કાર્બનને પોતાના શરીરમાં પોષણ માટે લે છે તથા ઓક્સિજન તજે છે, પરંતુ પ્રાણીઓ વાયુમાંથી ઓક્સિજન લે છે અને કાર્બોનિક એસિડ તજે છે.

## સુડોકુ-૭૦૯૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | | ૬ | ૭ | | | |
| | | | ૯ | ૩ | ૧ | | | ૫ |
| | | ૧ | ૮ | | ૨ | | ૬ | ૯ |
| | ૩ | ૭ | | ૮ | | | ૫ | |
| | | ૯ | | ૧ | | ૬ | | |
| | ૬ | | | ૫ | | ૮ | ૧ | |
| ૯ | ૪ | | ૩ | | ૮ | ૧ | | |
| ૬ | | | ૧ | ૯ | ૫ | | | |
| | | | ૬ | ૭ | | | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૭૦૯૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | ૧ | ૭ | ૯ | ૨ | ૪ | ૮ | ૬ |
| ૨ | ૭ | ૬ | ૮ | ૪ | ૧ | ૫ | ૯ | ૩ |
| ૮ | ૯ | ૪ | ૫ | ૩ | ૬ | ૨ | ૭ | ૧ |
| ૫ | ૮ | ૯ | ૧ | ૬ | ૩ | ૭ | ૪ | ૨ |
| ૭ | ૬ | ૩ | ૨ | ૫ | ૪ | ૯ | ૧ | ૮ |
| ૧ | ૪ | ૨ | ૯ | ૭ | ૮ | ૬ | ૩ | ૫ |
| ૬ | ૨ | ૭ | ૩ | ૧ | ૯ | ૮ | ૫ | ૪ |
| ૯ | ૩ | ૮ | ૪ | ૨ | ૫ | ૧ | ૬ | ૭ |
| ૪ | ૧ | ૫ | ૬ | ૮ | ૭ | ૩ | ૨ | ૯ |

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ AROMACHOLOGY ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) શાસ્ત્ર બ) રાજા ક) ગંધ ડ) શસ્ત્ર

## ઈર્શાદ

પડ્યા પર પાટું કદી દાઝ્યા ઉપર ડામ,
દઈશ ના કોઈને કદી એ દુર્જનનું કામ.

– પ્રભુલાલ દ્વિવેદી

## માઈન્ડ ગેમ

વિશિષ્ટ સાધનની મદદથી કુદરતી તેમ જ કૃત્રિમ રેસામાંથી કાપડ વણીને તૈયાર કરનાર ઈસમ કયા નામે ઓળખાય છે?

અ) સલાટ બ) રબારી
ક) તરગાળા ડ) સાળવી

## ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| હંસ | SWAN |
| તેતર | PARTRIDGE |
| ટીટોડી | LAPWING |
| ગીધ | VULTURE |
| કલકલિયો | KINGFISHER |

માઈન્ડ ગેમ
કંસારા

ઓળખાણ પડી?
Sweet Birch

ગુજરાત મોરી મોરી રે
ધ્વનિ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
હાલચાલ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) ધીરેન ઉદેશી (૫) ગીતા ઉદેશી (૬) પ્રતિમા પમાણી (૭) ભારતી બુચ (૮) ખુશરૂ કાપડિયા (૯) વિભા મહેશ્વરી (૧૦) ડો. પ્રકાશ કટકિયા (૧૧) ભારતી પ્રકાશ કટકિયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) પુષ્પા પટેલ (૧૪) નિખિલ બંગાળી (૧૫) અમીશી બંગાળી (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) અશોક સંઘવી (૧૮) મીનળ કાપડિયા (૧૯) મહેન્દ્ર લોઢાવિયા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) મહેશ દોશી (૨૩) સુરેખા દેસાઈ (૨૪) કિશોર બી. સંઘરાજકા (૨૫) અંજુ ટોલિયા (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) જયવંત પદમશી ચિખલ (૨૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૯) પ્રવીણ વોરા (૩૦) હર્ષા મહેતા (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) જ્યોત્સના ગાંધી (૩૩) રમેશ દલાલ (૩૪) ઈનાક્ષી દલાલ (૩૫) હિના દલાલ (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) જગદીશ ઠક્કર (૩૮) નિતિન બજરિયા (૩૯) નૂતન વિપીન, (૪૦) નંદકિશોર સંજાણવાળા (૪૧) મહેશ સંઘવી (૪૨) વીણા સંપટ (૪૩) દેવેન્દ્ર સંપટ

feedback@bombaysamachar.com
ફોકસ
વીના ગૌતમ

# તમાલપત્ર

## રસોડામાં ગરમ મસાલાનો રાજા ને સ્વાદનો બાદશાહ

ઉત્તર હોય કે દક્ષિણ, પૂર્વ હોય કે પશ્ચિમ, શહેર હોય કે ગામડું, ઘર હોય કે હોટલ. બધા જ રસોડાઓમાં તેનું રાજ ચાલે છે. તે ગરમ મસાલાનો રાજા અને સ્વાદનો બાદશાહ છે અને તે છે તમાલપત્ર. ભારતમાં તમાલપત્રનો ઉપયોગ માત્ર સ્વાદ વધારતા મસાલા તરીકે જ નહીં પરંતુ લોક ઔષધિ અને આયુર્વેદિક જડીબુટ્ટી તરીકે સદીઓથી થતો આવ્યો છે. આ જ કારણ છે કે તેની દેશમાં સૌથી વધુ માગ છે. માત્ર દેશમાં જ નહીં પરંતુ દુનિયાભરમાં મસાલા તરીકે તમાલપત્રનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાંથી ૭૦ ટકા તમાલપત્ર ભારતમાંથી જાય છે. તમાલપત્રની ખેતીથી ખેડૂતો તેમની આર્થિક સ્થિતિ પણ વધુ સારી બનાવી શકે છે. કારણ કે આ એક એવો મસાલો છે, જેની દુનિયાભરમાં હંમેશાં માગ રહે છે. આની સારી વાત એ પણ છે કે ખેડૂત ઓછા સમયમાં અને ઓછી જગ્યામાં તેની ખેતી કરીને સારો એવો નફો રળી શકે છે. તાજેતરના દિવસોમાં ઘણા ખેડૂતો ઘઉં-ચોખા અને શેરડી જેવા મુખ્ય પાકોની ખેતી કરવાને બદલે ઔષધીય વનસ્પતિની ખેતીને વધુ મહત્ત્વ આપી રહ્યા છે. જે ઓછું જોખમકારક અને વધુ ઉત્પાદક હોય છે. આ રીતે ખેડૂતો માટે તમાલપત્રના વૃક્ષ ઉગાડવા અને તેનાથી ભારે નફો રળવો ખૂબ સરળ છે. તમાલપત્રનું વૃક્ષ વાવીને ખેડૂત ઓછા ખર્ચમાં વધુ નફો રળી શકે છે. તેની ખેતીને પ્રોત્સાહન આપવા માટે રાષ્ટ્રીય ઔષધીય વનસ્પતિ બોર્ડ તરફથી ખેડૂતોને ૩૦ ટકા સુધીની ગ્રાન્ટ પણ આપવામાં આવે છે.



એક તમાલપત્રના વૃક્ષમાંથી ખેડૂત દર વર્ષે ઓછામાં ઓછા ૩૦૦૦થી ૫૦૦૦ રૂપિયા સુધીની કમાણી કરી શકે છે. જો કોઇ ખેડૂત પાસે તમાલપત્રના ૨૦ વૃક્ષ હોય તો દર વર્ષે ઓછામાં ઓછા રૂ. ૬૦,૦૦૦થી ૧,૦૦,૦૦૦ ખૂબ સરળતાથી કમાઇ શકે છે. એક એકરના ખેતરમાં તમાલપત્રના ૨૦૦ થી ૨૫૦ વૃક્ષો વાવી શકાય છે. તમાલપત્ર લૌરેસી પરિવારનું વૃક્ષ છે. ભારતમાં તેને અનેક નામોથી ઓળખવામાં આવે છે. જેમ કે સિંજમોમ તમલા, મલબાર પર્ણ, ભારતીય છાલ, ભારતીય કેસિયા અથવા મલબાશ્રમ તરીકે પણ ઓળખવામાં આવે છે. ભારત ઉપરાંત બાંગ્લાદેશ, નેપાળ, ચીન, ફ્રાન્સ અને ઇટલી તેમજ રશિયા, મધ્ય અમેરિકા, ઉત્તર અમેરિકા અને બેલ્જિયમમાં તમાલપત્રના વૃક્ષ જોવા મળે છે. ભારતમાં તમાલપત્રની ખેતી ઉત્તર પ્રદેશ, બિહાર, કેરળ, કર્ણાટક, મહારાષ્ટ્ર અને પૂર્વોત્તરના રાજ્યોમાં કરવામાં આવે છે. તમાલપત્રના ઝાડના પાંદડાઓમાં લવિંગ જેવી સુગંધ હોય છે, તેથી તેના પાંદડાનો રસોઇમાં મસાલા તરીકે ઉપયોગ થાય છે, જ્યારે તેનું તેલ માથાનો દુખાવો, સાંધાનો દુખાવો, સંધિવા, સોજો વગેરેના રામબાણ ઇલાજ માટે ઉપયોગમાં લેવાય છે. આ ઉપરાંત તમાલપત્રના વૃક્ષના પાંદડાનો ઉપયોગ હર્બલ ચા વગેરે બનાવવામાં પણ થાય છે.



તમાલપત્રનું મસાલા તરીકે સૌથી વધુ ઉત્પાદન ભારતમાં થાય છે. તેથી ભારતમાંથી તમાલપત્રના પાંદડાની નિકાસની ભારે માગ રહે છે. આથી ખેડૂતો માટે તમાલપત્રના વૃક્ષની ખેતી કરવી નફાકારક સોદો છે. પરંતુ પ્રશ્ન એ છે કે તમાલપત્રના વૃક્ષની ખેતી કરવા માટે ક્યા પ્રકારની જરૂરિયાતો જરૂરી છે. ચાલો તેને ક્રમાનુસાર જાણીએ.

### માટી કેવી હોવી જોઇએ

તમાલપત્રની ખેતી કરવા માટે સૌથી યોગ્ય ખડકાળ અને ફળદ્રુપ જમીન હોય છે. જો કે એ ત્યારની વાત છે જ્યારે તમાલપત્રના વૃક્ષો કુદરતી રીતે ઉગાડવામાં આવતા હતા. પરંતુ હવે વૈજ્ઞાનિકોની મદદથી તમામ પ્રકારની જમીનમાં તમાલપત્રનું વૃક્ષ સરળતાથી ઉગાડી શકાય છે. પરંતુ જે જમીનમાં તમાલપત્ર ઉગાડવામાં આવે છે અથવા તેનું વૃક્ષ વાવવામાં આવે છે તે જમીનનું પીએચ મૂલ્ય ૬ થી ૮ની વચ્ચે હોવું જોઇએ. તમાલપત્રના વૃક્ષની જ્યાં સારી ખેતી કરવામાં આવે છે ત્યાંની જમીન સામાન્ય રીતે અન્ય પાકોની જેમ સૂકી અને કાર્બનિક દ્રવ્યથી ભરપૂર હોવી જોઇએ. તમાલપત્રના વૃક્ષને ઉગાડતા અથવા રોપતા પહેલા જમીન તૈયાર કરવામાં આવે છે. આ માટે ઓછામાં ઓછી બે થી ત્રણ વાર જમીન ખેડવી જોઇએ અને પછી છોડ રોપવા જોઇએ. તમાલપત્રના નવા છોડને લેયરિંગ અથવા કલમ દ્વારા રોપવા જોઇએ. કારણ કે તેને બીજમાંથી ઉગાડવું કપરું છે. વળી બીજમાંથી ઉગાડવામાં આવતા વૃક્ષો કલમ કરીને તૈયાર કરાયેલા વૃક્ષો જેટલા તંદુરસ્ત હોતા નથી. તમાલપત્રના વૃક્ષનું વાવેતર કરતી વખતે બે છોડ વચ્ચે ઓછામાં ઓછા ૪ મીટરનું અંતર રાખવું જોઇએ. વળી એ વાતનું પણ ધ્યાન રાખો કે જ્યાં તમાલપત્રની ખેતી કરવી હોય ત્યાં પાણીની યોગ્ય વ્યવસ્થા હોવી જોઇએ. શરૂઆતના બે થી અઢી વર્ષ સુધી તમાલપત્રના છોડને હિમથી સુરક્ષિત રાખવા જોઇએ. ઓછામાં ઓછા એક વર્ષ સુધી તો આ વાતનું ખાસ ધ્યાન રાખવું જોઇશે નહીંતર છોડ મોટા થઇને ઓછા ફળદાયી સાબિત થશે.

વૈજ્ઞાનિકોના મતાનુસાર તમાલપત્રના છોડના યોગ્ય વિકાસ માટે તેને ખાતર આપવું જોઇએ. ૨૦ કિલો ગાયનું છાણ, ૨૦ ગ્રામ નાઇટ્રોજન, ૧૮ ગ્રામ ફોસ્ફરસ અને ૨૫ ગ્રામ પોટાશ દરેક છોડને જ્યારે તે એક વર્ષનો હોય ત્યારે આપવું જોઇએ. ખાતર સામાન્ય રીતે સપ્ટેમ્બર-ઓક્ટોબર મહિનામાં આપવું જોઇએ. જ્યારે છાણનું ખાતર મે-જૂનમાં આપવામાં આવે તો વધુ ફાયદો થાય છે. વળી, જેમ જેમ ઝાડ વધતું જાય છે તેમ તેમ તેને આપવામાં આવતા ખાતરની માત્રામાં વધારો કરવો જોઇએ.

### કઇ રીતે કાળજી લેશો

એકવાર તમાલપત્રનું વૃક્ષ વાવી લીધા બાદ તેની નિયમિત કાળજી ખૂબ જ જરૂરી છે. તમાલપત્રના વૃક્ષની કાપણી નિયમિત સમયાંતરે થવી જોઇએ. જો આ વૃક્ષની સમયસર યોગ્ય સંભાળ લેવામાં આવે તો જલદી સારી રીતે વિકાસ પામે છે. તમાલપત્રનો છોડ એક સદાબહાર છોડ છે. જેના કારણે આખું વર્ષ તેમાંથી પાંદડા નીકળતા રહે છે. પાંદડાની લણણી કર્યા પછી તેને હળવા તડકા અથવા છાંયડામાં સૂકવવા જોઇએ. જેથી તેની સુગંધ જળવાઇ રહે છે. જો આકરાં તાપમાં સૂકવવામાં આવે તો તેની સુગંધ ઘટી જાય છે. તમાલપત્રના બીજમાંથી તેલ પણ નીકળે છે, જે બજારમાં ખૂબ જ મોંઘા ભાવે વેચાય છે. તમાલપત્રનું તેલ કાઢીને પણ સારી આવક મેળવી શકાય છે. તમાલપત્રના વૃક્ષના પાંદડા લાંબા, લીલા અને ચળકતા હોય છે. સામાન્ય રીતે તે ૭ થી ૧૨ સેન્ટિમીટર લાંબા હોય છે. જ્યારે તે ઝાડ પર હોય છે ત્યારે તે લીલા રંગના હોય છે અને જ્યારે તેને તોડીને સૂકવવામાં આવે છે ત્યારે તે ઘેરા બદામી અથવા ક્યારેક હળવા કાળા રંગના થઇ જાય છે. કારણ કે તમાલપત્રનું વૃક્ષ એક ચોક્કસ પેટર્નમાં ઊગતું હોય છે. તેથી તેના ફળો નાના અને કાળા હોય છે. ઘરમાં ઉપયોગ માટે તમાલપત્ર ખરીદતી વખતે યાદ રાખો કે તે સંપૂર્ણ સૂકા હોય અને તેના પર ડાઘ કે કીડાઓ ન હોય. તમાલપત્રનો છોડ હવે લગભગ શહેરની તમામ મોટી નર્સરીઓમાં મળી રહે છે. ખાસ કરીને કૃષિ મેળાઓમાં તમાલપત્રના છોડનું વેચાણ થાય છે. પરંતુ સૌથી શ્રેષ્ઠ માર્ગ ઓનલાઇન પ્લેટફોર્મ દ્વારા વેચાણ કરવાનો છે.

દેશના કેટલાક વિસ્તારોમાં આયુર્વેદિક દુકાનોમાંથી પેકિંગ કરેલા તમાલપત્ર મળી રહે છે. જ્યારે પણ તમે તમાલપત્રનો છોડ ખરીદો ત્યારે ખાતરી કરો કે તે સ્વસ્થ હોય અને તેમાં કોઇપણ પ્રકારના કીટકો, જીવાત કે અન્ય કોઇ રોગ ન હોય. ■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# પાપ ધોવા ગંગા ખરી, પણ પુણ્ય કમાવા કઈ નદી?



ઊપડી બાપુ... આપણને પણ કુંભમેળામાં જવાની જબરી ચળ ઊપડી. પાપનો ઘડો જ નઇ પણ પીપડાંનાં પીપડાં છલકાઈ જાય ને ગણ્યા ગણાય નઈ, વીણ્યા વીણાય નઇ તોય મારી ગંગામાં માય એવા કરોડ પાપીઓ પાપ ધોવા જો શાહીસ્નાન કરવા મેળામાં જતા હોય તો ભૈ મારે કંઈ પાપનાં પોટલાં બાંધી ઉપર નથી જવું. સમજ્યા?

'ભલે હું કાતિલ ઠંડીથી ઠૂઠવાઈ જઉં કે મારું બોડી વાઇબ્રેટર મોડ પર આવી જાય, કાયમ માટે ગંગામાં સમાધિ લેવી પડે, પણ આ વખતે તો કુંભમેળામાં જઈ ત્રિવેણી સંગમમાં એકાદ ડૂબકી મારી મારાં બધાં પાપ ધોઈ કાઢવાં છે. હું બુદ્ધ તો ન બની શકું, પણ શુદ્ધ તો બની શકું... એવો શુદ્ધ આધ્યાત્મિક ભાવ મારા હૈયામાં સળવળ્યો ને મેં આવતી કાલે ગંગા નદીમાં પાપ ધોવા જવાનું એટલે જવાનું. હવે લોચો એ પડ્યો કે ટીવીમાં જેવુ ગીત સાંભળ્યું 'ગંગા મેરી મા કા નામ બાપકા નામ હિમાલા' મા કસમ મારા હૈયામાં ૫૦૦ ગ્રામ ફાળ પડી હું અંદરથી હલબલી ગયો, હચમચી ગયો સમસમી ગયો. મારા ચહેરા પર નાક આકારના અઠ્યાવીસ ને કાન આકારના પચ્ચીસ પ્રશ્નાર્થ ચિહ્ન પ્રગટ થયાં. મારા રૂંવાડાં ઊભાં થઈ ગયાં.... તમે જાણશો તો તમારાં રૂંવાડાં જ નઇ તમે આખાને આખા સળંગ ઊભા થઈ જશો

(હમણાં નઇ, હમણાં વાંચવામાં ધ્યાન આપો) ને... આ સદાબહાર ગીતને સદા બહાર જ રાખવાની જરૂર હતી. આજે જૂઠ બોલે કૌવા નઇ કુત્તા કાટે તો ભી આજ બોલેગા બોલેગા બોલેગા..... મારાથી હવે ચૂપ ન રહેવાય. ખોટું સહન ન થાય. ગંગા ને હિમાલય મારા મા-બાપ હોય તો જેના કારણે જગતમાં મારી હાજરી છે એ મા-બાપને શું વૃદ્ધાશ્રમમાં મૂકી આવવાનાં?. માય ફૂટ! ગંગા કે હિમાલયને તો શું પણ નાના ખાબોચિયાં કે નાની ટેકરીને હું મા-બાપ કેમ કઉ? મારા આત્માનો અવાજ એમ કહે છે કે ગંગા હિમાલયમાંથી નીકળે તો હિમાલયની દીકરી થઈ કે નઈ? હવે જઉં કે ન જઉંએ અવઢવ હતો એટલે બાપુને પૂછ્યું: 'ડિયર બાપુ, રજા આપો તો મારે કાલે પાપ ધોવા કુંભમેળામાં પ્રયાગરાજ જવું છે'

'અલ્યા ચરકટ, બાપુ ઉવાચઃ 'ઘરમાં તારી બાયડી તારાં મેલાં કપડાં હરખાં ધોતી નથી તો ગંગા તારાં પાપ તંબૂરામાંથી ધોશે? બાપાનો માલ છે? તને આવાં તૂત ક્યાં તગારમાંથી ઊપડે છે? જો મેરે લાલ, શેરબજારમાં નહાઈ લીધું હોય એને કુંભમેળામાં નહાવાની જરૂર નથી. અરે, હું તો કઉ છું એવાં પાપ કરો છો જ શું કામ કે પાપ ધોવા ઠેઠ પ્રયાગરાજ સુધી લાંબા થવું પડે?'

'અબે બાપુ , મૈંને પાપ કિયા નહીં આપને મુજસે કરવાયા હૈ'

'મૈં ને? કયા બાત કરતાં હઇ રે, બાબા?'

'ગુજરાતીમે બાત કરતા હૈ રે બાપા, આપણી દુકાનમાં ઘઉંમાં કાંકરા ભેળવવાનું કોણે કીધેલું? તમે. મરચાંની ભૂકીમાં કંકુ મેળવવાનું કોને કીધેલું? તમે. બાજરીના લોટમાં રાખ મેળવવાનું કોણે કીધું? આવી બેઈમાની પછી તમને સત્યનારાયણના મંદિર કોણ લઈ ગયું? તમે... હવે પાપ કરતાં કોણે શિખવાડ્યું..'

'હવે ચૂપ થઈ જા તારે જવું હોય તો ઊપડ તારી શ્રદ્ધા ડગુમગુ ન થવી જોઈએ ને જાય જ છે તો નાગા બાવાનાં પણ દર્શન કરી આવજે.. જીવન ને મૃત્યુ બંને સુધારી જશે'

'ઓકે બાપુ, પણ એક સવાલ હજી મૂંઝવે છે કે ગંગા નદીમાં નહાતી વખતે મોઢું કઈ દિશામાં રાખવાનું?'

'અરે ડોબા, જે દિશામાં કપડાં મૂક્યાં હોય એ દિશામાં નઈતર નાગા બાવાનાં દર્શન કરવાવાળો ખુદ નાગો બાવો બની ગયો એવી લોકવાયકા ફેલાઈ જાય ને સમાજ તારી ગણતરી નાગા બાવામાં જ કરશે!'

બીજા દિવસે ટ્રેન પકડી ને સામે ચંપકલાલ ભટકાયા ને મેં પૂછ્યું: 'ક્યાં ઊપડી સવારી?'

'હવે ૬૫ વર્ષે ક્યાં જવાનું? પ્રયાગરાજ.'

કુંભમેળામાં પાપ ધોવા પછી નવા ઇન્સ્ટોલ કરી પાછા ધોવા અહીં આવવાનું એમ કરતાં કરતાં આ ચક્કરને પચ્ચીસ વર્ષ થઈ ગયાં.'

'ઠાકર, આ પાપ ધોવા ગંગાની શોધ થઈ, પણ પુણ્ય કમાવા કોઈ નદી?'

'પણ તમે ક્યાં કોઈ પાપ કર્યાં છે?'

'બેટા, કોઈના ચહેરા પર પાપ-પુણ્યની રેખા દોરી હોતી નથી. વાત પેટમાં રાખજે... મૈ મંદિરમે જાકે થોડા મંત્રજાપ કર લેતા હું.... ઓર ઈન્સાનસે કભી ભગવાન ન બન જાઉં ઇસલીયે થોડા પાપ ભી કર લેતા હું' એટલામાં કાકા ટીસીની નજર ચૂકવી બાથરૂમમાં સરકી ગયા. ટીસીના ગયા પછી પાછા આવ્યા એટલે મેં પૂછ્યું: 'ક્યાં ગયેલા?'

'પેલો ટી સી આવેલો એટલે.. મેં ટિકિટ નથી લીધી'

'અરે, તમે પાપ ધોવા જાઓ છો ને ટિકિટ કેમ નથી લીધી?' 'અરે, ધોવા જ જવા છે તો ભેગાભેગું એક વધારે'

'બાપરે' આપણને ૪૫૦ વોલ્ટનો ઝાટકો લાગે કે નઈ? જાત્રા કરવા જતાં જતાં પણ પાપ. એટલામાં તો પહોંચ્યા કુંભમેળામાં. સ્નાન કરતાં પહેલાં નાગા બાવાનાં દર્શન કરવાનાં હતાં ત્યાં એક બાવાને જોતાં જ પગ પકડી એને દંડવત્ કર્યાં તો બાવાશ્રી તો મેરોથોનમાં ભાગ લેવાના હોય એમ ભાગ્યા ને હું પણ એમની પાછળ ડબલ જોરથી ભાગ્યો. છેવટે બિલાડી ઉંદરને પકડે એમ પગ પકડી હું બોલ્યો : 'પ્લીઝ બાબા આશીર્વાદ આપો'

'અરે, હું નાગો બાવો નથી. મારા કપડાં કોઈ લઈ ગયું છે અને ધ્યાન રાખ, કુંભમાં દેખાતા બધા બાવા, બાવા નથી હોતા અમુક સ્ટોક માર્કેટના ઇન્વેસ્ટર હોય છે' હું એટલો બધો શરમિંદો પડી ગયો કે મારી આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. ઈશ્વર હજી ઓળખાય પણ માણસ જલદી નથી ઓળખાતો.

'ચલ, એક મંદિરમાં મારી સાથે એક નવી જ વાત જાણવા મળશે' કાકો બોલ્યો ત્યાં મંદિરમાં ત્રણ બહેન નામે ગોદાવરી, કાવેરી તાપી જેવી ઘણી નદીઓએ ઈશ્વરને ફરિયાદ કરી 'પ્રભુ, આ તારું કેવું ગણિત? ગંગામાં રોજનાં કેટલાં પાપ ધોવાય છે તોય ગંગા પવિત્ર તો પ્રભુ, વોટ્સ રોંગ વિથ અસ? અમારું પાણી ઝેર છે? અરે, અત્યારે તો નર્મદા ઘરે ઘરે પાણી પહોંચાડે તો , ગંગાજીએ થોડો વખત એ પવિત્ર સ્થાન નર્મદાને ન આપવું જોઈએ?'

'વેઇટ,બધી નદી સાંભળો' પ્રભુ બોલ્યાઃ 'થોડા વખતમાં જેમ અલગ અલગ ગુનાની અલગ અલગ સજા હોય છે એમ અલગ અલગ પાપો ધોવાની અલગ નદીઓ જાહેર કરાશે'

'એકઝેટલી પ્રભુ, બહારનો મેલ ગંગા ધોશે પણ અંદરનો મેલ ધોવા કઇ નદી?' મેં પૂછ્યું

'હે વત્સ, કેટલાંક પાપ એવાં હોય છે કે એને ગંગાજળના ઇન્જેકશન આપો કે ગ્લુકોઝની જેમ બાટલા ચડાવો, પણ અંદરના પાપ ક્યારેય નઇ ધોવાય'

'તો મારે શું કરવું, પાપ ધોવા ગંગામાં ડૂબકી મારું કે નઇ?'

'મારા વહાલા, પાપ ધોવા ક્યાંય જવાની જરૂર નથી તું ભીતરથી શુદ્ધ થા ને મન ચંગા તો કથરોટમે ગંગા'

શું કહો છો? ■

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# શરીર ને મન બંને પર વારસાની અસર તો થાય...

(ગતાંકથી ચાલુ)

આધુનિક મનોવિજ્ઞાન અને આધુનિક ચિકિત્સાવિજ્ઞાન અપસ્મારનાં કારણો વિશે શું કહે છે તે હવે આપણે જોઇએ. અપસ્મારનાં કારણો વિશે અનેક સિદ્ધાંતો રજૂ થયા છે. એમાંના ત્રણ પ્રધાન છેઃ

**(૧) આવયવિક કારણોઃ**

જેક્સન નામના નાડીવૈજ્ઞાનિકે શોધી કાઢ્યું છે કે મગજમાં રહેલા જ્ઞાનતંતુઓમાંથી પ્રગટ થતાં વિદ્યુતકંપનો જ્યારે અસ્તવ્યસ્ત બને છે, ત્યારે વ્યક્તિ પોતાના શરીર પરનો કાબૂ ગુમાવે છે. જેક્સને મગજની વિદ્યુત -લહરોનું માપન કરનાર યંત્ર ઇ.ઇ.જી. (ઇલેક્ટ્રો-એન્સેફેલોગ્રામ) વડે સિદ્ધ કર્યું છે કે અપસ્મારના કુલ રોગીઓમાંથી ૮૫ ટકાથી પણ વધારે રોગીઓના મગજની વિદ્યુતલહેરો (બફિશક્ષ ફૂદ્યત)માં પરિવર્તન જોવા મળ્યું છે.

અપસ્મારનો હુમલો મગજની ક્રિયાઓમાં વિઘ્ન આવવાને કારણે કે અટકી જવાને કારણે આવે છે. હુમલા દરમિયાન મગજમાં લોહીની ભ્રમણક્રિયામાં અવરોધ ઉત્પન્ન થાય છે. એવી હકીકતો નોંધાઇ છે. પ્રાણવાયુની કમી પણ જવાબદાર છે. તેમ પણ નોંધાયું છે.

શરીરની જૈવરાસાયણિક ક્રિયાઓમાં ઉત્પન્ન થતી અનિયમિતતા અને અવરોધો અમુક હદથી વધારે તીવ્ર બને ત્યારે મગજમાં એક પ્રકારનું વિષ ઉત્પન્ન થાય છે. આ ક્ષતિને કારણે મગજની છાલના તંતુઓ અતિશય નબળા પડે છે. અપસ્માર મગજની છાલના સીધા ઉદ્દીપનનું પરિણામ છે. મગજના જ્ઞાનતંતુઓમાં અસાધારણ ક્રિયાઓ ઉત્પન્ન થાય છે. તેને પરિણામે દરદીમાં અપસ્મારનાં ચિહ્નો જોવા મળે છે.

મગજ પર કોઇ ભયંકર ઘા થયો હોય કે કેફી પદાર્થોને લીધે મગજ પર અસર થઇ હોય તોપણ તેને લીધે અપસ્મારનાં ચિહ્નો જન્મે છે.

મૂત્રપિંડનો રોગ કે ગ્રંથિઓ સાથે સંબંધ ધરાવતા રોગીના મગજ પર વિપરીત અસર થાય છે. તેના પરિણામે પણ અપસ્મારનાં લક્ષણો પ્રગટે છે.

કેટલીક મહત્ત્વપૂર્ણ ચયાપચયની ક્રિયાઓમાં ગરબડ પેદા થાય, લોહીમાં સાકરના પ્રમાણનું સંતુલન બગડી જાય કે અંતઃસ્રાવી ગ્રંથિઓમાં અવ્યવસ્થા જન્મે તોપણ અપસ્માર જન્મી શકે છે.



ટૂંકમાં, આ સિદ્ધાંતના પુરસ્કર્તાઓ એમ માને છે કે અપસ્મારનું કારણ મગજની કોઇક પ્રકારની અસ્તવ્યસ્તતામાં છે, એટલે કે અપસ્મારનું કારણ શારીરિક છે.

**(૨) મનોવૈજ્ઞાનિક કારણોઃ**

આ સિદ્ધાંત પ્રમાણે અપસ્મારનાં કારણો માનસિક છે અને અપસ્માર માનસિક વિકૃતિ છે, તે માનનારા એમ કહે છે કે અત્યંત અસમતોલ વ્યક્તિત્વ અને કાબૂ બહારના આવેગોને કારણે અપસ્મારની વિકૃતિ જન્મે છે.

આવી વ્યક્તિઓને જ્યારે નિષ્ફળતા મળે ત્યારે હતાશાનો સામનો કરવાને બદલે વધારે પ્રમાણમાં મનોરચનાઓનો આશ્રય લે છે. પરિણામે તેમનાં ચિત્ત પર થયેલી હતાશાની તેમના જ્ઞાનતંતુઓ ઉપર અસર પડે છે અને તે અપસ્મારના પરિણામરૂપે પ્રગટ થાય છે.

અપસ્મારના રોગીઓના વ્યક્તિત્વની રચનાનો અભ્યાસ કરતાં જાણવા મળ્યું છે કે ચીડિયાપણું, અતિશય આત્મકેન્દ્રીપણું, અતિશય સંવેદનશીલતા, ભાવાત્મક નિર્બળતા આદિ લક્ષણો ધરાવનાર વ્યક્તિઓ સરળતાથી અપસ્મારનો ભોગ બને છે.

**(૩) વંશાનુગત કારણોઃ**

અપસ્મારની વિકૃતિ મગજના જ્ઞાનતંતુઓ સાથે સંબંધિત હોવાથી વારસાગત છે, તેમ માનવામાં આવે છે. ઘણાં દરદીઓનાં કુટુંબીઓ આ રોગનો ભોગ બને છે, તેવું જોવા મળે છે.

એકદળ જોડિયાં બાળકોમાંના એકને અપસ્મારની ફિટ આવતી હોય તો મોટો ભાગે બીજાને પણ આવે છે.

મગજની અમુક નબળાઇ વારસામાં મળે છે, જે અપસ્મારનું કારણ છે.

નબળા જ્ઞાનતંતુઓ, શારીરિક નબળાઇ કે અશક્તિ વધારે હોય અને મળી મગજને કોઇક સ્વરૂપે ઇજા થઇ જાય તો આ દરદ થાય છે.

વંશાનુગત કારણોને આપણે અપસ્મારની કારણમીમાંસામાં સ્થાન આપેલ છે, કારણ કે આ રોગમાં વંશાનુગત પરિબળો જોવા મળે છે. આમ છતાં આ રોગની કારણમીમાંસામાં મુખ્ય બે જ પરિબળો ગણાય- શારીરિક અને માનસિક. વંશાનુગત પરિબળો તો શારીરિક અને માનસિક બંને સ્વરૂપનાં કારણોને પ્રભાવિત કરે જ છે.

શરીર અને મન બંને પર વારસાની અસર તો હોય જ છે, તેથી હવે આપણી પાસે પ્રશ્ન એ છે કે અપસ્મારનું મુખ્ત કારણ માનસિક છે કે શારીરિક?

મનોવૈજ્ઞાનિકો આ રોગને માનસિક રોગ ગણે છે અને જ્ઞાનતંતુના નિષ્ણાતો આ રોગને શારીરિક રોગ ગણે છે. બંનેમાંથી કોણ સાચું? પ્રશ્ન અનુત્તરિત છે.

રોઝેન ઓફે અપસ્મારનો સૂક્ષ્મ અભ્યાસ કરીને તારવી બતાવ્યું છે કે હિસ્ટીરિયાનું કારણ માનસિક હોય છે. પરંતુ અપસ્મારનું કારણ શારીરિક હોય છે.

અપસ્મારના રોગનો નિશ્ચિત ઇલાજ મળી શક્યો નથી. આમ છતાં ફેનોબાબિંટલ, ડિલેન્ટીન, મેસાન્ટોઇન, ટ્રિડિઓન, માઇસોલીન, ફેનેટોઇન, એબ્સોલીન આદિ દવાઓનો ઉપયોગ અપસ્મારના ઇલાજ તરીકે કરવામાં આવે છે.

ક્વચિત મગજના ઓપરેશન દ્વારા પણ અપસ્મારની ચિકિત્સા કરવામાં આવે છે. અપસ્મારના રોગમાં શારીરિક કારણોને પ્રધાન ગણીએ તોપણ માનસિક પરિબળોનો સર્વથા ઇનકાર કરી શકાય નહીં. તેથી દરદીને ઉચિત મનોવૈજ્ઞાનિક વાતાવરણ આપવું હિતાવહ છે. આનંદી અને સ્વસ્થ જીવનપદ્ધતિ ફિટને ઓછી કરે છે. દરદી પ્રત્યે પ્રેમપૂર્વક વ્યવહાર કરવો, તેની કાળજી રાખવી, તેનું જીવન નિષ્ક્રિય અને નિરુત્સાહી ન બને, પરંતુ કાર્યશીલ અને ઉમંગપૂર્ણ બને તેવા ઉપાયો યોજવા અને દરદીના જીવનમાં આંતરિક સંતોષ જન્મે તેમ કરવું જોઇએ.

આ સ્વરૂપના મનોવૈજ્ઞાનિક ઉપાયો દ્વારા અપસ્મારની ચિકિત્સામાં ઘણી સહાય મળે છે.

અત્યાર સુધી આપણે અપસ્મારનાં સ્વરૂપ, પ્રકારો, કારણો અને ચિકિત્સાનો આધુનિક મનોવિજ્ઞાન અને આધુનિક ચિકિત્સાવિજ્ઞાનની દૃષ્ટિએ વિચાર કર્યો છે.

હવે આપણે યૌગિક દૃષ્ટિકોણથી અપસ્મારનો કરીએ.


અપસ્માર શું છે?

યોગ મૂલતઃ અધ્યાત્મવિદ્યા છે, ચિકિત્સાપદ્ધતિ કે માનસચિકિત્સાવિજ્ઞાન નથી તેથી સ્વાભાવિક જ છે કે યોગમાં અપસ્મારની કારણમીમાંસા કે ચિકિત્સાનો વિશેષ રૂપે વિચાર થયો નથી. આપણે અપસ્મારના સ્વરૂપને સમજીને તથા યોગવિદ્યાને સમજીને, તેમના આધારે અપસ્મારના કારણ અને ચિકિત્સાવિષયક યૌગિક દૃષ્ટિકોણ અને પદ્ધતિનું નિર્ધારણ કરવાનું છે.

આપણે જોયું છે તે પ્રમાણે આધુનિક મનોવિજ્ઞાન અને ચિકિત્સાવિજ્ઞાનમાં અપસ્મારનું કારણ બે સ્થાન બતાવવામાં આવે છે. એક દૃષ્ટિકોણ રોગનું કારણ મનમાં બતાવે છે અને બીજો દૃષ્ટિકોણ રોગનું કારણ શરીરમાં બતાવે છે. (ક્રમશઃ) ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# ખટમધુરા બોરમાં સમાયેલા છે અનેક સ્વાસ્થ્યવર્ધક ગુણો




બોરનું નામ વાંચતાં કે સાંભળતાંની સાથે ભગવાન શ્રી રામ તથા રામભક્ત શબરીની કથા આંખો સમક્ષ તાજી થઈ જાય. બોરને ભારતના 'પ્રાચીન ફળ' તરીકે ઓળખવામાં આવે છે.'ચીની સફરજન' તરીકે જાણીતા છે. વાનસ્પતિક નામ 'જિજિફસ મોરિસિયાના' છે. બોર સાથે પ્રત્યેક વ્યક્તિની બાળપણની યાદ સંકળાયેલી જોવા મળે છે. એક સમય એવો હતો કે જ્યારે રિસેશ પડે ત્યારે શાળાની બહાર રેકડીમાં બોર-જામફળ-આથેલાં આમળાં-કોઠું-કાચી કેરી, ગરમાગરમ સિંગ-ચણા જેવી વિવિધ વસ્તુઓ વેચાતી મળતી. બોરની ઉપર ચટપટો મસાલો છાંટીને ખાવાની મજા કાંઈક અલગ જ હતી. ભગવાન શિવનું પ્રિય ફળ બોર જ છે. તેથી જ શિવરાત્રીના પર્વમાં ભગવાન શિવજીને બોરનું નૈવેધ અચૂક ધરાવવામાં આવે છે. વસંત પંચમીના દિવસે મા સરસ્વતીને બોરનું નૈવેધ ધરાવ્યા બાદ બોર ખાવાની પ્રથા ભારતમાં જોવા મળે છે.

એવું જાણવા મળે છે કે નાના અમથા ફળમાં અનેક પ્રકારના ઔષધીય ગુણો સમાયેલા છે. મોસમી ફળ હોવાને કારણે શિયાળામાં તે ઢગલામોઢે જોવા મળે છે. બોર માટે એવું કહેવાય છે કે સ્વાસ્થ્ય માટે આવશ્યક તેવાં ૨૪માંથી ૧૮ એમીનો ઍસિડ તેમાં સમાયેલાં છે. પૌષ્ટિક તત્ત્વોની વાત કરીએ તો વિટામિન, ખનીજ તથા શર્કરાની માત્રા સમાયેલી હોય છે. બોરમાં મુખ્ય વિટામિન, રાઈબોફ્લેવિન તથા થાયમિન સમાયેલાં છે. બોરમાં પ્રોટીન, પોટેશિયમ, કૅલ્શ્યિમ જેવાં અનેક પોષક સત્ત્વો સમાયેલાં છે. વિટામિન એ તથા વિટામિન સીની માત્રા ભરપૂર છે, બોરનો આહારમાં ઉપયોગ વિવિધ બીમારીની સામે લડવાની ક્ષમતા વધારે છે. ભારત સાથે વિશ્વના અનેક દેશો જેવા કે ચીન, યુરોપ, રશિયામાં બોર ઉગાડવામાં આવે છે. બોરના ઠળિયામાં કૅન્સર સામે લડવાની ક્ષમતા જોવા મળે છે. ભારતમાં બોરમાં વિવિધ પ્રકાર જોવા મળે છે. જેમાંથી ચોક્કસ પ્રકારના બોરનું સેવન કરી શકાય છે. બોર કાચા હોય ત્યારે લીલા રંગના હોય છે. પાકી ગયા બાદ આછા લાલ રંગના બની જાય છે. હાલમાં તો બજારમાં લીલા રંગના મોટા બોર જોવા મળે છે. જે સ્વાદમાં થોડા ફિક્કા હોય છે. બોર માટે નિષ્ણાત ખોરાકના ઈતિહાસકારો (ફૂડ હિસ્ટોરિયન)ના મત મુજબ બોરની ઉત્પત્તિ ૪૦૦૦ વર્ષ પૂર્વે ચીનમાં થઈ હતી. તો વિશ્વકોશ બ્રિટાનિકામાં જણાવ્યા અનુસાર ચીનમાં સૌ પ્રથમ બોરની ખેતી જોવા મળતી, ત્યાર બાદ ભારત, અફઘાનિસ્તાન, મલેશિયા, લેબેનોન, ઈરાન ક્વીન્સલૅન્ડ તથા ઑસ્ટ્રેલિયાના કેટલાક ભાગમાં બોરની ખેતી કરવામાં આવતી.

બોરનો ઉપયોગ વિવિધ ઔષધિ બનાવવામાં લાંબા સમયથી થતો આવ્યો છે. જો પ્રમાણભાન રાખીને બોરનું સેવન કરવામાં આવે તો શરીરને અનેક ફાયદા મળી રહે છે. ભારતમાં બોરનું અથાણું, મુરબ્બો તથા મુખવાસ બનાવવામાં આવે છે.

## બોરનું અથાણું



**સામગ્રીઃ** ૫૦૦ ગ્રામ પાકેલાં બોર, ૨ ચમચી વરિયાળી, ૨ ચમચી અજમો, ૨ ચમચી જીરૂ, ૨ ચમચી આખા ધાણા, ૫-૬ નંગ આખા લાલ મરચાં, ૧ ચમચી રાઈના કુરિયા, અડધી ચમચી મેથીના કુરિયા, ૨ ચમચી શેકેલું મીઠું, ૪ ચમચી સિંગતેલ, ૧ ચમચી હિંગ

**બનાવવાની રીતઃ** સૌ પ્રથમ બોરને બરાબર સાફ કરીને ૨ કલાક તડકે સૂકવવા. બોરને થોડા દબાવી દેવા. બી કાઢવાની આવશ્યક્તા નથી. હવે એક કડાઈમાં સૌ પ્રથમ મીઠું શેકી લેવું. તેને એક બાજુ કાઢી લેવું. કડાઈમાં વરિયાળી, જીરૂ, આખા ધાણા, લાલ મરચાં, શેકી લેવા. સુંગધ આવે ત્યાર બાદ આંચ ઉપરથી ઉતારીને વાટી લેવું. રાઈ મેથીનાં કુરિયાં શેકી લેવાં. હવે તે કડાઈમાં તેલ ગરમ કરવું. તેલ ઠંડું થાય ત્યાર બાદ તેમાં હિંગ ભેળવીને બોર ઉમેરવા. તૈયાર કરેલો મસાલો, મીઠું, રાઈ-મેથીના કુરિયા વગેરે ભેળવીને કાચની સ્વચ્છ બરણીમાં ભરી લેવું. એક સપ્તાહ બાદ બોરનું ચટપટું અથાણું ચાખવા માટે તૈયાર થઈ જશે. ગરમાગરમ બાજરાના રોટલાં કે જુવારની રોટલી સાથે ખાવું.

**પાચનક્રિયામાં સુધારો લાવે છેઃ** બોરમાં ડાયેટરી ફાઈબર તથા કાર્બ્સની માત્રા સમાયેલી છે. બોરનું સેવન કરવાથી શરીરમાં શક્તિનો સંચાર થાય છે. ફાઈબરની સાથે ચોક્કસ પ્રકારના મિનરલ્સ તથા વિટામિનની માત્રા હોવાને કારણે બોરનું સેવન પાચનક્રિયાને મજબૂત બનાવે છે. લાંબા સમયથી પેટમાં ગેસ-અપચાની તકલીફ રહેતી હોય તેમના માટે બોરનું સેવન વરદાન સમાન છે.

**હાડકાંની મજબૂતાઈ માટે ગુણકારીઃ** બોરમાં કૅલ્શિયમ, ફોસ્ફરસની માત્રા છે. જે હાડકાંની મજબૂતાઈ જાળવી રાખવામાં મદદ કરે છે. આર્થરાઈટીસની તકલીફ ધરાવતા દર્દીઓ માટે બોરનું સેવન લાભદાયક ગણાય છે. બોરમાં ઍન્ટિ-ઈન્ફલેમેટરી ગુણો સમાયેલા છે. જેને કારણે બોરનું સેવન કરનાર વ્યક્તિના શરીરમાં સોજાની સાથે બળતરા કે દુખાવાની તકલીફમાં રાહત મળી શકે છે.

**ત્વચા ચમકદાર બને છેઃ** બોરમાં વિટામિન સી તથા ઍન્ટિઑક્સિડન્ટનું પ્રમાણ જોવા મળે છે. જે ત્વચાને ચમકીલી બનાવવાની સાથે વધતી વયને કારણે ત્વચા ઉપર પડતી અસરને ધીમી પાડવામાં મદદ કરે છે. વિટામિન સીનું પ્રમાણ ભરપૂર હોવાને કારણે બોરનું સેવન કરવાથી ત્વચાની ચમક જળવાઈ રહે છે. ત્વચા ઉપર કરચલી કે કાળા ડાઘનું પ્રમાણ ઘટવા લાગે છે.

**લોહીનું પરિભ્રમણ સુધારવામાં લાભકારીઃ** ખટમધુરા બોરમાં મિનરલ્સ જેવાં કે પોટેશિયમ, ફોસ્ફરસ, મેંગેનિઝ, આયર્ન તથા ઝીંક સમાયેલાં છે. ઉપરોક્ત મિનરલ્સને કારણે હૃદય સંબંધિત તકલીફથી બચી શકાય છે. આયર્નનું પ્રમાણ વધુ હોવાને કારણે લોહીમાં હિમોગ્લોબીનની માત્રા વધે છે. જેને કારણે શરીરમાં લોહીનું પરિભ્રમણ નિયમિત થવા લાગે છે.

એવું જાણવા મળે છે કે બોરનું સેવન કરવાથી વ્યક્તિ માનસિક તાણથી મુક્ત બને છે. નિયમિત મોસમી ફળનું સેવન કરવાથી મન શાંત બને છે. શરીર તાજગી અનુભવે છે. બોરમાં ફોસ્ફરસની માત્રા સમાયેલી છે જે હાડકાંને મજબૂત બનાવી રાખવામાં મદદ કરે છે.

**બ્લડ પ્રેશરને નિયંત્રણમાં રાખવામાં ગુણકારીઃ** બોરમાં નમકની માત્રા ઓછી તથા પોટેશિયમની માત્રા અધિક હોય છે. બંને સાથે મળીને બ્લડ પ્રેશરને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. બોરમાં આયર્ન તથા ફોસ્ફરસની માત્રા વધુ હોય છે. જેને કારણે લોહીનું પરિભ્રમણ નિયમિત થવા લાગે છે. લોહીની કોશિકા કે નસ બોરના સેવન બાદ શાંત બને છે. લોહીનું પરિભ્રમણ સુચારુ રીતે થવા લાગે છે. જેથી બ્લડપ્રેશર નિયંત્રણમાં રહે છે. ■

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# ઔષધિય ગુણોથી ભરપૂર 'બાંબુ મીઠું'



મીઠા (નમક) ને સ્વાદનો રાજા કહેવામાં આવે છે. મીઠા વગર કોઇપણ વાનગી અધૂરી છે. ગમે તેટલું સ્વાદિષ્ટ ભોજન બનાવવામાં આવે, પરંતુ મીઠું ન ઉમેરવામાં આવે તો ભોજન અધૂરું લાગે. મીઠું જે ઔષધિય ગુણવાળુ હોય તો સોનામાં સુંગધ ભળે સમુદ્રી મીઠું ઉત્તમ મીઠું છે. સમુદ્રી મીઠામાં પ્રક્રિયા કરીને ઔષધિય ગુણવાળું મીઠું બનાવવામાં આવે છે. આ મીઠું છે 'બાંબુ મીઠું' જે ઉચ્ચ ગુણવત્તાવાળું અને સૌથી મોંઘું મીઠું છે. આને પ્રાકૃતિક રૂપથી શેકીને બનાવવામાં આવે છે.

હજારો વર્ષ પહેલા કોરિયા દેશમાં આ નમક બોદ્ધ ભિક્ષુક દ્વારા બનાવવામાં આવ્યું હતું આને કોરિયામાં જુડિયામ નામથી ઓળખાય છે. જે બાંબુમાં ભરીને માટીથી સીલ કરીને શેકવામાં આવે છે. બાંબુની મહત્તા વિશે અગાઉના લેખમાં માહિતી આપી હતી. બાંબુ એ ઔષધિ ગુણોનો ભંડાર છે. બાંબુ ઉચ્ચ પ્રકારનું કેલ્શિયમ હોય છે. જે તૂટેલા હાડકાં જલદી જોડે છે. કેલ્શિયમની ઓછપને કારણે થતાં રોગો પર જલદી કાબૂ મેળવે છે. આ ઔષધિ ગુણોની પરખ કરીને બોદ્ધ ભિક્ષુકે આ બાંબુ મીઠું બનાવ્યું, જે આને ત્રણથી નવ વખત શેકવામાં આવે છે. જેટલું વધુ શેકાય તેટલું વધુ ગુણોવાળું બને છે. આ મીઠું કોરિયા, ચીન વિયેતનામ જેવા દેશોમાં મોટા પ્રમાણમાં બનાવવામાં આવે છે. આ ઔષધિ ગુણો અનોખા અને પ્રાચીન છે. જેના અગણિત સ્વાસ્થ્ય લાભો છે. પારંપારિક ચિકિત્સા માટે આ શક્તિશાળી પ્રાકૃતિક ઉપાય છે. વિશ્વના ઘણાય દેશો આનું મહત્ત્વ સમજીને આનો ઉપયોગ ચિકિત્સા માટે કરી રહ્યા છે.એન્ટિ ઇન્ફલમેટરી અને એન્ટિ ઓક્સિડન્ટ જેવી મેડિકલ પ્રોપર્ટી છે.

ભારતમાં આ નમકની શરૂઆત થોડા વર્ષ પહેલાં જ થઇ છે. પંજાબ પ્રાંતના હોશિયારપુરમાં આ મીઠું બની રહ્યું છે. તે બહારના દેશ કરતાં થોડું સોઘું છે. આ મીઠું બનાવવા માટે પચ્ચીસથી પચાસ દિવસ લાગે છે. બાંબુમાં ભરીને શેકવાથી આનો રંગ બદલાઇ જાય છે. પરપલ ઝાય વાળાં કાળા રંગનો હોય છે. આ સ્વાસ્થ્ય માટે ખૂબ જ પ્રભાવશાળી છે. આ મીઠા વિશેની જાણકારી આપણે ત્યાં નહીવત છે. મોઘું હોવાને કારણે તેમ જ ખૂબ જ મહેનત અને લાંબી પ્રક્રિયાથી બનતું હોવાથી લોકો હજુ આ મીઠા માટે માહિતગાર નથી.

વાંસનુ મીઠું એક ઉચ્ચ ઊર્જાવાળું ભોજન છે. બાંબુ મીઠું કેલ્શિયમનો ખજાનો છે. વધુ શેકવાને કારણે આ શક્તિશાળી દૂર-અવિરત પ્રકાશ છોડે છે. જે શરીરના તરલ પદાર્થમાં હાઇડ્રોજન પરમાણુઓની કોશિકાઓને પુનર્જીવિત કરવા અને ચયાપચને ગતિ આપે છે. જે પ્રતિ સેંકડ એક ટ્રિલિયનના દરથી કંપન કારણ બને છે. જેથી ચયાપચન વેગવાન બને છે. વાંસનું મીઠું શરીરના દુષ્પ્રભાવને સાફ, નિયંત્રિત અને પોષિત કરે છે. તેમ જ પોષક તત્ત્વોનું અવશોષણના દરને દસ ગણું વધારે છે. આમાંના એંસીથી વધુ ખનિજો જે પ્રતિરક્ષા પ્રણાલીને વધારી દે છે. રક્ત કોશિકાઓને સાફ રાખે છે. જેથી હૃદયનું સ્વાસ્થ્ય અનેકગણું વધી જાય છે. કેલ્શિયમની માત્રા પ્રર્યાપ્ત હોવાને કારણે હાડકાં, દાંત, નખ અને વાળને મજબૂતી આપે છે. સ્નાયુઓના દર્દને મિટાવી દે છે. ઓસ્ટીયો પોરોસીસ જેવી બીમારી થવા દેતા નથી અને થઇ હોય તો સુધાર કરે છે.



દાંતના મસૂડાના સોજા તેમ જ ગોઠણના સોજા અને સાંધાઓના સોજા કાઢવામાં મદદ કરે છે. મુખના સ્વાસ્થ્ય માટે આનું મંજન કરવું જોઇએ. અપચો, એસિડ રિફલકસ કબજિયાતને સાજા કરે છે. ક્ષારીય પ્રભાવ કારણે પેટના એસિડને સાજો કરે છે.

બાંબુ મીઠાની બાષ્પ લેવાથી શ્ર્વસન કિયામાં સુધારો થાય છે. અસ્થમા, બ્રોંકાઇટીસ અને સાઇનેસાઇટીસ માટે ફાયદાકારક છે. કફને પાતળો કરી કાઢી નાખે છે.

ત્વચાના સ્વાસ્થ્ય અને નારિયેળ તેલમાં નાખી સ્કબ કરી શકાય છે. વાંસનું મીઠું એક મજબૂત વિષ હરણ એજન્ટ છે. આની મજબૂત ભેદન ક્ષમતા ઝેરને બે અસર કરવામાં તેજી લાવે છે. આની અંદર અદ્ભુત પુર્ન સ્થાપન ક્ષમતા છે. જે શરીરનાં ટ્રેસ તત્ત્વોને આવશ્યક અનુપાત અને શરીરના તરલ પદાર્થના પી.એચ.ને સંતુલિત કરે છે. (એટલે કે આલ્કલાઇન બનાવે છે) ૭.૩૫-૭.૪૫ના પી.એચ.માનકવાળા માનવ રક્તમાં કીટાણુ જીવીત રહેતા નથી. તેનું સ્વાસ્થ્ય ઉચ્ચ ગુણવતાવાળું હોય છે. વાંસનું મીઠું પી. એચ.માં સુધારો કરે છે.


બાંબુ મીઠું રક્તકોશિકાઓને સાફ કરવા માટે મહત્ત્વપૂર્ણ છે. જે અંદરનાં અવયવોને ડિ. ટોકસીફાઇ કરે છે અને સેલુલર મેટાબોલીઝમને ઉત્તેજિત કરે છે. સાથે સાથે પાણી અને ભોજન પર ધારીય પ્રભાવ નાખે છે. જે પ્રતિરક્ષા પ્રણાલીને દીર્ઘકાલીન લાભ પ્રદાન કરે છે.

વિશ્વનાં ઘણાં ચિકિત્સા કેન્દ્રોમાં આનો ઉપયોગ થઇ રહ્યો છે. મોઘું હોવાને કારણે સામાન્ય લોકો આનાથી વંચિત રહે છે. આ ઉદ્યોગ મહેનતવાળો છે. સાથે સાથે નફાકારક છે. તે બે રીતે સ્વાસ્થ્યના લાભો અને સમુદ્રી મીઠું સસ્તું છે તેને આ પ્રકારે બનાવીને મોટો નફો કમાવી શકાય છે. બાંબુ ઉદ્યોગને હાલની ભારત સરકાર ખૂબ જ મહત્ત્વ આપે છે. આ ઉદ્યોગ માટે વિત્તીય પ્રાવધાન પણ આપે છે. આ ઉચ્ચ ગુણવાળું મીઠું બનાવવાનો પ્રચાર વધારવો જોઇએ. જેથી સામાન્ય લોકો પણ આનો લાભ લઇ શકે.

સરળતાથી આ મીઠું મળતું નથી. ઓનલાઇન મળી રહે છે. અત્યારના સમયમાં મળતાં પેકેટવાળા નમક સાવચેતીથી ખરીદવા. કેમિકલનું પ્રમાણ અધિક હોવાથી કે વધુ સોડિયમ હોવાથી શરીરમાં બગાડ વધારી દે છે. જેથી બી. પી. ની સમસ્યા વધી રહી છે. બી. પી. ની દવાઓમાં સોડિયમ અને કેમિકલ જે કિડનીની સમસ્યાઓ વધારી દે છે. સમુદ્રી નમક અથવા બાંબુ નમકનો ઉપયોગ હિતવાહ છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# કેવી છે પથરીની પળોજણ ....




**શું આપ જાણો છો?...**

* વિશ્વમાં ૨૦માંથી ૧ વ્યક્તિને જીવનકાળ દરમિયાન પથરી થાય છે.
* સ્ત્રીઓ કરતાં પુરુષોને પથરી વધુ પ્રમાણમાં થાય છે.

હવે જાણી લો, પથરી એટલે શું?

કિડની કે મૂત્રમાર્ગમાં કડક સ્ફટીક જેવું ખનિજ કે જે, કેલ્શિયમ ઓકઝેલેટ્સ, ફોસ્ફરસ, યુરીકએસિડ વગેરેથી બનેલું હોય છે.

**પથરી થવાનાં લક્ષણઃ**

જો પથરી નાની હોય તો તે પોતાની રીતે પેશાબ દ્વારા બહાર નીકળી જાય છે, પરંતુ જો મોટી હોય તો એનાં લક્ષણો આવાં હોય છે.

* કમર, મૂત્રાશય, નાભી, મસ્તક વગેરેમાં ખૂબ જ દુઃખાવો થાય.
* પથરી જયારે કિડનીમાંથી મૂત્ર નળીમાં આવે ત્યારે મૂત્રનળી સાંકડી હોવાથી મૂત્ર વિસર્જન સમયે ખૂબ જ પીડા થાય છે અને પેશાબમાં લોહી પણ આવી શકે છે.
* વારંવાર થોડો થોડો પેશાબ થવો, પેશાબમાંથી દુર્ગંધ આવવી અને શરીરમાં પરસેવો વધુ વળવો.

**શું છે પથરી થવાનાં કારણ ? :**

* ૨૦થી ૪૦ વર્ષ સુધીના લોકોને પથરી વધુ પ્રમાણમાં થાય છે.
* મૂત્રના વેગને રોકવાથી પથરી થવાની સંભાવના વધી જાય છે.
* વધુ પડતા ગળ્યા, ખારા અને ક્ષારવાળા પદાર્થોના સેવનથી પથરી થાય...
* પાણી ઓછું પીવાથી તેમ જ પેશાબ ઓછો આવવાથી પણ થાય,,,
* દારૂના વ્યસનથી.
* વધારે તડકામાં રહેવાથી કે વધારે શ્રમ કરવાથી.
* જાડાપણું, ડાયાબિટીસ કે વધારે બ્લડપ્રેશર હોવાથી.
* મૂત્રાશયનું ઇન્ફેકશન થવાથી.
* અમુક પ્રકારની દવાઓના સેવનથી.
* સંભોગ વખતે વીર્યના વેગને રોકવાથી.
* અમુક લોકોને વારસાગત પણ થઇ શકે છે.

**પથરી વિશે આ પણ જાણવું જરૂરી છે....**

* પથરીના દર્દીએ આહારમાં આ ત્રણ વાત ધ્યાનમાં રાખવી જરૂરી છે.
* પથરી મોટે ભાગે કેલ્શિયમ ઓકઝેલેટ્સથી બનેલી હોય છે એટલે...

(૧) ઓછા સોડિયમયુક્ત (મીઠાયુક્ત) આહાર લેવા કેમ જે, ખોરાકમાં વધુ મીઠું (સોડિયમ) આવવાથી તે વધારાનું સોડિયમ લોહીમાં રહેલ કેલ્શિયમને કિડનીમાં જમા કરશે. પછી કિડની તે કેલ્શિયમને મૂત્રનળી દ્વારા બહાર કાઢવાનો પ્રયત્ન કરે છે, તેથી મૂત્રનળીમાં કેલ્શિયમની પથરી થઇ શકે છે.

(૨) ઓછા ઓકઝેલેટ્સ યુક્ત આહાર લેવા કેમ કે, આહારમાં ઓકઝેલેટ્સ યુક્ત પદાર્થો વધવાથી તે ઓકઝેલેટ્સનું લોહીમાંથી કિડનીમાં જઇ પથરીમાં રૂપાંતર થાય છે.

(૩) વધુ કેલ્શિયમયુક્ત આહાર લેવા... ઘણા લોકો એવું માનતા હોય છે કે, પથરી દરમિયાન કેલ્શિયમ યુક્ત પદાર્થો જેવા કે, દૂધ-દહીં ન જમવા જોઇએ, પરંતુ તે ખોટી માન્યતા છે. આહારમાં કેલ્શિયમની માત્રા ઓછી કરવાથી ઓકઝેલેટ્સની પથરી થવાની શકયતા વધી જાય છે. એટલું જ નહીં,



કેલ્શિયમ ઓછું કરવાથી હાડકાં સંબંધી અનેક રોગ થઇ શકે છે.

**દર્દી માટે આહાર શું જમવું ?**

* રોજ ૩-૪ લિટર પાણી પીવું.
* વધુ કેલ્શિયમયુક્ત આહાર લેવો,જેમકે દૂધ, દહીં, સફરજન, કેળાં, સૂકામેવો વગેરે....
* પાણીમાં જવ નાખી ઉકાળીને ગાળી લેવું, તે છૂટથી પીવું.
* કળથી, મેથી, મૂળા અને તાંદળજાની ભાજી વધુ લેવી.

**શું ન જમવું ?**

* વધુ મીઠાયુક્ત આહાર
* વધુ ઓકઝેલેટ્સયુક્ત આહાર : નશીલા પદાર્થો, દ્રાક્ષ, નારંગી, સ્ટ્રોબેરી, બીટ, ગાજર, ફલાવર, રીંગણા, લીલાં મરચાં, શક્કરિયાં, મરી, વગેરે.
* પોલિશ કરેલા ચોખા, ઘઉંનો લોટ વગેરે ઓછા ખાવા.
* ક્ષારવાળા પદાર્થો ખૂબ જ ઓછા જમવા : ટમેટાં, પાલખ, આદિ ભાજી, રીંગણ, ભીંડો, મગફળી, શક્કરિયા, બીટ વગેરે...
* કોઇ પણ પ્રકારની સોડા ન લેવી. ચા-કોફી પણ વધુ ન લેવા.
* વધુ ગળ્યાં અને ખાટાં પદાર્થો ઓછાં જમવાં.

શું છે પથરીના અકસીર કહી શકાય એવા ઉપચાર ?

* સવાર-બપોર અને સાંજ ૧ ચમચી ગોખરુનું ચૂર્ણ ફાકીને પાણી પીવું.
* રોજ સવાર-સાંજ નાળિયેરના પાણીમાં ૧ ચણા જેટલું સિંધાલૂણ નાખીને પીવાથી પથરી તૂટીને ભૂકો થઇ પેશાબ દ્વારે નીકળી જાય છે.
* મૂળાના પાનની ઘીમાં બનાવેલી ભાજીમાં લીંબુનો રસ મેળવી રોજ જમવાથી કિડનીની પથરી ઓગળી જાય છે.
* લીંબુના રસમાં સિંધવ-મીઠું મેળવીને ઊભાં ઊભાં પીવાથી પથરી ઓગળી જાય છે.
* ૧ ગ્લાસ નાળિયેરના પાણીમાં લીંબુનો રસ મેળવીને રોજ સવારે પીવું.
* કારેલાનો રસ છાશ સાથે પીવો.
* એક મહિના સુધી રોજ સવારે ગાયના દૂધની છાશમાં સિંધવ-મીઠું નાખીને ઊભાં ઊભાં પીવાથી પથરી પેશાબ દ્વારા બહાર નીકળી જાય છે.
* રોજ રાત્રે ૫૦ ગ્રામ કળથી પાણીમાં પલાળી, તેને સવારે ઉકાળી ગાળીને પીવાથી પથરી મટે છે.
* ઘઉં અને ચણાને સાથે ઉકાળીને, તેના ઉકાળામાં ચપટી સુરોખાર નાખી ઉકાળો પીવાથી પથરી ભાંગીને ભૂકો થઇ જાય છે.
* રોજ દાડમ ખાવું અથવા ૧ કપ દાડમનો જયૂસ પીવો.

## સાવધાની

* પાણી વધુ પીવું.
* કબજિયાત ન રહે તેની ખાસ સાવધાની રાખવી.
* રોજ ૨૫થી ૩૦ મિનિટ શ્રમ કરવો. ■



**બદલાપુર કેસઃ પાંચ પોલીસ અધિકારી વિરુદ્ધ ગુનો નોંધાશે**

# આરોપી અક્ષય શિંદેનું એન્કાઉન્ટર બનાવટી

## મૅજિસ્ટ્રેટની તપાસમાં એન્કાઉન્ટર ફેક હોવાનું સિદ્ધ

મુંબઈઃ બદલાપુરની શાળામાં બાળકીઓ સાથે કુકર્મ કરવાના ચર્ચાસ્પદ કેસના આરોપી અક્ષય શિંદેનું એન્કાઉન્ટર બનાવટી હોવાનું મૅજિસ્ટ્રેટની તપાસમાં સિદ્ધ થતાં હવે એન્કાઉન્ટરમાં સામેલ પાંચ પોલીસ અધિકારી સામે કાર્યવાહીનો માર્ગ મોકળો થયો હતો. અક્ષય શિંદેના કસ્ટડીમાં મૃત્યુ માટે પાંચ પોલીસ જવાબદાર હોવાની નોંધ અહેવાલમાં કરાયા બાદ આ મામલે પોલીસ અધિકારીઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવશે.

પોલીસે બનાવટી એન્કાઉન્ટરમાં પુત્ર અક્ષયને મારી નાખ્યો હોવાનો આક્ષેપ કરતી પિતા અણ્ણા શિંદેની અરજીની સુનાવણી દરમિયાન બૉમ્બે હાઈ કોર્ટે સોમવારે મૅજિસ્ટ્રેટના સીલબંધ તપાસ અહેવાલને ખોલ્યો હતો.

જસ્ટિસ રેવતી મોહિતે ડેરે અને નીલા ગોખલેની ડિવિઝન બેન્ચે અહેવાલનો અભ્યાસ કરીને જણાવ્યું હતું કે તપાસને આધારે સરકાર ગુનો નોંધશે અને કઈ તપાસ એજન્સી આ મામલાની તપાસ કરશે એ જણાવવાનું રહેશે.

આ એન્કાઉન્ટર કરનારી ટીમમાં થાણે ક્રાઈમ બ્રાન્ચના સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર સંજય શિંદે, આસિસ્ટન્ટ પોલીસ ઈન્સ્પેક્ટર નીલેશ મોરે, હેડ કોન્સ્ટેબલ્સ અભિજીત મોરે અને હરીશ તાવડે તેમ જ પોલીસ ડ્રાઈવરનો સમાવેશ થાય છે.

એન્કાઉન્ટર પ્રકરણની તપાસ મૅજિસ્ટ્રેટે હાથ ધરી તેનો અહેવાલ રજૂ કર્યો હતો. અહેવાલમાં મૅજિસ્ટ્રેટ એવા નિષ્કર્ષ પર આવ્યા હતા કે આરોપી અક્ષય શિંદેના મૃત્યુ માટે આ પાંચ પોલીસ જવાબદાર છે, એમ કોર્ટે જણાવ્યું હતું.

ખંડપીઠે જણાવ્યું હતું કે કાયદા અનુસાર પાંચ પોલીસ અધિકારી વિરુદ્ધ ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપોર્ટ (એફઆઈઆર) નોંધવો જોઈએ અને તેની તપાસ થવી જોઈએ. મૅજિસ્ટ્રેટના અહેવાલમાં ફોરેન્સિક સાયન્સ લૅબોરેટરી (એફએસએલ)ના રિપોર્ટનો ઉલ્લેખ કરાયો હતો કે અક્ષયે પિસ્તોલ ઝૂંટવી લીધી હતી અને ગોળીબાર કર્યો હતો, એવું પોલીસનું કહેવું છે, પરંતુ પિસ્તોલ પરથી તેના ફિંગરપ્રિન્ટ મળ્યા નહોતા. અક્ષયનાં માતા-પિતાના આક્ષેપોને એફએસએલના અહેવાલથી પુષ્ટિ મળે છે, એવું પણ કોર્ટે જણાવ્યું હતું.

ખંડપીઠે આ મામલાની તપાસ કઈ એજન્સી કરવાની છે તેનો અહેવાલ બે સપ્તાહમાં આપવાનું સરકારી વકીલ હિતેન વેનેગાંવકરને કહ્યું હતું. (એજન્સી) ■

# સૈફ પર હુમલોઃ આરોપીને ફ્લૅટમાં લઈ જઈ પોલીસ ક્રાઈમ સીન રિક્રીએટ કરશે

## ફોરેન્સિક નિષ્ણાતોને બિલ્ડિંગ-ફ્લૅટમાં ૧૯ જગ્યાએથી આરોપીના ફિંગરપ્રિન્ટ્સ મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોલીવૂડને હચમચાવતા સૈફ અલી ખાન પર હુમલાના કેસમાં ધરપકડ કરાયેલા બાંગ્લાદેશી આરોપીને પોલીસ અભિનેતાના ફ્લૅટમાં લઈ જઈ ક્રાઈમ સીન સિક્રીએટ કરશે. ખરેખર ઘટના કઈ રીતે બની તે જાણવા માટે આ કવાયત કરવામાં આવશે, એવું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. દરમિયાન ફોરેન્સિક સાયન્સ લૅબોરેટરીના નિષ્ણાતોને સૈફના ફ્લૅટ અને બિલ્ડિંગમાં ૧૯ જગ્યાએથી આરોપીના ફિંગરપ્રિન્ટ્સ મળી આવ્યા હોવાનું કહેવાય છે.

બાન્દ્રા પશ્ચિમમાં સતગુરુ શરણ ઈમારતમાં રહેતા અભિનેતા સૈફના ફ્લૅટમાં આરોપી શરીફુલ ઈસ્લામ શહઝાદ મોહમ્મદ રોહિલ્લા અમીન ફકીર (૩૦) ગુરુવારના મળસકે ઘૂસ્યો હતો. એક કરોડ રૂપિયાની માગણી કરી તેણે સૈફ પર છરીથી હુમલો કર્યો હતો. ઘટના બાદ ઘોડબંદર રોડ પર મૅન્ગ્રોવ્ઝમાં સંતાયેલા આરોપીને પોલીસે શનિવારની રાતે પકડી પાડ્યો હતો. કોર્ટે તેને પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે.

અધિકારીના કહેવા મુજબ પોલીસ કસ્ટડી દરમિયાન આરોપીને સૈફના નિવાસસ્થાને લઈ જવામાં આવશે અને તપાસના ભાગ રૂપે ક્રાઈમ સીન રિક્રીએટ કરવામાં આવશે.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આઠમા માળ સુધી આરોપી દાદરથી ગયો હતો અને પછી ડક એરિયામાંની પાઈપની મદદથી ૧૨મા માળે પહોંચ્યો હતો. આરોપી સૈફના પુત્ર જહાંગીરની રૂમમાં બાથરૂમની બારીમાંથી પ્રવેશ્યો હતો. જ્યાં બાળકની દેખભાળ કરતી સ્ટાફ નર્સ એલિયામા ફિલિપે તેને જોઈ લીધો હતો.

ફિલિપે બૂમાબૂમ કરતાં સૈફ અને અભિનેત્રી પત્ની કરીના કપૂર દોડી આવ્યા હતા. આરોપીએ સૈફ પર છરીના છ ઘા ઝીંક્યા હતા, જેમાં કરોડરજ્જુમાં છરીની અણી ખૂંપી ગઈ હતી. આ ઝપાઝપી દરમિયાન ફ્લૅટમાં અનેક ઠેકાણે આરોપીના હાથનાં આંગળાંનાં નિશાન પડી ગયાં હતાં.

### હીરાની વીંટી ચોર્યા પછી શરીફુલને નોકરીમાંથી કાઢી મુકાયો હતો

સૈફ પર હુમલાના કેસમાં ધરપકડ કરાયેલા આરોપી શરીફુલે અગાઉ પણ ગુનો કર્યો હતો, પરંતુ તેની પોલીસ ફરિયાદ નોંધાઈ નહોતી. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે શરીફુલ અગાઉ વરલીના એક પબમાં નોકરી કરતો હતો. એક દિવસ પબમાંથી ગ્રાહકની હીરાજડિત સોનાની વીંટી ગુમ થઈ ગઈ હતી. ડાયમંડની રિંગ ગુમ થતાં જ ખાસ્સો હોબાળો મચ્યો હતો. પબમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તરત તપાસવામાં આવ્યાં હતાં. ફૂટેજ પરથી એ સ્પષ્ટ થયું હતું કે વીંટી શરીફુલે ચોરી હતી. બાદમાં શરીફુલ પાસેથી મળેલી વીંટી ગ્રાહકને પાછી આપવામાં આવી હતી. જોકે આ મામલે ગ્રાહકે પોલીસ ફરિયાદ નોંધાવી નહોતી. પોલીસ તપાસમાં જણાયું હતું કે ગુરુવારના મળસકે સૈફ પર હુમલો કર્યા પછી શરીફુલ બાન્દ્રાના બસ સ્ટોપ પર નિરાંતે સૂઈ ગયો હતો. પછી સાત વાગ્યે ઊઠીને તે બાન્દ્રા અને પછી દાદર ગયો હતો. ત્યાંથી વરલી જઈને તે એ જ પબ બહાર બેઠો હતો. ■

### ટીવી પર પોતાની તસવીર જોઈ શરીફુલ ડરી ગયો

હુમલા બાદ ફરાર થઈ ગયેલો આરોપી તેની તસવીર વાયરલ ન થઈ ત્યાં સુધી નિરાંત અનુભવતો હતો, પરંતુ ટીવી પર પોતાની તસવીર જોઈને તે ડરી ગયો હતો. પૂછપરછમાં આરોપીએ પોલીસને જણાવ્યું હતું કે તેણે ટીવી અને સોશિયલ મીડિયા પર પોતાની તસવીર જોઈ હતી.

સૈફ પર હુમલાના કેસમાં પોલીસ તેને શોધી રહી હોવાની જાણકારી મળતાં તે ડરી ગયો હતો. ફરી બાંગ્લાદેશ જતા રહેવાનું તેણે નક્કી કર્યું હતું. બાંગ્લાદેશ જવા માટે રૂપિયાની સગવડ કરવાની ગડમથલમાં તે હતો.

### સપ્તાહ પહેલાંના સીસીટીવી ફૂટેજમાં આરોપી બાઈક પર નજરે પડ્યો અને...

બાન્દ્રામાં સૈફ અલી ખાન પર હુમલો કરનારો આરોપી બિલ્ડિંગના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજમાં સ્પષ્ટ દેખાતો હતો, પરંતુ અઠવાડિયા અગાઉ અંધેરીના ફૂટેજમાં બાઈક પર નજરે પડ્યા બાદ તેના નામ સાથે ઓળખ છતી થઈ હતી. પોલીસના જણાવ્યા મુજબ બાન્દ્રાની સતગુરુ શરણ ઈમારતમાંના સીસીટીવીમાં આરોપીનો ચહેરો સ્પષ્ટ દેખાતો હતો. એ ફૂટેજને આધારે પોલીસની ટીમ શહેરના અલગ અલગ વિસ્તારના ટ્રાફિક વિભાગના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી હતી. ઘટનાના સપ્તાહ પહેલાં, ૯ જાન્યુઆરીએ આરોપી અંધેરીના એક કૅમેરામાં ઝડપાયો હતો. આરોપી બાઈક પર જઈ રહ્યો હતો. પોલીસે ફૂટેજમાં નજરે પડતી બાઈકના રજિસ્ટ્રેશન નંબરને આધારે તેના માલિકને શોધી કાઢ્યો હતો. બાઈકના માલિકે આરોપીને શરીફુલ ફકીર તરીકે ઓળખી કાઢ્યો હતો. બાઈકના માલિકે જ શરીફુલને એક જગ્યાએ નોકરીએ લગાડ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. ■

# ઘાટકોપરના કચ્છી વેપારીના આપઘાતના કેસમાં પોલીસે પત્નીનું નિવેદન નોંધ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘાટકોપરના કચ્છી વેપારી ભરત નાનજી રાવરિયાએ જોગેશ્વરી સ્ટેશન પાસે ટ્રેન સામે ઝંપલાવી કથિત આત્મહત્યા કર્યાના કેસમાં પોલીસે અત્યાર સુધીમાં પત્ની રિંકલ સહિત પાંચથી છ જણનાં નિવેદન નોંધ્યાં હતાં. ભરતભાઈએ પણ વીડિયોમાં પત્નીને કાનૂની સજા મળે એવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

**પત્નીને કાનૂની સજા અપાવવાની વાત ભરતભાઈએ વીડિયોમાં ઉચ્ચારી**

અંધેરી રેલવે પોલીસના અધિકારીએ જણાવ્યું હતું કે ભરતના ભાઈની ફરિયાદ અને વીડિયોને આધારે પત્ની રિંકલ વિરુદ્ધ આત્મહત્યા માટે ઉશ્કેરવાનો કેસ નોંધવામાં આવ્યો છે. આ મામલે રિંકલ અને ભરતના પરિવારના સભ્યોનાં નિવેદન નોંધવાનું કામ ચાલી રહ્યું છે. રિંકલનું ફરી વાર નિવેદન લેવામાં આવશે. દરેક પાસાંની તપાસ કરી કાર્યવાહી કરવામાં આવશે.

કહેવાય છે કે ટ્રેન સામે ઝંપલાવવાની ગણતરીની મિનિટ પહેલાં ભરતે તેના મોબાઈલ ફોનમાં એક વીડિયો બનાવ્યો હતો. વીડિયોમાં તેણે આપવીતી જણાવી હતી. પત્ની રિંકલે ભરત સાથે બીજાં લગ્ન કર્યાં હતાં અને પહેલા પતિથી તેને એક સંતાન હોવાનું વીડિયો પરથી જણાયું હતું.

વીડિયોમાં ભરતભાઈ એવું કહેતા સંભળાય છે કે હું ભરત નાનજી રાવરિયા... આત્મહત્યા કરવા જઈ રહ્યો છું. મારી વાઈફ મને બહુ જ પરેશાન કરે છે. મને બહુ મારે છે. ઘણો ટાઈમ થઈ ગયો... હવે હું તેના અત્યાચાર સહન કરી શકું તેમ નથી. એ મને બ્લૅકમેઈલ કરે છે. મારી હર પ્રોપર્ટી પર તેની નજર છે. આ મરી જાય તો મને પૂરી પ્રોપર્ટી મળી જાય એવું તે માને છે. મને એણે મારી નાખવાની કોશિશ કરી, પણ હું છટકી ગયો. કાનૂન એને સજા આપે. સામાજિક રીતે મેં પ્રયત્ન કરી જોયા, પણ તેમાં સફળતા ન મળી.

લગ્ન બાદથી દામ્પત્ય જીવનમાં ખટરાગ ઊભો થયો હોવાથી ભરત રાવરિયા કંટાળી ગયો હતો. તાજેતરમાં પત્ની સાથે ફરી ઝઘડો થતાં તે જોગેશ્વરીમાં ભાઈના ઘરે રહેવા આવ્યો હતો. કચ્છના અધોઈ ગામના વતની ભરતે ગુરુવારની રાતે ૮.૩૦ વાગ્યાની આસપાસ ચર્ચગેટ જતી ટ્રેન સામે પડતું મૂકી જીવન ટૂંકાવ્યું હતું.

# મરીન ડ્રાઈવની ફાઈવ સ્ટાર હૉટેલની રૂમમાંથી વૃદ્ધાનો મૃતદેહ મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈના મરીન ડ્રાઈવ પરિસરમાં આવેલી ફાઈવ સ્ટાર હૉટેલની રૂમમાંથી વૃદ્ધાનો મૃતદેહ મળી આવ્યો હતો. પેડર રોડ પર રહેતી વૃદ્ધા પખવાડિયાથી હૉટેલની રૂમમાં એકલી રહેતી હતી અને પોલીસના કહેવા મુજબ તેનું મૃત્યુ કુદરતી હોવાનું પ્રથમદર્શી જણાઈ રહ્યું છે.

વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ વિનતી મહેતાની (૬૦) તરીકે થઈ હતી. વિનતી હૉટેલના ૨૭મા માળે આવેલી રૂમમાં રહેતી હતી. આ પ્રકરણે મરીન ડ્રાઈવ પોલીસે એડીઆર નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

મળતી માહિતી અનુસાર રવિવારની સાંજે હૉટેલના કર્મચારીએ વારંવાર રૂમની બેલ વગાડ્યા છતાં વિનતીએ દરવાજો ખોલ્યો નહોતો. હૉટેલના અધિકારીએ માસ્ટર ચાવીથી દરવાજો ખોલતાં મૃતદેહ નજરે પડ્યો હતો. વિનતી પેડર રોડ પરના ચેલારામ હાઉસ પરિસરમાં રહેતી હતી. છઠ્ઠી જાન્યુઆરીથી તે આ રૂમમાં એકલી રહેતી હતી. વિનતીના ભાઈએ પોલીસને જણાવ્યા અનુસાર તે બીમાર રહેતી હતી. મૃતકના શરીર પર ઇજાનાં કોઈ નિશાન નહોતાં. આ પ્રકરણે શંકાસ્પદ જેવું કંઈ ન હોવાથી હાલમાં એડીઆર નોંધવામાં આવ્યો હતો. મરીન ડ્રાઈવ પોલીસ મૃતક વિશેની વધુ માહિતી એકઠી કરી રહી છે. પોલીસે તેના વિસેરા તપાસ માટે તાબામાં લીધા હતા. ■

# મહાયુતિમાં આંતરિક વિખવાદ છેઃ રાઉત

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે સોમવારે આક્ષેપ કર્યો હતો કે મહાયુતિ સરકાર દ્વારા પાલકપ્રધાનની નિમણૂકનું સંચાલન એ ગઠબંધનમાં આંતરિક વિખવાદની નિશાની છે. રાજ્ય સરકારે શનિવારે રાજ્યના ૩૬ જિલ્લાઓ માટે પાલક પ્રધાનોની જાહેરાત કરી હતી, પરંતુ એક દિવસ પછી, નાસિક અને રાયગઢ માટે નિમણૂકો પર રોક લગાવી હતી. રાજ્યસભાના સાંસદે રાયગઢ અને નાસિકની નિમણૂકો અંગે એકનાથ શિંદેના અસંતોષના અહેવાલો પર પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે, સરકાર તેના આંતરિક સંઘર્ષને રોકવામાં નિષ્ફળ રહી છે. (નાયબ મુખ્ય પ્રધાન) એકનાથ શિંદેનો પાલક પ્રધાનોની ફાળવણી પરનો ગુસ્સો સ્પષ્ટે છે.

# એકનાથ શિંદેનું રાજકીય સ્થાન ડામાડોળ

## શિવસેનાનું નેતૃત્વ બદલાવાની સંભાવનાઃ કૉંગ્રેસ નેતા

નાગપુરઃ કૉંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવારે સોમવારે દાવો કર્યો હતો કે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેનું રાજકીય આસાન અસ્થિર છે અને તેમને દૂર કરવામાં આવે એવી સંભાવના છે. આ સાથે શિવસેનામાં નવો 'ઉદય' જોવા મળી શકે છે. નામનો ફોડ પાડ્યા વિના રાજ્યના પ્રધાન ઉદય સામંત તરફ ઈશારો કરવામાં આવ્યો છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દ્વારા વાલી પ્રધાનોની નિમણૂક અંગે શિંદેની નાખુશી અંગેની અટકળો પર મહારાષ્ટ્ર કૉંગ્રેસના નેતા પ્રતિક્રિયા આપી રહ્યા હતા. શિંદે અંગત મુલાકાત માટે સાતારા જિલ્લાના પોતાના વતન જવા રવાના થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. 'વર્તમાન રાજકીય પરિસ્થિતિમાં એકનાથ શિંદેની સ્થિતિ ખૂબ જ નાજુક છે. શિંદેને હાંસિયામાં ધકેલી દેવામાં આવે એવી સંભાવના છે. શિંદેની રાજકીય ઉપયોગિતા સમાપ્ત થઈ ગઈ હોય એવું મારું માનવું છે. ઉદ્ધવજી (ઠાકરે)ને હડસેલી શિંદેજીને લાવવામાં આવ્યા હતા' એમ કૉંગ્રેસ નેતાએ નાગપુરમાં સંવાદદાતાઓને જણાવ્યું હતું.

ભાજપ પર આડકતરો પ્રહાર કરી વડેટ્ટીવારે દાવો કર્યો હતો કે મહારાષ્ટ્રમાં શિવસેનાના ત્રીજા 'ઉદય'ની સંભાવના સાથે રાજકીય પરિસ્થિતિ આકાર લઈ શકે છે. (પીટીઆઈ) ■

### રાણીબાગમાં આવેલા મેયર બંગલામાં લાગી ઉધઈ



મુંબઈ મહાનગરપાલિકામાં બે વર્ષથી વધુ સમયથી પ્રશાસકનો કારભાર ચાલી રહ્યો છે અને નગરસેવકોની મુદત માર્ચ ૨૦૨૨માં પૂરી થઈ ગઈ હોવાથી ત્યારથી ભાયખલામાં રાણીબાગમાં આવેલા મેયર બંગલો પણ મેયર વગર ખાલી પડી રહ્યો છે. બંગલાની દેખરેખ રાખવા માટે મોટી સંખ્યામાં કર્મચારીઓ હોવા છતાં આ બંગલામાં ઉધઈ લાગી ગઈ હોવાનું જણાઈ આવ્યું છે. આગામી સમયમાં ગમે ત્યારે પાલિકાની ચૂંટણી થઈ શકે છે તેથી પ્રશાસને હવે મેયર બંગલાનો સમારકામનો નિર્ણય લીધો છે અને તે માટે ટેન્ડર બહાર પાડીને કૉન્ટ્રેક્ટર નીમવામાં આવ્યો છે. (અમય ખરાડે)

# ધારાવીના રહેવાસીઓને તેમના સપનાનું ઘર મળશેઃ પ્રોજેક્ટના સીઈઓની હૈયાધારણ

મુંબઈઃ કુંભારવાડાની માફક ધારાવીમાં મહારાષ્ટ્ર સરકારની રદ કરવામાં આવેલી ખાલી જમીનને લગતી યોજના વેકેટ લેન્ડ ટેન્યોર (વીએલટી)ના ભૂતપૂર્વ જમીન ધારકો ધારાવી નોટિફાઇડ એરિયા (ડીએનએ)નો જ ભાગ છે અને તેમને કરોડો રૂપિયાના ખર્ચે થઈ રહેલા ધારાવી ઝૂંપડપટ્ટી પુનર્વિકાસ પ્રોજેક્ટ હેઠળ પુનર્વિકાસ યોજનાનો લાભ મળશે, એમ ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ (ડીઆરપી)/ઝૂંપડપટ્ટી પુનર્વસન સત્તામંડળ (એસઆરએ)ના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ (ડીઆરપી)ની રચના સાથે ધારાવીમાં વીએલટી આપમેળે રદ થઈ ગયું હોવાથી ભૂતપૂર્વ માલિકો (ધારકો)ને પુનર્વિકાસ યોજનામાં સંપૂર્ણપણે આવરી લેવામાં આવ્યા હોવાથી તેમણે ચિંતા કરવાની કોઈ જરૂર નથી.

આ યોજના હેઠળ ધારાવીમાંથી કોઈ પણ વ્યક્તિ બેઘર નહીં બને, કારણ કે ઘર ધરાવતી દરેક વ્યક્તિને તેના સપનાનું ઘર મળશે એમ ડીઆરપી/ એસઆરએના સીઈઓ શ્રી એસવીઆર શ્રીનિવાસએ જણાવ્યું હતું.

નવભારત મેગા ડેવલપર્સ પ્રાઇવેટ લિમિટેડ (એનએમડીપીએલ)ના ચેરમેનનો પણ હોદ્દો ધરાવતા શ્રી શ્રીનિવાસએ ઉમેર્યું હતું કે 'હકીકતમાં વીએલટી હેઠળની જમીન હવે ડીએનએ હેઠળ હોવાથી આ વિસ્તારના અલગથી પુનર્વિકાસની જરૂર નથી. એડીઆરપીના કાર્યક્ષેત્ર હેઠળ જ આવે છે.'

ધારાવી ઝૂંપડપટ્ટી પુનર્વિકાસ પ્રોજેક્ટ મેળવનાર અદાણી ગ્રુપ, મહારાષ્ટ્ર સરકાર સાથે તેની સંયુક્ત સાહસ કંપની નવભારત મેગા ડેવલપર્સ પ્રાઇવેટ લિમિટેડ (એનએમડીપીએલ) હેઠળ હાઉસિંગ અને કોમર્શિયલ ઇમારતો બનાવી સર્વેનાં તારણો મુજબ ફાળવણી માટે મહારાષ્ટ્ર સરકારના ડીઆરપી/એસઆરએને સોંપી દેશે. મહારાષ્ટ્રના ૨૦૩૪ના વિકાસ નિયંત્રણ અને પ્રમોશન નિયમન (ડીસીપીઆર)ની કલમ ૩૩ (૧૦) મુજબ કલમ નંબર ૧.૧૨ સ્પષ્ટપણે જણાવે છે કે ડીઆરપી/એસઆરએની સરકારી એકમ તરીકે રચના થતાં ધારાવીમાં વીએલટી આપમેળે રદ થઈ જશે.

આ કલમ અનુસાર મુંબઈ મહાનગરપાલિકા અથવા મ્યુનિસિપલ કમિશનર દ્વારા રચાયેલા વેકેટ લેન્ડ ટેન્યોર હેઠળની કોઈ જમીન અથવા આવી જમીનના કોઈ હિસ્સામાં ઝૂંપડપટ્ટી આવી હોય તો તે જાહેર હિત માટેનો ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ તૈયાર થાય અને એસઆરએના ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ (ડીઆરપી) વિભાગને મંજૂરી માટે રજૂ કરવામાં આવતાની સાથે જ આપમેળે સમાપ્ત થઈ જશે.

શ્રી શ્રીનિવાસને વધુમાં જણાવ્યું હતું કે 'સર્વેક્ષણ પ્રક્રિયામાં અમને ધારાવીના રહેવાસીઓનું અભૂતપૂર્વ સમર્થન મળી રહ્યું છે અને મને ખાતરી છે કે વીએલટીના ભૂતપૂર્વ માલિકો (વીએલટી પર વસેલા રહેવાસીઓ) પણ વહેલામાં વહેલી તકે ચાલુ પ્રક્રિયામાં સહભાગી થશે.' તેમણે ડીએનએ હેઠળના કોલીવાડા અને અન્ય પ્રાઈવેટ સોસાયટીઓના પ્રાઈવેટ જમીન માલિકોને પણ પુનર્વિકાસ પહેલમાં જોડાવા અપીલ કરી જણાવ્યું હતું કે 'ધારાવીના કેટલાક અંગત માલિકીના વિસ્તારને અમારી સાથે જોડાવા અને વિશ્વના સૌથી મોટા શહેરી કાયાકલ્પ પ્રોજેક્ટનો હિસ્સો બનવા મારું આમંત્રણ છે.'

# શું ઉદય સામંત એકનાથ શિંદેનો પક્ષ છોડશે?

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજકારણમાં પડદા પાછળ મોટી ઉથલપાથલ થઈ રહી છે. મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસ ઉદ્યોગ પ્રધાન ઉદય સામંત સાથે દાવોસની મુલાકાતે ગયા છે અને બીજી તરફ મહારાષ્ટ્રમાં નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદે તેમના ગામ ગયા હતા. આ બાદમાં રાજકીય વર્તુળમાં ચર્ચા ચાલી રહી છે.

પૂર્વ વિપક્ષી નેતા વિજય વડેટ્ટીવાર અને ઠાકરે જૂથના નેતા સંજય રાઉતે સનસનાટીભર્યા નિવેદનો આપ્યા હતા. વડેટ્ટીવારે કહ્યું કે ઉદ્ધવ ઠાકરેને ખતમ કરીને શિંદેને લાવવામાં આવ્યા હતા. શિંદેને ખતમ કરીને ત્રીજા ઉદયને નકારી શકાય નહીં, કારણ કે આ ઉદય બંને બાજુ હાથ રાખી રહ્યા છે.

# વતન આવ્યો એનો અર્થ હું નારાજ છું એવું નથીઃ એકનાથ શિંદે

સતારાઃ પાલક પ્રધાન તરીકેની નિમણૂકથી નારાજ એકનાથ શિંદે તેમના વતન દરેગામ જતા રહ્યા હોવાની ચર્ચા શરૂ થયા બાદ શિંદેએ પોતે જ આ બાબતે ખુલાસો કર્યો છે. કેટલાક લોકો કહે છે કે હું ગામમાં આવ્યો એટલે હું નારાજ છું. પરંતુ મુખ્ય પ્રધાને કહ્યું કે તેઓ આ જિલ્લાની કાયાપલટ કરવા અને તેને પ્રવાસી જિલ્લા તરીકે વિકસાવવાના કામની સમીક્ષા કરવા દરેગામ આવ્યા હતા. એકનાથ શિંદેએ એમ પણ કહ્યું હતું કે મહાયુતિ મજબૂત છે અને જો તે સંબંધમાં કોઈ સમસ્યા હશે તો ત્રણેય નેતાઓ સાથે બેસીને નિર્ણય લેશે.

તેમણે વધુમાં કહ્યું કે, તેઓ નારાજ હોવાના કારણે નહીં પરંતુ નવા મહાબળેશ્વર પ્રોજેક્ટને પૂર્ણ કરવા માટે ગામમાં આવ્યા છે. એકનાથ શિંદેએ કહ્યું, ''આ આખો મોટો વિસ્તાર, ૨૩૫ ગામોના પ્રવાસન વિકાસનો આ પ્રોજેક્ટ છે. અમે પર્યટન જિલ્લાને વિકસાવવા માટે કામ કરી રહ્યા છીએ. અમારો ઉદ્દેશ્ય આ વિસ્તારની કાયાપલટ કરવાનો અને લોકોના જીવનમાં પરિવર્તન લાવવાનો છે.''

# ખો-ખો વર્લ્ડકપની ફાઇનલમાં મહિલા બાદ ભારતીય પુરુષ ટીમે પણ રચ્યો ઇતિહાસ, નેપાળને હરાવી જીતી ટ્રોફી

નવી દિલ્હીઃ ભારતીય પુરુષ ટીમે રવિવારે અહીં રમાયેલી ફાઇનલમાં નેપાળને ૫૪-૩૬થી હરાવીને પ્રથમ ખો-ખો વર્લ્ડકપનું ટાઇટલ જીત્યું હતું. કેપ્ટન પ્રતીક વાઇકર અને ટૂર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કરનારા રામજી કશ્યપે ફરી એકવાર શાનદાર પ્રદર્શન કર્યું હતું. નેપાળે અગાઉ સ્પર્ધાની શરૂઆતની મેચમાં ભારતને સખત લડત આપી હતી પરંતુ ભારતીય ખેલાડીઓએ ફાઇનલમાં પ્રથમ ટર્નથી નેપાળ પર દબાણ ઊભું કર્યું હતું.

ભારતે અગાઉ ગ્રૂપ સ્ટેજમાં નેપાળ ઉપરાંત બ્રાઝિલ, પેરુ અને ભૂટાનને હરાવ્યું હતું, ત્યારબાદ ક્વાર્ટર ફાઇનલમાં બાંગ્લાદેશ અને સેમિફાઇનલમાં દક્ષિણ આફ્રિકાને હરાવ્યું હતું. આ પહેલા ભારતીય મહિલા ટીમે રવિવારે અહીં રમાયેલી ફાઇનલમાં નેપાળને ૭૮-૪૦થી હરાવીને પ્રથમ ખો-ખો વર્લ્ડ કપ જીત્યો હતો. ભારતીય ખેલાડીઓએ અહીંના ઇન્દિરા ગાંધી ઇન્ડોર સ્ટેડિયમમાં ગતિ, વ્યૂહરચના અને કૌશલ્યનું શાનદાર પ્રદર્શન રજૂ કરતા મેચની શરૂઆતથી અંત સુધી પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. ■






**વિજયની ઉજવણીઃ** દિલ્હીમાં રવિવારે રાત્રે ખો ખો વર્લ્ડ કપ ચેમ્પિયનશિપની ફાઈનલમાં નેપાળને પરાજય આપ્યા બાદ ઉજવણી કરી રહેલી ભારતીય ટીમ. (એજન્સી)

# સૌપ્રથમ ખો-ખો વર્લ્ડકપ જીતનાર ભારતની મહિલા અને પુરુષ ટીમને વડા પ્રધાન મોદીનાં અભિનંદન

નવી દિલ્હીઃ પાટનગર દિલ્હીમાં ભારતની મહિલા ટીમ રવિવારે સૌથી પહેલાં ખો-ખો વર્લ્ડ કપમાં ચેમ્પિયન બની ત્યાર બાદ ભારતીય પુરુષોની ટીમે પણ ફાઈનલમાં નેપાળને હરાવીને ઐતિહાસિક વિજેતાપદ મેળવી લીધું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમ જ ખેલકૂદ મંત્રાલયે બન્ને ચેમ્પિયન ટીમને સોશિયલ મીડિયા મારફત અભિનંદન પાઠવ્યાં હતાં.

મોદીએ એક્સ પર જણાવ્યું હતું કે 'આપણી પરંપરાગત અને સૌથી જૂની રમતોમાંથી એક ખો-ખોની રમતનો વિશ્વ કપ જીતવા બદલ બન્ને ટીમને હાર્દિક અભિનંદન. આ તમારી ચપળતા, સંકલ્પ અને ટીમ વર્કનું સુંદર પરિણામ છે. આ સિદ્ધિ આપણી યુવા જનતામાંથી વધુ ને વધુ લોકોને આ રમત રમવા તરફ પ્રેરિત કરશે.'

ભારતીય મેન્સ ટીમે ફાઈનલમાં નેપાળને ૫૪-૩૬થી હરાવીને ટ્રોફી પર કબજો કરી લીધો હતો.

પ્રતીક વાઇકર પુણેનો છે અને તે આ ફાઇનલનો સ્ટાર પ્લેયર હતો.

રવિવારે મહિલાઓની ફાઈનલમાં ભારતીય મહિલા ટીમે નેપાળને ૭૮-૪૦થી હરાવ્યું હતું. નેપાળની સરખામણીમાં ભારતીય ખેલાડીઓ ઝડપ, વ્યૂહરચના અને ચપળતાની બાબતમાં ચડિયાતી પુરવાર થઈ હતી. એ રીતે, ભારતે આસાનીથી વિજય મેળવી લીધો હતો. ભારતીય કૅપ્ટન પ્રિયંકા ઇન્ગળે તેના સર્વશ્રેષ્ઠ ફોર્મમાં હતી. તેના નામે વારંવાર ટચ પોઇન્ટ લખાયા હતા. નેપાળની બી. સમઝાનાએ પ્રિયંકાને ફાઇનલની બહાર કરી હતી, પણ એ તબક્કે બી. ચૈત્રાએ જવાબદારી સંભાળી હતી અને ભારતીય ટીમને મુસીબતમાંથી ઉગારી લીધી હતી.

ચૈત્રા ખાસ કરીને ડ્રીમ રન નામના રાઉન્ડમાં છવાઈ ગઈ હતી અને તેને કારણે જ ભારતીય ટીમનો સ્કોર ૭૮ સુધી પહોંચી શક્યો હતો અને ભારત સૌપ્રથમ ખો-ખો વર્લ્ડ કપનું વિજેતા બન્યું હતું. ગ્રૂપ સ્ટેજમાં ભારતે સાઉથ કોરિયા, ઈરાન, મલયેશિયાને હરાવ્યા બાદ ક્વોર્ટરમાં બાંગ્લાદેશને અને સેમિ ફાઈનલમાં સાઉથ આફ્રિકા સામે જ્વલંત વિજય મેળવ્યો હતો. ■

# રોહિત શર્મા અને યશસ્વી જયસ્વાલ રણજી ટ્રોફી માટેની મુંબઈની ટીમમાં, જમ્મુ કાશ્મીર સામે રમશે મેચ

મુંબઇઃ ભારતીય કેપ્ટન રોહિત શર્મા અને યુવા ઓપનર યશસ્વી જયસ્વાલને ૨૩ જાન્યુઆરીથી અહીંના એમસીએ-બીકેસી સ્ટેડિયમાં રમાનારી જમ્મુ કાશ્મીર સામેની રણજી ટ્રોફી મેચમાં મુંબઈની ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. અનુભવી ખેલાડી અજિંક્ય રહાણે ટીમની કેપ્ટનશિપ કરશે. રોહિતે શનિવારે રણજી ટ્રોફીના આગામી રાઉન્ડમાં રમવાની પુષ્ટી કરી હતી. ઘરઆંગણે ન્યૂઝીલેન્ડ સામે અને ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણીમાં ખરાબ પ્રદર્શન બાદ રમતના લાંબા ફોર્મેટમાં રોહિતના ફોર્મ પર છેલ્લાં કેટલાક સમયથી સવાલો ઊભા થઈ રહ્યા હતા.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે તાજેતરમાં જ બધા કરારબદ્ધ ખેલાડીઓ માટે ઘરેલુ ક્રિકેટમાં ભાગ લેવાનું ફરજિયાત બનાવ્યું છે, જેમાં ફક્ત ફિટનેસ સંબંધિત મુદ્દાઓના કિસ્સામાં જ છૂટ આપવામાં આવી છે. ભારતીય કેપ્ટન રોહિત શર્મા અને યુવા ઓપનર યશસ્વી જયસ્વાલને જમ્મુ અને કાશ્મીર સામેની રણજી ટ્રોફી મેચ માટે મુંબઈ ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે.

રોહિત ઘણા સમયથી રેડ બોલ ફોર્મેટમાં સંઘર્ષ કરી રહ્યો છે. રોહિત ઘરઆંગણે ન્યૂઝીલેન્ડ સામે અને ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ શ્રેણીમાં ખરાબ ફોર્મ સામે ઝઝૂમી રહ્યો છે. ૩૭ વર્ષીય રોહિતે છેલ્લી ૧૫ ઇનિંગ્સમાં ફક્ત એક અડધી સદી ફટકારી હોવા છતાં ટેસ્ટ ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાનો ઇનકાર કર્યો હતો. રોહિતે ગયા અઠવાડિયે વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈની ટીમ સાથે પ્રેક્ટિસ કરી હતી. ઉલ્લેખનીય છે કે રોહિત છેલ્લે ૨૦૧૫માં ઉત્તર પ્રદેશ સામે રણજી ટ્રોફી મેચમાં મુંબઈ તરફથી રમ્યો હતો. ■

# ગર્લ્સ અન્ડર-૧૯ વર્લ્ડકપમાં ભારતનો ધમાકેદાર વિજયી આરંભ

કવાલાલમ્પુરઃ ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતે મહિલાઓના અન્ડર-૧૯ ટી-૨૦ વર્લ્ડ કપમાં ધમાકેદાર વિજય સાથે શરૂઆત કરી છે. નિક્કી પ્રસાદના નેતૃત્વમાં ભારતીય ટીમે વેસ્ટ ઇન્ડીઝને ૪૪ રનમાં ઑલઆઉટ કર્યા પછી એક વિકેટના ભોગે ૪૭ રન બનાવીને જીત હાંસલ કરી હતી.




૨૦૨૩માં મહિલાઓનો સૌપ્રથમ અન્ડર-૧૯ ટી-૨૦ વર્લ્ડ કપ રમાયો હતો જેમાં ભારતે શેફાલી વર્માની કેપ્ટન્સીમાં ઐતિહાસિક ટ્રોફી મેળવી હતી.

ભારતે રવિવારે ટોસ જીતીને ફીલ્ડિંગ પસંદ કરી હતી. વેસ્ટ ઇન્ડીઝની ટીમે ખરાબ શરૂઆત કરી હતી. ૨૬ રનમાં તેમની પાંચ વિકેટ પડી ગઈ હતી. ૧૮ રનમાં બીજી પાંચ વિકેટ પડી અને ૧૩.૨ ઓવરમાં આખી કેરિબિયન ટીમ ૪૪ રનમાં પેવિલિયન ભેગી થઈ ગઈ હતી.

લેફ્ટ-આર્મ સ્પિનર પારુનિકા સિસોદિયાએ માત્ર સાત રનમાં સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી. બે-બે વિકેટ પેસ બોલર વી. જે. જોશીથા અને સ્પિનર આયુષી શુક્લાએ અનુક્રમે પાંચ અને છ રનના ખર્ચે મેળવી હતી. વેસ્ટ ઇન્ડિઝની ત્રણ બેટર રનઆઉટ થઈ હતી.

ભારતે ૪૫ રનનો નાનો લક્ષ્યાંક મેળવવા જતાં ઓપનર ગોન્ગાડી ત્રિશાની વિકેટ ગુમાવી હતી, પરંતુ વિકેટકીપર જી. કમલિની (ત્રણ ફોર સાથે ૧૬ અણનમ) અને સનિકા ચળકે (ત્રણ ફોર સાથે ૧૮ અણનમ)ની જોડીએ વધુ કોઈ નુકસાન નહોતું થવા દીધું અને ૪૩ રનની અતૂટ ભાગીદારી સાથે ભારતની નૌકા પાર કરી આપી હતી.

પાંચ રનના ખર્ચે બે વિકેટ લેનાર વી. જે. જોશીથાને પ્લેયર ઑફ ધ મેચનો અવોર્ડ અપાયો હતો. તેણે વેસ્ટ ઇન્ડિઝને એની ચોથી ઓવરમાં ઉપરાઉપરી બે ઝટકા આપ્યા હતા. જોશીથાએ બે બોલમાં વેસ્ટ ઇન્ડિઝની ભારતીય મૂળની કેપ્ટન સમરા રામનાથ અને નાઈયાની કમ્બરબેચને આઉટ કરી હતી.

રવિવારે ભારતના વિજય પહેલાં શ્રીલંકાએ યજમાન મલયેશિયાને ૨૩ રનમાં આઉટ કરીને ૧૩૯ રનથી હરાવ્યું હતું. મંગળવારે ભારતની બીજી મેચ (બપોરે ૧૨.૦૦ વાગ્યાથી) મલયેશિયા સામે રમાવાની છે.

ઑસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, સાઉથ આફ્રિકા અને શ્રીલંકા એક-એક મેચ જીતી ચૂક્યા છે. પાકિસ્તાન સહિત અન્ય કેટલાક દેશોની મેચો વરસાદને લીધે ધોવાઈ ગઈ છે. ■

# ઋષભ પંત હશે લખનઊ સુપર જાયન્ટ્સનો કૅપ્ટન, સંજીવ ગોયન્કાએ કહ્યું- 'તે સફળ કૅપ્ટન સાબિત થશે'

કોલકાતાઃ ભારતીય ટીમના સ્ટાર વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંતને લખનઊ સુપર જાયન્ટ્સનો કૅપ્ટન બનાવવામાં આવ્યો છે. ટીમના માલિક સંજીવ ગોયેન્કાએ સોમવારે આ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે આવનારા સમયમાં પંત આઈપીએલના ઇતિહાસનો સૌથી સફળ કૅપ્ટન બનશે. નોંધનીય છે કે લખનઊએ ગત સીઝન સુધી ટીમની કૅપ્ટનશિપ કરી રહેલા કે.એલ. રાહુલને રિટેન કર્યો ન હતો.

ગોયેન્કાએ કહ્યું હતું કે તે ખૂબ જ સરળ છે અને આ ભવિષ્ય માટે લખનઊ સુપર જાયન્ટ્સના કૅપ્ટનની જાહેરાત કરવા વિશે છે અને તે છે ઋષભ પંત. અમે તે સમયે તેના પર નિર્ણય કરી લીધો હતો જ્યારે અમે તેને હરાજીમાં પોતાની ટીમમાં સામેલ કર્યો હતો, પરંતુ અમે સાથે મળીને તેની જાહેરાત કરવા માટે યોગ્ય સમયની રાહ જોઈ રહ્યા હતા. નોંધનીય છે કે પંતને આઈપીએલના મેગા ઓક્શનમાં લખનઊની ટીમે ૨૭ કરોડ રૂપિયાના રેકોર્ડ ભાવે ખરીદ્યો હતો.

નવા કૅપ્ટન બન્યા બાદ પંતે મીડિયાને કહ્યું હતું કે, 'હું મારું ૨૦૦ ટકા આપીશ. આ મારું તમને વચન છે. હું આ વિશ્વાસ પર ખરા ઊતરવાનો પ્રયત્ન કરીશ. હું નવી શરૂઆત અને નવી ઊર્જા માટે ખૂબ જ ઉત્સાહિત છું.'

ટીમના માલિક સંજીવ ગોયેન્કાએ કહ્યું હતું કે, 'અમે નવી આશાઓ અને આકાંક્ષાઓ સાથે શરૂઆત કરીશું. સૌથી અગત્યનું નવા આત્મવિશ્વાસ સાથે હું તમને અમારા નવા કૅપ્ટન ઋષભ પંતને રજૂ કરું છું.

પંત આઈપીએલના ઇતિહાસમાં સૌથી વધુ કિંમતે વેચાયેલો ખેલાડી બન્યો હતો. તેણે આ બાબતમાં શ્રેયસ ઐય્યરને પાછળ છોડી દીધો હતો જેને ૨૬.૭૫ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવ્યો હતો. ૨૦૧૬ પછી પહેલી વાર પંત દિલ્હી સિવાયની ટીમ તરફથી રમતો જોવા મળશે. ■

# નીરજ અને હિમાનીઃ બન્ને હરિયાણાનાં, પણ પહેલી મુલાકાત થયેલી અમેરિકામાં!

## ▶ ભાલાફેંકના ચેમ્પિયને ટેનિસ ખેલાડી સાથે ગુપચુપ લગ્ન કરી લીધાં

રોહતકઃ ભાલાફેંકના ભારતીય ઓલિમ્પિક મેડલિસ્ટ નીરજ ચોપડાએ રવિવારે શિમલામાં નિકટના સંબંધીઓ અને મિત્રોની હાજરીમાં ટેનિસ પ્લેયર હિમાની મોર સાથે ગુપચુપ લગ્ન કરી લીધા ત્યાર બાદ નીરજના કાકા સુરેન્દ્ર ચોપડાએ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે નીરજ અને હિમાની એકમેકને સૌથી પહેલાં અમેરિકામાં મળ્યાં હતાં.



બન્નેની એ મુલાકાત પછીથી પ્રેમમાં પરિવર્તિત થઈ હતી.

નીરજ અને હિમાની, બન્ને હરિયાણાનાં છે.

ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે પેરિસ ઓલિમ્પિક્સ વખતે શૂટર મનુ ભાકરના મમ્મી જ્યારે પેરિસમાં નીરજ ચોપડાને મળ્યાં હતાં અને તેમની વચ્ચે ખૂબ વાતચીત થઈ હતી ત્યારે મીડિયામાં એવી વાત ચગી હતી કે નીરજ અને મનુ વચ્ચે રિલેશનશિપ છે અને તેઓ કદાચ લગ્ન કરી લેશે.

જોકે પછીથી એ માત્ર અટકળો સાબિત થઈ હતી. હિમાની મૂળ હરિયાણાના લરસૌલી ગામની રહેવાસી છે.

તેણે સ્કૂલ-શિક્ષણ પાણીપતની લિટલ એન્જલ્સ સ્કૂલમાં પૂરું કર્યું હતું અને ત્યાર બાદ દિલ્હી યુનિવર્સિટીના મિરાંડા હાઉસમાંથી રાજનીતિશાસ્ત્ર તથા શારીરિક શિક્ષણમાં બેચલર ડિગ્રી મેળવી છે.

તેણે આગળના અભ્યાસ માટે અમેરિકા ગઈ જ્યાં હાલ તે મેક્કોરમાર્ક આઇઝનબર્ગ સ્કૂલ ઑફ મેનેજમેન્ટમાં સ્પોર્ટ્સ મેનેજમેન્ટ તથા એડમિનિસ્ટ્રેશનમાં માસ્ટર્સ કરી રહી છે. તેણે સધર્ન લ્યૂસિયાના યુનિવર્સીટીમાં પણ અભ્યાસ કર્યો છે. તે ફ્રેંકલિન પિયર્સ યુનિવર્સિટીમાં પાર્ટ-ટાઇમ ટેનિસ કોચ તરીકે પણ કામ કરી ચૂકી છે. હાલમાં તે એમ્હર્સ્ટ કોલેજની ટેનિસ ટીમ મેનેજ કરી રહી છે, જ્યાં તે ગ્રેજ્યુએટ સહાયક તરીકે જોડાયેલી છે.

હિમાનીના પિતા નિવૃત્ત બેન્ક અધિકારી છે અને તેમણે તેમના ગામમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવ્યું છે. ■

# ચેમ્પિયન ટ્રોફી જીતવાની રોહિત શર્માએ વ્યક્ત કરી આશા, કહ્યું - '૧૪૦ કરોડ ભારતીયો અમારી સાથે હશે'

મુંબઇઃ ભારતીય કૅપ્ટન રોહિત શર્માને આશા છે કે જ્યારે ટીમ ઈન્ડિયા ચેમ્પિયન્સ ટ્રોફી જીતીને સ્વદેશ પરત ફરશે ત્યારે ૧૪૦ કરોડ ભારતીય તેમનું સ્વાગત કરશે. રવિવારે મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશને વાનખેડે સ્ટેડિયમનાં ૫૦ વર્ષ પૂરાં થવા પર એક ભવ્ય સમારોહનું આયોજન કર્યું હતું. જેમાં ભારતીય કૅપ્ટન રોહિત શર્મા, મહાન બેટ્સમેન સચિન તેંડુલકર, પૂર્વ બેટ્સમેન સુનીલ ગાવસ્કર, પૂર્વ મુખ્ય કોચ રવિ શાસ્ત્રી અને અનુભવી બેટ્સમેન અજિંક્ય રહાણે જેવા સ્ટાર ખેલાડીઓએ હાજરી આપી હતી. આ દરમિયાન રોહિત શર્માએ આગામી ચેમ્પિયન્સ ટ્રોફી વિશે વાત કરી હતી. આ કાર્યક્રમમાં રોહિત શર્માએ કહ્યું હતું કે ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ જીત્યા બાદ ચાહકોની ભીડ જોઈને તેને ટી-૨૦ વર્લ્ડ કપની જીતનો અહેસાસ થયો હતો.

રોહિતને પૂછવામાં આવ્યું કે તેને ખરેખર કઈ ક્ષણે સમજાયું કે ભારત વર્લ્ડ કપ જીતી ગયું છે? આ અંગે તેણે કહ્યું, 'અહીં સેલિબ્રેશન કર્યા પછી બીજા દિવસે જ્યારે હું જાગ્યો, ત્યારે અમને ખબર પડી હતી. મને સમજાયું કે અમે જે કર્યું છે તે ખૂબ જ ખાસ હતું.

ભારતીય કેપ્ટને કહ્યું હતું કે, 'વર્લ્ડ કપ જીતવો એક વાત છે અને તમારા લોકો સાથે તેની ઉજવણી કરવી અલગ વાત છે. તમે તમારા સાથી ખેલાડીઓ સાથે વિજયની ઉજવણી કરો છો, પરંતુ મને મુંબઈ આવ્યા પછી લોકો સાથે આ ઉજવણી શેર કરવાની લાગણી મળી હતી.

રોહિતે કહ્યું કે 'ભારતીય ટીમ ટૂંક સમયમાં ચેમ્પિયન્સ ટ્રોફી અભિયાન શરૂ કરશે અને અહીંના પ્રતિષ્ઠિત સ્ટેડિયમમાં બીજી ટ્રોફી લાવવાનો પ્રયાસ કરશે.' અમે બીજી ટૂર્નામેન્ટ શરૂ કરીશું. મને ખાતરી છે કે જ્યારે અમે દુબઈ પહોંચીશું ત્યારે ૧૪૦ કરોડ લોકોની શુભકામનાઓ અમારી સાથે હશે. અમે આ જાણીએ છીએ. અમે આ ટ્રોફી (ચેમ્પિયન્સ ટ્રોફી)ને વાનખેડે પરત લાવવા માટે તમામ શક્ય પ્રયાસો કરીશું. મહાન સુનીલ ગાવસ્કરે કહ્યું કે જ્યારે પણ તે સ્ટેડિયમ જાય છે ત્યારે તેને હોમ ગ્રાઉન્ડ પર આવવાનું મન થાય છે. સચિન તેંડુલકરે કહ્યું હતું કે તેણે ૨૦૧૩માં વેસ્ટ ઈન્ડિઝ સામે તેની છેલ્લી ટેસ્ટ રમતી વખતે પણ આવી જ લાગણીઓ અનુભવી હતી. તેણે કહ્યું, 'જ્યારે વેસ્ટ ઈન્ડિઝ સામેની સિરીઝનું શિડ્યૂલ જાહેર થયું ત્યારે મેં એન શ્રીનિવાસન (તત્કાલીન બીસીસીઆઈ પ્રમુખ)ને ફોન કર્યો અને વિનંતી કરી કે શું સીરિઝની બીજી અને છેલ્લી મૅચ વાનખેડેમાં રમાઈ શકે કારણ કે હું ઇચ્છું છું કે તે જોવા માટે મારી માતા આવે. મારી માતાએ અગાઉ ક્યારેય સ્ટેડિયમમાં આવીને મને રમતા જોયો ન હતો. તે સમયે તેની તબિયત એવી હતી કે તે વાનખેડે છોડીને અન્ય કોઈ જગ્યાએ જઈ શકતી ન હતી. બીસીસીઆઈએ તે વિનંતી સ્વીકારી અને મારી માતા અને આખો પરિવાર તે દિવસે વાનખેડેમાં હતો. ■

# સાંસદ પ્રિયા સરોજ સાથે લગ્ન કરશે ભારતીય ક્રિકેટર રિંકૂ સિંહ

જૌનપુર (ઉત્તર પ્રદેશ): ભારતીય ક્રિકેટર રિંકૂ સિંહ સમાજવાદી પાર્ટીનાં સાંસદ પ્રિયા સરોજ સાથે લગ્ન કરવા જઈ રહ્યો છે. પ્રિયાના પિતા અને કેરાકટથી સમાજવાદી પાર્ટી (સપા)ના ધારાસભ્ય તૂફાની સરોજે જણાવ્યું હતું કે તેમના પરિવારે અલીગઢમાં રિંકૂના પિતા સાથે તેમના લગ્ન વિશે વાત કરી છે અને બંને પક્ષ તેના માટે તૈયાર છે. તેમણે કહ્યું કે હજુ સુધી કોઈ સગાઈ કરવામાં આવી નથી. ત્રણ વખત સાંસદ રહી ચૂકેલા તૂફાની સરોજે કહ્યું હતું કે તેમની પુત્રી અને રિંકુ એક મિત્ર મારફતે મળ્યાં હતાં જેના પિતા પણ ક્રિકેટર છે.

તેમણે કહ્યું, રિંકુ અને પ્રિયા એકબીજાને એક વર્ષથી પણ વધુ સમયથી ઓળખે છે. બંને એકબીજાને પસંદ કરતાં હતા પણ લગ્ન માટે પરિવારની સહમતિ જરૂરી હતી. બંને પરિવારો આ લગ્ન માટે રાજી છે.

તેમણે કહ્યું હતું કે સંસદ સત્ર સમાપ્ત થયા બાદ સગાઈ અને લગ્નની તારીખો નક્કી કરવામાં આવશે. સગાઇ લખનઉમાં થશે. રિકૂ બાવીસ જાન્યુઆરીથી ઇંગ્લેન્ડ સામે ટી-૨૦ સીરિઝ રમશે. ત્યારબાદ તે આઇપીએલમાં પણ રમશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને પરિવારો અલીગઢના ઓઝોન સિટીમાં રિંકૂના ઘરે મળ્યા હતા અને એકબીજાને શગુન અને ભેટો આપ્યા બાદ સંબંધ નક્કી કર્યો હતો. પ્રિયા સરોજ વારાણસીની રહેવાસી છે અને લાંબા સમયથી સપા સાથે જોડાયેલી છે. તેણીએ ગયા વર્ષે જૌનપુર જિલ્લાની મછલીશહર બેઠક પરથી લોકસભા ચૂંટણી જીતી હતી. સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ વકીલ પ્રિયાએ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં પણ તેના પિતા માટે પ્રચાર કર્યો હતો. દિલ્હી યુનિવર્સિટીમાંથી આર્ટ્સ ગ્રેજ્યુએટ થયેલી પ્રિયાએ નોઈડાની એમિટી યુનિવર્સિટીમાંથી કાયદાની ડિગ્રી મેળવી છે. ■

# ટીમમાં ફેરફારને લઇને અક્ષર પટેલનું મોટું નિવેદન, 'મારે કાંઇ સાબિત કરવાની જરૂર નથી'

કોલકાતાઃ ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ઓલરાઉન્ડર અક્ષર પટેલ અનુભવી રવિન્દ્ર જાડેજાનું સ્થાન લેવાનો મોટો દાવેદાર માનવામાં આવી રહ્યો છે. અક્ષર પટેલ ભારતીય ટેસ્ટ ટીમમાં થનારા મોટા ફેરફારોની સંભાવનાઓથી અજાણ નથી, પરંતુ તેણે આ મામલે કાંઇ સાબિત કરવાની જરૂર નથી. અક્ષર પટેલ ૩૧ વર્ષનો થયો હતો અને તેના સિનિયર સાથી જેટલી જ કુશળતા હોવા છતાં તે છેલ્લા દાયકાથી જાડેજાની ગેરહાજરીમાં જ ટીમમાં સ્થાન મેળવી શક્યો છે.

અક્ષરે પોતાના ૧૧ વર્ષના આંતરરાષ્ટ્રીય કરિયરમાં ત્રણેય ફોર્મેટમાં ૧૮૪ વિકેટ ઝડપી છે જેમાંથી ૫૫ વિકેટ ૧૪ ટેસ્ટમાં ઝડપી છે. આ ૧૪ ટેસ્ટમાંથી બે બાંગ્લાદેશમાં રમી હતી જ્યારે જાડેજા અનફિટ હતો.

ભારતીય ક્રિકેટમાં થયેલા ફેરફારો વિશે પૂછવામાં આવતા ભારતની ટી-૨૦ ટીમના વાઇસ કેપ્ટન અક્ષર પટેલે કહ્યું હતું કે ચોક્કસ, પરિવર્તનનો યુગ આવવાનો છે. પણ અંતે તો એ પસંદગીકારો અને કેપ્ટનનો નિર્ણય છે. મારે કોઈને કંઈ સાબિત કરવાની જરૂર નથી.

તેણે કહ્યું હતું કે મારું કામ મને સોંપાયેલ ભૂમિકા નિભાવવાનું અને સતત મારી જાતને સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. જો હું સારું પ્રદર્શન કરીશ તો ટીમમાં મારું સ્થાન આપમેળે સુરક્ષિત થઈ જશે. તે માને છે કે તે એક ઓલ-ફોર્મેટ ખેલાડી છે. હું મારી જાતને કહેતો રહું છું કે હું ત્રણેય ફોર્મેટ રમી ચૂક્યો છું. જ્યારે પણ મને તક મળે ત્યારે મારું ધ્યાન ફક્ત સારું પ્રદર્શન કરવા પર હોય છે. મારું માનવું છે કે મને કોઈને કંઈ સાબિત કરવાની જરૂર નથી, ભલે હું પસંદ થયો હોઉં કે ન હોઉં.

તેણે કહ્યું હતું કે, ''હું એવું વિચારીને દબાણ લેતો નથી કે હું ટીમમાં સ્થાન મેળવવાને લાયક છું. ટીમમાં મારું સ્થાન છે કે નહીં તે હંમેશાં ટીમ કોમ્બિનેશનનો મામલો હોય છે. ''બોર્ડર-ગાવસ્કર ટ્રોફી ટીમમાં પસંદગી ન થવાથી તે નિરાશ નહોતો થયો, પરંતુ તેણે દક્ષિણ આફ્રિકામાં રમાયેલી ટી-૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણી પર ધ્યાન કેન્દ્રિત કર્યું જેમાં તેણે બધી મેચ રમી હતી.'' ■

# ઈન્ડિયન સુપર લીગમાં મોહન બાગાન સામે ટકરાશે ચેન્નઈ એફસી

ચેન્નઈઃ ચેન્નઈ એફસી મંગળવારે ચેન્નઈના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે ઇન્ડિયન સુપર લીગ (આઇએસએલ) ૨૦૨૪-૨૫માં મોહન બાગાન સુપર જાયન્ટ્સની યજમાની કરશે. મરીના મચાન્સ હાલમાં ૧૬ મૅચમાં ૧૭ પોઈન્ટ સાથે ટેબલમાં ૧૦મા સ્થાને છે, જ્યારે મરીનર્સ મરીના મચાન્સ સમાન મૅચોમાં ૩૬ પોઈન્ટ સાથે ટોચના સ્થાને છે. ચેન્નઈ એફસી તેમની છેલ્લી ચાર મૅચમાં એક પણ મૅચમાં જીત મેળવી શકી નથી જેમાં સતત ૨-૨ ડ્રો સામેલ છે અને મોહન બાગાન સુપર જાયન્ટ્સ સામે જીત મેળવવાનો પ્રયાસ કરશે. નવેમ્બરના રોજ રિવર્સ ફિક્સ્ચરમાં ૧-૦થી જીત મેળવનાર મરીનર્સ ચેન્નઈ એફસી સામે પોતાનો પહેલો લીગ ડબલ હાંસલ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. નોંધનીય છે કે મરીના મચાન્સ અને મુંબઈ સિટી એફસી એકમાત્ર એવી ટીમો છે જેનો મોહન બાગન આઇએસએલમાં ઘણી વખત સામનો કરી ચૂકી છે, પરંતુ લીગ ડબલ પૂર્ણ કરી શકી નથી. ચેન્નઈ એફસીએ અત્યાર સુધી ડિફેન્સમાં સંઘર્ષ કર્યો છે. હૈદરાબાદ એફસી સાથે લીગમાં સંયુક્ત રીતે સૌથી ઓછી ક્લીન શીટ (૨) જાળવી રાખી છે. ■

# બજારની નજર ટ્રમ્પના પ્રવચન પરઃ બેન્કિંગ શૅરોની આગેવાનીએ સેન્સેક્સમાં ૫૪૫ પોઇન્ટનો ઉછાળો, નિફ્ટી ૨૩,૩૦૦ની ઉપર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ મક્કમ વૈશ્વિક વલણો સાથે સ્થાનિક બજારમાં બેન્ક શેરોની આગેવાનીએ નિકળેલી લેવાલીના બળે શેરબજારોમાં તેજીએ ફરી સ્થાન મેળવ્યું હતું, જેને પગલે સોમવારે બેન્ચમાર્ક સેન્સેક્સ ૪૫૪ પોઇન્ટ ઊછળ્યો હતો, જ્યારે નિફ્ટી ૨૩,૩૦૦ પોઇન્ટની ઉપર બંધ રહ્યો હતો.

સેન્સેક્સ ૪૫૪.૧૧ પોઈન્ટ અથવા ૦.૫૯ ટકા ઉછળીને ૭૭,૦૭૩.૪૪ પોઈન્ટ પર સેટલ થયો હતો. ઈન્ટ્રા-ડે, તે ૬૯૯.૬૧ પોઈન્ટ અથવા ૦.૯૧ ટકા વધીને ૭૭,૩૧૮.૯૪ પોઈન્ટની ઊંચી સપાટીને અથડાયો હતો. જ્યારે એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ૧૪૧.૫૫ પોઈન્ટ અથવા ૦.૬૧ ટકા વધીને ૨૩,૩૪૪.૭૫ પોઈન્ટ પર પહોંચ્યો હતો અને ઇન્ડેક્સના ૨૯ ઘટક ઉંચા મથાળે બંધ થયા હતા.

સેન્સેક્સના શેરોમાં, કોટક મહિન્દ્રા બેંકે તેના એકીકૃત ચોખ્ખા નફામાં ૧૦ ટકાની વૃદ્ધિ નોંધાવ્યા પછી, ક્તેના શેરમાં નવ ટકાથી વધુનો ઉછાળો નોંધાયો હતો. આ ઉપરાંત બજાજ ફાઈનાન્સ, બજાજ ફિનસર્વ, એનટીપીસી, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, પાવર ગ્રીડ, એચડીએફસી બેંક, ટેક મહિન્દ્રા અને એશિયન પેઈન્ટ્સ અન્ય સૌથી વધુ વધનારા શેરોમાં સામેલ હતા. જોકે, ઝોમેટો, અદાણી પોર્ટ્સ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, મારુતિ અને ટાટા મોટર્સ ટોપ લૂઝર રહ્યા હતા.

અમેરિકાના ફુગાવાના હળવા ડેટાને પગલે ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં ઘટાડાની આશા ફરી વધી છે. વધુમાં, ઇઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ, ચાઇનાના અર્થતંત્રનો પાંચ ટકાથી વધુનો વિકાસ, ડોલર ઇન્ડેક્સ અને યુએસ બોન્ડ યિલ્ડમાં જળવાયેલો ઘટાડાના ટ્રેન્ડ તેમ જ સ્થાનિક સ્તરે વેપાર ખાધમાં ઘટાડો થવાથી બજારના સેન્ટિમેન્ટમાં સુધારો થયો છે. જોકે, યુકેના નબળા આર્થિક વિકાસના ડેટા ચિતાનો વિષય છે. આ ઉપરાંત નિષ્ણાતો માને છે કે ડોલર ઇન્ડેક્સ અને યુએસ બોન્ડ યિલ્ડનો ઘટાડાનો ટ્રેન્ડ એવો નથી કે વિદેશી ફંડોની વેચવાલીના તીવ્ર દબાણને હળવું કરી શકે.

રોકાણકારો ટ્રમ્પ વહીવટ હેઠળ નીતિમાં ધરખમ ફેરફારની લહેર આવશે એવું ધારી રહ્યાં છે, જેની વૈશ્વિક ઇક્વિટી બજાર પર અસર પડશે. નિષ્ણાતો અનુસાર ટ્રમ્પની સંભવિત નીતિ ભારતીય રૂપિયા અને શેરબજાર બંને માટે પ્રતિકૂળ રહેવાની સંભાવના છે.

સ્થાનિક બજારના સેન્ટિમેન્ટ પર ચાલુ કમાણી સીઝનની અસર વર્તાવી શરૂ થઇ ગઇ છે, જ્યારે આગામી કેન્દ્રીય બજેટની અટકળોની વધુ અસર વર્તાવી શરૂ થઇ જશે. બજેટ અંગે અત્યારે મિશ્ર મત પ્રવતીજ્ઞ રહ્યાં છે. વૈશ્વિક બજારમાં સુધારો અને સ્થાનિક સીપીઆઇ ફુગાવામાં ઘટાડો થવાથી શેરબજારને રાહત મળી છે, આનાથી આરબીઆઇને તેની આગામી નીતિ નક્કી કરવામાં થોડી છૂટ મળી શકે છે; જોકે, ક્રૂડ ઓઇલના વધતા ભાવ અને દસ વર્ષના બોન્ડની ઊંચી ઉપજ પર ખાસ નજર રાખવામાં આવશે.

કોટક મહિન્દ્રા બેન્કના પરિણામ પછી તેના શેરમાં દસ ટકા જેવો ઉછાળો જોવા મળ્યો હતો. વિપ્રોનો શેર એ જ રીતે આઠ ટકા સુધી ઊછળ્યો હતો. વિપ્રોએ ડિસેમ્બર ક્વાર્ટરમાં ૨૪.૪૦ ટકાના વધારા સાથે રૂ. ૩૩૫૪ કરોડનો ચોખ્ખો નફો અને ૦.૫ ટકાના સુધારા સાથે રૂ. ૨૨,૩૧૯ કરોડની રેવન્યૂ નોંધાવી છે. પેટીએમની ખોટ ત્રીજા ક્વાર્ટરમાં ઘટીને રૂ. ૨૦૮.૫૦ કરોડ રહી છે, જે ગયા વર્ષે સમાનગાળામાં રૂ. ૨૨૧.૭૦ કરોડ રહી હતી. ઝોમેટોએ ત્રીજા ક્વાર્ટરમાં ૫૭.૨૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૫૯ કરોડનો ચોખ્કો નફો નોંધાવ્યો છે. આઈડીબીઆઇ બેન્કે ત્રીજા ત્રિમાસિક સમયગાળામાં ૩૧ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૯૦૮ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. આઇઓબીએ બેડ લોનમાં ઘટાડો થયો હોવાથી ત્રીજા ક્વાર્ટરમાં ૨૧ ટકાના વધારા સાથે રૂ. ૮૭૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

જીસીસીમાં વિસ્તરણના ભાગરૂપે નિસસ ફાઇનાન્સ સર્વિસિસ કંપની લિમિટેડે દુબઈ નજીક બે એ ગ્રેડ રેસિડેન્શિયલ પ્રોપર્ટીઝ, જુમેરાહ વીલેજ સર્કિલ અને અલ ફર્ઝાન હસ્તગત કરી હોવાનું જાહેર કર્યું છે. આ સોદો દુબઈ ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સેન્ટરમાં રજિસ્ટર્ડ નિસસ હાઈ યીલ્ડ ગ્રોથ ફંડ ક્લોઝ્ડ એન્ડેડ આઇસી મારફત પાર પાડવામાં આવ્યો છે, જે તેની એયુએમમાં પંચાવન મિલિયન ડોલરનું યોગદાન આપે છે.

લક્ષ્મી ડેન્ટલનો શેર તેના રૂ. ૪૨૮ના ઇશ્યૂ ભાવ સામે એનએસઇ પર ૨૭ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૫૪૨ની સપાટીએ ખૂલ્યો હતો. વેરીટાસ ફાઇનાન્સે રૂ. ૨૮૦૦ કરોડના આઇપીઓ માટે સેબી પાસે ડીઆરએચપી ફાઇલ કરાવ્યું છે. વીનીર એન્જિનિયરીંગે પણ જાહેર ભરણું લાવવા માટે માર્કેટ રેગ્યુલેટર



પાસે ડીઆરએચપી જમા કરાવ્યું છે. પ્રવેગ લિમિટેડે ૧૮મી જાન્યુઆરી, ૨૦૨૫થી લક્ષદ્વીપના બાંગારામ ટાપુ પર તેના લક્ઝરી રિસોર્ટ ઓપરેશન્સ શરૂ કરવાની યોજના જાહેર કરી છે. બંગારામ ટાપુમાં પ્રવેગ લિમિટેડનું વિસ્તરણ વૈભવી અને પર્યાવરણસભાન રહેઠાણની વધતી જતી માગને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવ્યું છે.

પાછલા સપ્તાહના અંતિમ સત્ર દરમિયાન રિલાયન્સ એક્સિસ અને ઇન્ફોસિસ જેવા ઇન્ડેક્સની હેવીવેઇટ કંપનીઓના પરિણામ જાહેર થયા હતા. આઈટી ફર્મ ઇન્ફોસિસે કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં ૧૧ ટકાનો વધારો નોંધાવ્યો હતો અને કંપનીએ તેની આવકનું અનુમાન પણ વધારવા સાથે યુ.એસ. ક્લાયન્ટ્સના ખર્ચમાં વધારો થવાના પ્રારંભિક સંકેતા આપ્યા હતા. જ્યારે લોનની ધીમી વૃદ્ધિ અને બેડ લોન માટેની ઉચ્ચ જોગવાઈઓને ટાંકીને ખાનગી ધિરાણકર્તા એક્સિસ બેંકે બજારની અપેક્ષા કરતાં નબળા પરિણામ જાહેર કર્યા હતા. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા ત્રીજા ક્વાર્ટરના કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં રૂ.૧૮,૫૪૦ કરોડની વૃદ્ધિની જાહેર કરવામાં આવી છે.

આ સપ્તાહમાં પણ ચાર આઇપીઓ આવવાના છે. જેમાંથી એક આઇપીઓ મેઈનબોર્ડ સેગમેન્ટનો છે અને ત્રણ પ્રારંભિક જાહેર ભરણાં એસએમઈ સેગમેન્ટના છે. આ કંપનીઓમાં ડેન્ટા વોટર એન્ડ ઇન્ફ્રા સોલ્યુશન્સ ૨૨ જાન્યુઆરીએ ખુલશે, એ જ રીતે, એસએમઈ સેગમેન્ટમાં કુલ ત્રણ જાહેર ભરણાં સબસ્ક્રિપ્શન માટે ખુલવા જઈ રહ્યા છે. આમાંથી કેપિટલ નંબર્સ ઇન્ફોટેકનો આઇપીઓ, જેની કિંમત રૂ. ૨૫૦-૨૬૩ છે, તે ૨૦ જાન્યુઆરીએ ખૂલ્યો છે. તો રેક્સપ્રો એન્ટરપ્રાઇઝિસનો આઇપીઓ ૨૨ જાન્યુઆરીથી ખુલશે. જ્યારે જીબી લોજિસ્ટિક્સનો આઇપીઓ ૨૪ જાન્યુઆરીએ ખુલશે.

દરમિયાન, સ્વાન ડિફેન્સ એન્ડ હેવી ઇન્ડસ્ટ્રીઝે સોમવારે દલાલ સ્ટ્રીટમાં પુનરાગમન કર્યું, તેના શેર ૧.૫ વર્ષના વિરામ પછી નેશનલ સ્ટોક એક્સચેન્જ અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ પર ફરીથી સૂચિબદ્ધ થયા. સત્ર દરમિયાન બીએસઈ પર આ સ્ટોક પાંચ ટકા જેટલો આગળ વધ્યો હતો. તાજેતરમાં એક અહેવાલ આવ્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે આગામી બે વર્ષમાં દેશમાં ૧૦૦૦થી વધુ આઇપીઓ આવવાની શક્યતા છે. બજારમાં આગામી સમયમાં અફડાતફડી ચાલુ રહી શકે છે, કારણ કે પ્રમુખ-ચુંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પ હેઠળ યુએસ નીતિ માળખા વિશે રોકાણકારોની ચિંતા અને સ્થાનિક કોર્પોરેટ કમાણીમાં સંભવિત મંદી સેન્ટિમેન્ટ પર ભાર મૂકે છે.

એશિયન બજારોમાં, ટોકિયો, શાંઘાઈ અને હોંગકોંગ સકારાત્મક ઝોનમાં સ્થાયી થયા હતા જ્યારે સિઓલ નેગેટિવ ઝોનમાં સરક્યું હતું. યુરોપના બજારોમાં તેજી જોવા મળી હતી. શુક્રવારે યુએસ બજારો ગ્રીન જોનમાં બંધ થયા હતા. બજારના નિષ્ણતોએ જણાવ્યું હતું કે, એશિયન બજારોમાંથી મજબૂત સકારાત્મક સેન્ટિમેન્ટે સ્થાનિક બજારોને પ્રોત્સાહન આપ્યું હોવાથી સપ્તાહની શરૂઆત તંદુરસ્ત નોંધ સાથે થઇ હતી. વધુમાં, બેંકિંગ અને નાણાકીય ક્ષેત્રોમાંથી કમાણીના મજબૂત પ્રારંભિક સંકેતોને કારણે વ્યાપક લેવાલીને આધારે તેજીનો માહોલ રચાયો હતો. જો કે, ટ્રમ્પની નીતિઓની આસપાસની અનિશ્ચિતતા ચાલુ રહી છે, રોકાણકારો વધુ સ્પષ્ટતાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૩૬ ટકા ઘટીને ૮૦.૫૦ ડોલર પ્રતિ બેરલ થઈ ગયું છે. એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ શુક્રવારે રૂ. ૩,૩૧૮.૦૬ કરોડની ઇક્વિટીઓનું વેચાણ કર્યું હતું. શુક્રવારે બીએસઇ બેન્ચમાર્ક ૪૨૩.૪૯ પોઈન્ટ અથવા ૦.૫૫ ટકા ઘટીને ૭૬,૬૧૯.૩૩ પર સેટલ થયો હતો. નિફ્ટી ૧૦૮.૬૦ પોઈન્ટ અથવા ૦.૪૭ ટકા ઘટીને ૨૩,૨૦૩.૨૦ પર આવી ગયો હતો.

ટેલિકોમ્યુનિકેશન અને બેન્કેક્સ ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા હતા અને ઓટો ઇન્ડેક્સ સર્વાધિક ઘટ્યો હતો. માર્કેટ કેપમાં રૂ.૨.૮૭ લાખ કરોડની વૃદ્ધિ નોંધાઇ છે. સોમવારે બીએસઈ સેન્સેક્સ ગત શુક્રવારના ૭૬,૬૧૯.૩૩ના બંધથી ૪૫૪.૧૧ પોઈન્ટ્સ (૦.૫૯ ટકા) વધ્યો હતો. માર્કેટ કેપ રૂ.૨.૮૭ લાખ કરોડ વધીને રૂ.૪૩૧.૫૯ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૭૬,૯૭૮.૫૩ ખૂલીને નીચામાં ૭૬,૫૮૪.૮૪ અને ઉપરમાં ૭૭,૩૧૮.૯૪ સુધી જઈને અંતે ૭૭,૦૭૩.૪૪ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૧૭ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૧૩ સ્ક્રિપ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૨૨૮ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૫૦૩ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૫૫૭ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૬૮ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૧૫ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૭૫ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૬૬ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૮૨ ટકા વધ્યા હતા.

સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૪૬ ટકા ઘટ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૭૭ ટકા વધ્યો હતો.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ ઓટો ૦.૫૦ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૨૬ ટકા અને એફએમસીજી ૦.૦૮ ટકા ઘટ્યા હતા, જ્યારે ટેલિકોમ્યુનિકેશન ૨.૧૮ ટકા, બેન્કેક્સ ૨.૦૩ ટકા, પાવર ૧.૩૯ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૧.૨૪ ટકા, યુટિલિટીઝ ૧.૧૭ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૯૬ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૮૩ ટકા, મેટલ ૦.૭૭ ટકા, હેલ્થકેર ૦.૭૬ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૭૨ ટકા, રિયલ્ટી ૦.૫૭ ટકા, કોમોડિટીઝ ૦.૫૭ ટકા, એનર્જી ૦.૫૩ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૪૯ ટકા, ટેક ૦.૪૧ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૩૬ ટકા, સર્વિસીસ ૦.૩૪ ટકા અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૦.૧૮ ટકા વધ્યા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે કોટક બેન્ક ૯.૧૫ ટકા, બજાજ ફાઈનાન્સ ૩.૫૮ ટકા, બજાજ ફિનસર્વ ૩.૧૮ ટકા, એનટીપીસી ૨.૯૬ ટકા, સ્ટેટ બેન્ક ૧.૯૬ ટકા, પાવર ગ્રીડ ૧.૨૯ ટકા, તાતા સ્ટીલ ૧.૦૪ ટકા અને ટેક મહિન્દ્ર ૧.૦૨ ટકા ઘટ્યા હતા.

જ્યારે ઝોમેટો ૩.૧૪ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૨૩ ટકા, તાતા કન્સલ્ટન્સી ૧.૧૮ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૯૯ ટકા, મારુતિ ૦.૮૦ ટકા અને તાતા મોટર્સ ૦.૬૭ ટકા ઘટ્યા હતા.

## ડૉલર સામે રૂપિયામાં પાંચ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નરમાઈ સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહેતાં આજે ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાધારણ પાંચ પૈસાના સુધારા સાથે ૮૬.૫૫ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આગામી દિવસોમાં સ્થાનિક તેમ જ વૈશ્વિક પરિબળોને ધ્યાનમાં લેતા ડૉલર સામે રૂપિયો ૮૬.૨૦થી ૮૬.૮૦ આસપાસની રેન્જમાં અથડાતો રહે તેવી શક્યતા ફોરેક્સ ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા છે.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો આગલા ૮૬.૬૦ના બંધ સામે સુધારાતરફી વલણ સાથે ૮૬.૪૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૫૭ અને ઉપરમાં ૮૬.૪૬ની રેન્જમાં રહીને અંતે પાંચ પૈસાના સુધારા સાથે ૮૬.૫૫ની સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ગઈકાલે રાત્રે જોવા મળેલા ઘટાડાને કારણે રૂપિયાને ટેકો મળ્યો હોવાનું મિરે એસેટ્સ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે તાજેતરમાં ડૉલરમાં જોવા મળી રહેલી મજબૂતાઈ અને સ્થાનિક સ્તરે ડૉલરમાં આયાતકારોની માગને ધ્યાનમાં લેતાં ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જળવાઈ રહેતાં ૮૬.૪૦થી ૮૬.૭૫ની આસપાસની સપાટીએ રૂપિયો જોવા મળી શકે છે તેમ છતાં જો ક્રૂડતેલના ભાવમાં વધુ ઘટાડો થાય અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારો જળવાઈ રહે તો રૂપિયાને ટેકો મળશે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૧૭ ટકા ઘટીને ૧૦૯.૧૬ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૫૦ ટકા ઘટીને બેરલદીઠ ૮૦.૩૯ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૪૫૪.૧૧ પૉઈન્ટ અને ૧૪૧.૫૫ પૉઈન્ટ વધીને બંધ રહ્યા હતા, પરંતુ ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૩૧૮.૦૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશોને કારણે રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## સોનામાં ₹ ૧૦૬ની આગેકૂચ, ચાંદીમાં ₹ ૬૨૦ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈતરફી વલણ રહેતા આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં સુધારાતરફી અને ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું. જોકે, બજાર વર્તુળોની નજર આજે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના હોદ્દો અખત્યાર કર્યા બાદના વક્તવ્ય પર સ્થિર હોવાથી સોનામાં સુધારો મર્યાદિત રહ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમા ખાસ કરીને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૫થી ૧૦૬ની આગેકૂચ જોવા મળી હતી, જ્યારે ચાંદીમાં વિશ્વ બજાર પાછળ સ્ટોકિસ્ટોની વેચવાલી અને ઔદ્યોગિક વપરાશકારોની માગ ખપપૂરતી રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૬૨૦નો ઘટાડો જોવા મળતાં એકંદરે બન્ને કિંમતી ધાતુઓમાં સામસામા રાહ જોવા મળ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૬૨૦ના ઘટાડા સાથે રૂ. ૯૦,૨૦૦ના મથાળે રહ્યા હતા. જોકે,




સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૫ વધીને રૂ. ૭૯,૦૨૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૦૬ વધીને રૂ. ૭૯,૩૪૫ના મથાળે રહ્યા હતા. એકંદરે આજે ભાવમાં આગેકૂચ રહેતાં સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની લેવાલી પણ ખપપૂરતી મર્યાદિત રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પનાં આજના વક્તવ્યમાં ફુગાવા અને ફેડરલ રિઝર્વની ભવિષ્યની નીતિઓ અંગે કોઈ સ્પષ્ટતા મળે તેવા આશાવાદ સાથે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા સપ્તાહના બંધ સામે ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૨૭૦૭.૩૩ ડૉલર અને વાયદામાં ભાવ ઔંસદીઠ ૨૭૪૭.૮૦ની સપાટીએ સાંકડી વધઘટે ટકેલા રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૩૦.૨૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા. જો ટ્રમ્પનાં આજના વક્તવ્યમાં વેપાર અને વેરાની નીતિ અંગે જો નરમાઈનું વલણ જોવા મળશે તો બજારમાં ફુગાવાવૃદ્ધિલક્ષી ચિંતાઓ હળવી થશે અને ડૉલર ઈન્ડેક્સ તથા અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં પીછેહઠ જોવા મળતાં સોનામાં સુધારાતરફી વલણ જોવા મળે તેવી શક્યતા કેસીએમ ટ્રેડનાં વિશ્લેષક ટીમ વૉટરરે જણાવ્યું હતું. સામાન્યપણે વધતા ફુગાવાના સંજોગોમાં સોનામાં હેજરૂપી માગ નીકળતી હોય છે, પરંતુ હાલના સંજોગોમાં અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં વધારો સોનામાં માગ રૂંધી રહ્યો છે.

જોકે, હાલના તક્કે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની વેપાર-વેરાની નીતિઓ ફુગાવાલક્ષી દબાણ વધારે તેવી શક્યતા બજાર વર્તુળો જોઈ રહ્યા છે અને વધતા ફુગાવાના સંજોગમાં ફેડરલ રિઝર્વની વ્યાજદરમાં કપાતની શક્યતાઓ નબળી પડતા સોનાના ભાવ દબાણ હેઠળ રહે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે. આમ આગામી દિવસોમાં સોનાના ભાવની વધઘટનો આધાર મુખ્યત્વે ટ્રમ્પની વેપાર-વેરાની નીતિઓ પર અવલંબિત હોવાનું ગોલ્ડમેન સાશે એક નોટ્સમાં જણાવતાં ઉમેર્યું હતું કે આ વર્ષે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ઓછી વખત વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા અમે વર્ષ ૨૦૨૬નાં મધ્ય સુધી સોનાના ભાવ ઔંસદીઠ ૩૦૦૦ ડૉલર આસપાસની સપાટીએ રહે તેવી ધારણા મૂકી છે.

## મથકો પાછળ સિંગતેલમાં ₹ ૧૫નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના એપ્રિલ વાયદામાં ૧૬ રિંગિટનો સુધારો આવ્યો હોવાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો છૂટાછવાયા રહેતાં આયાતી તેલના ભાવમાં મિશ્ર વલણ રહેતાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા, જ્યારે સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો અને આરબીડી પામોલિનમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં દેશાવરોની માગને ટેકે તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૩૦નો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫નો સુધારો આવ્યાના નિર્દેશો સાથે સ્થાનિકમાં પણ સિંગતેલના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ વધી આવ્યા હતા.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૦, અલાનાના આરબીડી પામોલિનના રૂ.



૧૩૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૫ તથા ગોકુલના સન રિફાઈન્ડના રૂ. ૧૩૪૦ ક્વૉટ થઈ રહ્યા હતા. આ સિવાય ગોલ્ડન એગ્રી અને રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૫ અને ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૫ના મથાળે રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયાના અહેવાલ હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૦, સિંગતેલના રૂ. ૧૪૬૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને સરસવના રૂ. ૧૩૮૦ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૮૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૨૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૧.૩૦ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૦૦થી ૪૩૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૩૨૫થી ૪૪૦૦ના મથાળે થયાના અહેવાલ હતા.

## વર્તમાન ખાંડ મોસમમાં ૧૦ લાખ ટન ખાંડની નિકાસ છૂટ

### હાજર ખાંડમાં ક્વિન્ટલે ₹ ૩૦થી ૭૨નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ ગત ઑક્ટોબર મહિનાથી શરૂ થયેલી વર્તમાન વર્ષ ૨૦૨૪-૨૫ની ખાંડ મોસમ માટે સરકારે ૧૦ લાખ ટન ખાંડની નિકાસને મંજૂરી આપી હોવાનું આજે અનાજ ખાતાના પ્રધાન પ્રલ્હાદ જોશીએ આજે એક્સ પ્લેટફોર્મ પર જણાવ્યું હતું. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત ખાંડ મોસમમાં સ્થાનિકમાં પુરવઠાની ચિંતાને ધ્યાનમાં લેતા નિકાસ છૂટ નહોંતી આપવામાં આવી.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર નિકાસ માટે આંધ્ર પ્રદેશને ૫૮૪૧ ટન, બિહારને ૨૦,૨૯૭ ટન, છત્તીસગઢને ૩૪૨૩ ટન, ગુજરાતને ૩૧,૯૯૪ ટન, હરિયાણાને ૨૨,૨૧૦ ટન, કર્ણાટકને ૧,૭૪,૯૮૦ ટન, મધ્યપ્રદેશને ૧૮,૪૦૪ ટન, મહારાષ્ટ્રને ૩,૭૪,૯૯૬ ટન, ઓરિસ્સાને ૮૮૬ ટન, પંજાબને ૧૭,૨૦૦ ટન, રાજસ્થાનને ૨૮૪ ટન, તમિળનાડુને ૩૪,૨૩૬ ટન, તેલંગણાને ૭૮૪૨ ટન, ઉત્તર પ્રદેશને ૨,૭૪,૧૮૪ ટન અને ઉત્તરાખંડને ૧૩,૨૨૩ ટન ખાંડની નિકાસનો ક્વૉટા



ફાળવવામાં આવ્યો છે.

આમ નિકાસ છૂટની જાહેરાત સાથે આજે મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૫થી ૨૫ના ઉછાળા સાથે રૂ. ૩૫૪૦થી ૩૫૯૦માં થયાના અહેવાલ હતા. આમ મથકો પર તેજીનું વલણ તેમ જ સ્થાનિક સ્તરે સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૩૦થી ૭૨નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૩૦થી ૪૦નો ઉછાળો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ભાવ ક્વિન્ટલે રૂ. ૭૦ ઉછળી આવ્યા હતા.

આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ મથકો પાછળ ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં આજે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૭૨ અને ઉપલા મથાળેથી રૂ. ૩૦ વધીને રૂ. ૩૬૯૨થી ૩૭૮૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦ અને ઉપલા મથાળેથી રૂ. ૪૦ વધીને રૂ. ૩૭૫૨થી ૩૮૯૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૭૦નો સુધારો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૮૦થી ૩૭૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૧૦થી ૩૭૮૦માં થયાના અહેવાલ હતા.

મુંબઈ સમાચાર

LIKE & FOLLOW: /Mumbaisamachar4u





ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જૈનોના પવિત્ર યાત્રાધામ પાલીતાણાના મહિમાવંત શેત્રુંજય મહાતીર્થની ભાવપૂર્ણ યાત્રા કરી હતી, પૂજાની જોડ ધારણ કરી ભગવાન આદીનાથની પૂજાનો લ્હાવો લીધો હતો. (તસવીર-વિપુલ હિરાણી ભાવનગર)

# બોર્ડર અને નાઈટ ટુરિઝમ વિકસાવવા માટે ઐતિહાસિક લખપતના કિલ્લા પર કાયમી લાઈટ-શો ચાલુ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના લખપતને પ્રવાસીઓની અવરજવરથી સતત ધબકતું રાખવા માટે અહીંના ઐતિહાસિક કિલ્લા પર રાજ્યના પ્રવાસન વિભાગ દ્વારા કાયમી લાઈટ-શો શરૂ કરવામાં આવશે. પાકિસ્તાનને અડીને કોરી ક્રીકના કિનારે આવેલા સરહદી વિસ્તાર લખપતના ઐતિહાસિક કિલ્લાને આજીવન લાઈટથી ઝળાહળા રાખવા માટે ટેન્ડર બહાર પડયા પછી દિલ્હીની ફર્મને ત્રણેક કરોડનો વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું હતું. અંદાજિત બેથી અઢી મહીનામાં આ કિલ્લાની સાત કિલોમીટરમાં પથરાયેલી કાળમીંઢ દીવાલો પર રેડ, ગ્રીન,બ્લુ, મલ્ટીકલર લાઈટ લગાડવાનું કામ પૂર્ણ થતાં પ્રવાસીઓ અહીં નજારો માણી શકશે.

આ લાઇટ શો ઉપરાંત આસપાસના પ્રવાસન સ્થળોના વિકાસ માટે પણ ટૂંક સમયમાં પગલાં ભરવામાં આવશે. મહત્ત્વની બાબત એ છે કે, આ કિલ્લાથી પાકિસ્તાનની ભૂમિસીમાં માત્ર ૧૮ કિલોમીટર દૂર છે અને લાઇટ શો ૧૫ કિલોમીટર દૂરથી પણ નિહાળી શકાશે જેથી બે સદી પહેલાંની એક સમયના લખપત બંદરની જાહોજલાલીનો અંદાજો પ્રવાસીઓ મેળવી શકશે.

૧.૩ કિલોમીટરના મુખ્ય પ્રવેશદ્વારની સાથે કિલ્લાની અંદર આવેલાં ઐતિહાસિક અને ધાર્મિક સ્થળો જેમાં પીર ઘોષ મહમદનો કૂબો, હાટકેશ્વર મંદિર, સૈયદ પીરનો કુબો, અકબાની મહેલ, નીલકંઠ મહાદેવ મંદિર પર પણ આરજીબીડબ્લ્યુ લાઇટિંગનું કામ કરવામાં આવશે. સામાન્ય દિવસોમાં આ લાઇટીંગ પીળા રંગની રાત્રે દેખાશે પણ તહેવારો અને રાષ્ટ્રીય પર્વ પર અલગ-અલગ રંગોના પ્રકાશ વડે રોશની કરવામાં આવશે.

# અંજાર બાયપાસ માર્ગ પરથી પસાર થતા ટ્રેઈલરોમાંથી લોખંડના સળિયા ચોરવાનું કૌભાંડ પકડાયું

ભુજ: કચ્છના બંદરો વાટે દેશ-વિદેશથી આવતા વિવિધ માલ-સામાનની અવરજવર કરતા ભારે માલવાહક વાહનોમાંથી કોલસો, ખાદ્ય તેલ તેમજ પેટ્રોલિયમ પદાર્થોની તસ્કરીના બનાવો એક આમ બાબત બની ચુકી છે તેવામાં પૈસાની લાલચ આપી, લોખંડના સળીયા ભરેલા ટ્રેઈલરોમાંથી સળીયાઓની વ્યાપક ચોરી કરવાના કારસ્તાનનો સ્થાનિક પોલીસે પર્દાફાશ કરીને, ૧૦ હજાર કિલો ચોરાઉ સળીયા કબજે કર્યા હતા.

કાર્યવાહી અંગે જાણવા મળેલી વિગતો મુજબ, અંજાર બાયપાસ માર્ગ પરના એક ઓટો ગેરેજની પાછળ પૂર્વ બાતમીના આધારે પોલીસ દ્વારા પાડવામાં આવેલા દરોડામાં ટીએમટી સળીયાના ગંજ મળી આવ્યા હતા. દરોડા સ્થળ પરથી મુળ મુંદરાના વવારનો, હાલે અંજારના દબડામાં રહેતો હરી સામરા ગઢવી અને અમરેલીનો, હાલે અંજારમાં રહેનારા મેહુલ રવિદાન ગઢવીની ધરપકડ કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં આ આરોપીઓ ધોરીમાર્ગ પરથી પસાર થતા લોખંડના સળીયા ભરેલા ટ્રેઈલરના ડ્રાઈવરોને રૂપિયાની લાલચ આપી તેમાં રહેલા માલને બારોબાર ખરીદી લેતા હતા અને તેનું વેંચાણ કરતા હોવાનું સામે આવ્યું હતું.

પોલીસે કુલ્લ ૧૦૧૩૦ કિલો લોખંડના સળીયા કિંમત રૂ. ૫,૦૬,૫૦૦નો મુદ્દામાલ કબજે કરી,આગળની તપાસ હાથ ધરી છે. ■

# નખત્રાણાના કોટડા જડોદરમાં સોની વેપારી પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી, 30.૭૨ લાખના દાગીનાની લૂંટ કરાઈ હોવાનું ખુલ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના નખત્રાણા તાલુકાના કોટડા (જડોદર)માં જ્વેલર્સની દુકાન વધાવી દાગીનાઓથી ભરેલા બે થેલા લઈને નીકળેલા વેપારી પર તીક્ષ્ણ હથિયાર વડે જીવલેણ હુમલો કરી, ૩૦.૭૨ લાખના મૂલ્યના ઘરેણાં ભરેલા એક થેલાની સનસનીખેજ લૂંટ મચાવી માતાના મઢ તરફ નંબર વિનાની કારમાં નાસી ચૂંટેલા ત્રણ લૂંટારાઓને પકડવા પોલીસે છ ટુકડીઓનું ગઠન કર્યું હતું.

ચકચારી ઘટના અંગે નખત્રાણા પી.આઈ.એ માહિતી આપતાં જણાવ્યું હતું કે, કોટડા (જડોદર)માં બસ સ્ટેન્ડ પાસે નીલકંઠ જ્વેલર્સ નામની દુકાન ધરાવતા સોની વેપારી નીલેશ રમેશ સોની ગત શનિવારના રાત્રે દુકાન બંધ કરી, કિંમતી સોના-ચાંદીના ઘરેણાના બે થેલા ભરી નિત્યક્રમ મુજબ ઘરે ગયા હતા. તેઓ તેમના ઘર પાસે પહોંચ્યા ત્યારે તેમના સ્કૂટરને સફેદ રંગની સ્વીફ્ટ કારે ટક્કર મારી દેતાં વેપારી વાહન સમેત પટકાયા હતા.

ત્યારબાદ કારમાંથી નીકળેલા ત્રણ અજાણ્યા ૨૦-૨૫ વર્ષની ઉંમરના બુકાનીધારી શખ્સોએ તેમના પર છરી વડે હુમલો કર્યો હતો અને થેલા ઝુંટવાના પ્રયાસ કરતા ઝપાઝપી થઈ ત્યારે નીલેશભાઈના હાથ પર છરીનો ઊંડો ઘા મારી, દાગીના ભરેલો એક થેલો લૂંટી ત્રણ લુંટારુઓ નાસી છુટયા હતા.

ઘાયલ નીલેશભાઈ પ્રથમ નખત્રાણા અને બાદ વધુ સારવાર અર્થે ભુજની ખાનગી હૉસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાંથી રજા મળતા વેપારીએ લૂંટાયેલા દાગીનાની હાથ ધરેલી ગણતરીમાં કુલ ૪૮ તોલાના ૪૮૦ ગ્રામ સોનાના ૩૦.૭૨ લાખની કિંમતના ઘરેણાંની લૂંટ થઈ હોવાનું ફરિયાદમાં લખાવાયું છે. પોલીસ ઈન્સપેક્ટરએ ફરિયાદ નોંધવા સાથે અજાણ્યા લૂંટારૂઓને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે. ■



રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભાની બેઠક મળી હતી, જેમાં ૮૨૭ લાખના ખર્ચે થનારા વિકાસના કાર્યોને મંજૂરી આપવામાં આવી હતી. (તસવીર-પ્રવિણ સેદાણી, રાજકોટ)

# કચ્છને ગાત્રો થીજાવી દેતી ઠંડીમાંથી નોંધપાત્ર રાહત મળી: ભુજ, નલિયા સહિતના મથકોમાં 30 ડિગ્રી જેટલું ઊંચું મહત્તમ ઉષ્ણતામાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છને સતત ધ્રુજાવી રહેલી ઠંડીના પ્રમાણમાં ઉતાર-ચઢાવ યથાવત રહ્યો છે અને મહત્તમ અને લઘુતમ ઉષ્ણતામાનનો આંક પાંચથી સાત ડિગ્રી જેટલો ઉપર આવતાં મારકણા ઠારમાં નોંધપાત્ર ઘટાડો થતાં ધીરે-ધીરે જનજીવન થાળે પડી રહ્યું છે.

અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં બે-ત્રણ દિવસ અગાઉ નોંધાયેલા ૬ ડિગ્રી તાપમાન સામે ૧૦.૪ ડિગ્રી જેટલું લઘુતમ તાપમાન, જયારે ૨૯ ડિગ્રી જેટલું મહત્તમ તાપમાન નોંધાયું હતું, તીવ્ર ટાઢોડાને કારણે મૂર્છિત થઇ ગયેલા જનજીવને ભારે રાહત અનુભવી હતી.

નલિયા સિવાયના અન્ય મથકોમાં પણ ઠંડીમાં નોંધપાત્ર ઘટાડો થવા પામ્યો છે જેમાં જિલ્લાના મુખ્ય મથક ભુજમાં આજે લઘુતમ ૧૩.૪ ડીગ્રી, અને મહત્તમ તાપમાનનો આંક ૩૦.૧ ડિગ્રી સેલ્સિયસ જેટલો ઊંચો નોંધાતા આ કિલ્લેબંધ નગરના શહેરીજનોએ રાહતનો દમ લીધો હતો.

મહાબંદર કંડલામાં લઘુતમ તાપમાનનો આંક ૧૬ ડિગ્રી સે.પર પહોંચી જતાં સમગ્ર કંડલા-ગાંધીધામ સંકુલ જાણે ગુલાબી ઠંડીનો અહેસાસ કરી રહ્યું છે.દરમિયાન, સૂકા રણપ્રદેશ કચ્છમાં આજથી ન્યૂનતમ પારો બેથી ચાર ડિગ્રી જેટલો ઊંચકાવાની સાથે મહત્તમ તાપમાન પણ ઊંચું આવશે, જો કે, શીતમથક નલિયામા હજુ પણ ઠંડીનું સામ્રાજ્ય થોડા દિવસો માટે જારી રહેશે તેવું મોસમ વિભાગે વ્યક્ત કરેલા પૂર્વાનુમાનમાં જણાવ્યું છે. ■

# જામનગરમાં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે બે દિવસ સૂર્યકિરણ એરોબેટિક ટીમ એર શો કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આગામી પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે જામનગરમાં ૨૫ અને ૨૬ જાન્યુઆરીએ ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ એરોબેટિક ટીમ દ્વારા ભવ્ય એર શો યોજવામાં આવશે. જેના રિહર્સલ કરતા હોય તેવો એક વીડિયો માહિતી વિભાગે શેર કર્યો હતો. આ શોમાં સ્ટ્રાઇકિંગ રેડ એન્ડ વ્હાઇટ હોક જેટ વિમાનો દ્વારા લૂપ્સ, રોલ્સ, હેડ-ઓન ક્રોસ અને ઇન્વર્ટેડ ફ્લાઇંગ જેવા સાહસિક દાવપેચ રજૂ કરવામાં આવશે.

જામનગરમાં આ એર શો દરમિયાન ખાસ આકર્ષણ તરીકે ડીએનએ દાવપેચનું પ્રદર્શન કરવામાં આવશે, જેમાં વિમાનો આકાશમાં ડીએનએના માળખા જેવી રચના બનાવશે. ૧૯૯૬માં સ્થાપિત આ ટીમ એશિયામાં એકમાત્ર ૯ વિમાનોની એરોબેટિક ટીમ છે. ગ્રૂપ કેપ્ટન અજય દાશરથીના નેતૃત્વમાં ૧૪ કુશળ પાઇલોટ્સની આ ટીમે અત્યાર સુધીમાં ૭૦૦થી વધુ શો કર્યા છે.

તાજેતરમાં, સૂર્યકિરણ ટીમના હોક એમકે ૧૩૨ એરક્રાફ્ટમાં રંગીન ધુમાડો ઉત્પન્ન કરવામાં સક્ષમ સ્મોક પોડ્સનું ઇન્ટીગ્રેશન કરવામાં આવ્યું છે. આ એડવાન્સમેન્ટ ભારતીય વાયુસેનાના બેઝ રિપેર ડેપો, નાસિક ખાતે વિકસાવવામાં આવી હતી અને ટીમને તેમના હવાઈ પ્રદર્શન દરમિયાન રાષ્ટ્રધ્વજના રંગો કેસરી, સફેદ અને લીલો આકાશમાં પ્રદર્શિત કરવાની મંજૂરી આપવામાં આવી હતી.જામનગરવાસીઓ માટે આ ભવ્ય એર શો એક અદ્ભુત આકર્ષણ બની રહેશે.

# મોરબીમાં ઝારખંડના બે યુવાન શ્રમિકોનું ગેસ ગળતરને કારણે ગૂંગળામણ થવાથી મોત નિપજ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મોરબીના માળિયા મિયાણા તાલુકાના મોટા દહીસરા ગામમાં રહેતા ઝારખંડના બે યુવાન શ્રમિકોનું ગેસ ગળતરને કારણે ગૂંગળામણથી મોત થયું હોવાનું પોલીસે જણાવ્યું હતું.

માળિયા મીયાણા પોલીસે જણાવ્યું હતું કે, આ બંને મૃતકોની ઓળખ કુલદિપકુમાર ચુરામણ મહતો અને ગોપાલકુમાર ગીરધારી મહતો તરીકે થઈ હતી.

મોટા દહિસરા ગામમાં લેબર કોલોનીમાં રહેતા બંને યુવાનોના મૃતદેહો મળ્યા હતાં. તેમના સાથી કર્મચારીઓએ સવારે તપાસ કરતાં તેઓ બેભાન અવસ્થામાં મળી આવ્યા હતાં.

ત્યાર બાદ તેમને સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડાયા હતાં. જ્યાં તેમને ફરજ પરના ડોક્ટરોએ મૃત જાહેર કર્યા હતાં.

ફોરેન્સિક પોસ્ટમોર્ટમમાં બંને યુવાનનું મોત ગૂંગળામણથી થયું હોવાનું જાણવા મળ્યું હતું. સાથી કર્મચારીઓના જણાવ્યા મુજબ, યુવાનો જે ઓરડીમાં રહેતા હતા ત્યાં જ રસોઈ બનાવતા હતા અને કોઈ કારણોસર ગેસ ગળતરથી આ દુર્ઘટના સર્જાઈ હતી.પોલીસે ઘટનાની નોંધ લઈને આગળની તપાસ શરૂ કરી છે. ■

# કચ્છમાં ખનિજ વિભાગની ફ્લાઈંગ સ્ક્વોડનો સપાટો: અનધિકૃત ખનિજ પરિવહન બદલ ૧૩ વાહન સીઝ

ભુજ: પ્રાકૃતિક ખનિજ સંપદાથી સમૃદ્ધ એવા રણપ્રદેશ કચ્છમાં રાજકીય ઓથા હેઠળ ભયમુક્ત બનેલા ખનીજ માફિયાઓ પર લગામ કસવા શરૂ કરવામાં આવેલી ખાસ ઝુંબેશ અંતર્ગત ખાણ ખનિજ ખાતાની ફ્લાઈંગ સ્ક્વોડે ગત શુક્ર અને શનિવારે ત્રણ અલગ સ્થળે કાર્યવાહી હાથ ધરી એક એક્સકેવેટર, એક લોડર મશીન સહિત ૧૧ ડમ્પર સીઝ કર્યાં હતા.

ફ્લાઈંગ સ્ક્વોડના મદદનીશ નિયામક મેહુલ શાહે જણાવ્યું હતું કે, શુક્રવારની રાત્રે ભચાઉના લાકડિયા ખાતે આકસ્મિક તપાસ હાથ ધરીને અધિકૃત રોયલ્ટી પાસ વગર ચાઈના ક્લેનું પરિવહન કરી રહેલાં પાંચ ડમ્પર સીઝ કરવામાં આવ્યાં હતાં, જયારે ફ્લાઈંગ સ્ક્વોડની અન્ય એક ટુકડીએ બંદરીય મુંદરાના બોરાણા ખાતે તપાસ હાથ ધરીને સાદી રેતીનું ગેરકાયદે ખનન અને વહન કરતા એક લોડર, એક ટ્રેક્ટર અને બે ડમ્પર સીઝ કર્યાં હતાં,જયારે રોયલ્ટી પાસમાં દર્શાવેલાં જથ્થા કરતાં ગેરકાયદે ઓવરલોડ કપચી (બ્લેકટ્રેપ)નું વહન કરતું એક અન્ય ડમ્પર સીઝ કરવામાં આવ્યું હતું.

શનિવારે ભુજ તાલુકાના કાંઢવાંઢ ખાતે ગેરકાયદેસર સાદી રેતીનું ખનન અને પરિવહન કરવા સબબ એક એક્સકેવેટર મશીન, એક ડમ્પર, એક્સકેવેટર મશીનને લાવવા લઈ જવા ઉપયોગમાં લેવાતા એક ટ્રેલરને સીઝ કરવામાં આવ્યું હતું. ■

# માંડવીના રામપર-વેકરા પાસે ગીચ ઝાડીમાં કોલી યુવકની લુંગી વડે ગળેટૂંપો આપી હત્યા કરી દેવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના માંડવી તાલુકાના વેકરા (રામપર) ગામથી ધુણઈ ગામ તરફ જતાં રસ્તા પર બાવળની ઝાડીમાંથી મૃત હાલતમાં મળેલાં કોલી યુવકની લુંગી વડે ગળેટૂંપો આપી ઠંડા કલેજે હત્યા કરી દેવાઈ હોવાનો પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ઘટસ્ફોટ થતાં પંથકમાં ચકચાર પ્રસરી હતી.

આ બનાવની તપાસ કરી રહેલા ગઢશીશા ઈન્ચાર્જ પી.આઈના જણાવ્યા પ્રમાણે, ગત શનિવારે બપોરે અઢી વાગ્યાના અરસામાં હમીર મુસાભાઈ કોલી (ઉ.વ. અંદાજે ૪૫)ની ભેદી સંજોગોમાં બાવળની ગીચ ઝાડીમાંથી લાશ મળી આવી હતી.

હતભાગી છેલ્લાં એક વર્ષથી નખત્રાણાના વડવા (કાંયા) ગામે મોહન બુચિયાની વાડીએ રહીને ખેતમજૂરી કરતો હતો. વાસી ઉત્તરાયણના દિવસે તેના ગામ વેકરા (રામપર) ગયો હતો અને તેના મોટાભાઈ સિધિકના ઘેર રોકાયો હતો. શુક્રવારે સવારે ૧૧ વાગ્યા પછી કોઈને કશી જાણ કર્યા વગર તે ગાયબ થઈ ગયો હતો. હમીર વડવાની વાડીએ પાછો જતો રહ્યો હશે તેમ માનીને મોટા ભાઈએ તેની શોધખોળ કરી નહોતી. બીજા દિવસે બપોરે પડોશીએ હમીરનો મૃતદેહ મળ્યો હોવા અંગે તેને માહિતગાર કર્યો હતો.

હમીરના ગળે લાલ લુંગીની બે આંટી વીંટળાયેલી હતી. પ્રથમ નજરે બનાવ હત્યા હોવાનું અનુમાન થયેલું જે પોસ્ટમોર્ટમ રીપોર્ટમાં સાચું ઠર્યું હતું. મરણ જનાર દારૂ પીવાની કુટેવ ધરાવતો હતો અને છેલ્લાં આઠ વર્ષથી તેની પત્ની અલગ રહે છે. મૃતક પાસે રહેલી કોઈ ચીજવસ્તુ ચોરાઈ કે લૂંટાઈ નથી. પોલીસ વિવિધ એંગલ પર તપાસ કરીને હત્યારાને દબોચી લેવા કેટલાંક શકમંદોની પૂછપરછ કરી રહી હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

# રાજકોટમાં કરાટે કોચ એસોસિએશને રાણી લક્ષ્મીબાઈ સ્વરક્ષણ યોજનામાં કૌભાંડ થયું હોવાનો આક્ષેપ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવતી રાણી લક્ષ્મીબાઈ સ્વરક્ષણ યોજનાના નામે કૌભાંડ થતું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. સરકાર દ્વારા આ યોજના હેઠળ સ્કૂલ દીઠ તાલીમ આપનારને ૧૫ હજાર રૂપિયા અપાય છે. જેમાં કેટલીક સ્કૂલોમાં લાયકાત વિનાના કોચ પાંચ દિવસ તાલીમ આપી તેના ફોટા સરકારમાં મોકલે છે. રાજકોટ શહેર અને જિલ્લાની ૬૦૦ સ્કૂલોમાં આ પ્રકારનું કૌભાંડ ચાલતું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આ મુદ્દે કરાટે કોચ એસોસિએશન દ્વારા કાયદાકીય લડાઈની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

રાજકોટના એક કરાટે કોચે જણાવ્યું હતું કે, રાજ્યની તમામ સરકારી સ્કૂલોમાં રાણી લક્ષ્મીબાઈ આત્મરક્ષા-પ્રશિક્ષણ યોજના હેઠળ છોકરીઓને કરાટે, જુડો, બેઝિક ડિફેન્સ માટે પંચિંગ, બ્લોકિંગ અને રેસલિંગ જેવી પાયાની સ્વરક્ષણની તાલીમ અપાય છે. રાજકોટની ૬૦૦થી વધુ શાળાઓમાં લાયકાત વિનાના કોચ દ્વારા શાળામાં માત્ર પાંચ દિવસની તાલીમ અપાતી હોવાનો કરાટેના કોચ દ્વારા આક્ષેપ કરાયો હતો.

રાજકોટ કરાટે કોચ એસોસિએશનના સૂત્રોએ કહ્યું હતું કે, હાલ રાજકોટમાં રણજીતભાઈ ચૌહાણ નામના કોચ પાસે આ યોજનાનો કોન્ટ્રાક્ટ છે પરંતુ કોઈપણ કોચ ૬૦૦ શાળાઓને માત્ર ૨ દિવસમાં તાલીમ આપી શકે એ શક્ય નથી.આ તાલીમનો કોન્ટ્રાકટ પણ એવા લોકો કે સંસ્થાને આપવામાં આવે છે કે, જેણે ત્રણ વર્ષના રિટર્ન ભર્યા હોય. આ બાબતને કરાટે સાથે કોઈ લેવાદેવા નથી. રાજકોટ શહેરની ૬૦૦ શાળાઓમાં ૩૬ દિવસમાં જે તાલીમ આપવાની હોય તેને માત્ર ૩ દિવસમાં પૂરી કરવામાં આવે છે. આ માટે ૮૦-૯૦ કોચનાં બદલે માત્ર ૨૦-૨૫ કોચ ફાળવવામાં આવ્યા છે. આ મુદ્દે હવે કાયદાકીય લડત ચલાવવામાં આવશે. ■

# રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં નાણાપંચના ૮.૨૭ કરોડના વિકાસ કામોને બહાલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભાની કામગીરી ગણતરીની મિનિટોમાં પૂર્ણ કરી દેવાઈ હતી. આ બેઠકમાં ૧૫મા નાણાપંચના ૮.૨૭ કરોડના વિકાસકામોનો ઠરાવ કરી તે પેટે ૨૦૨૫-૨૬ માટે ૪.૯૬ કરોડની ટાઈડ ગ્રાન્ટ તથા ૩.૩૦ કરોડની અનટાઈડ ગ્રાન્ટ મળીને કુલ ૮.૨૭ કરોડના વિકાસ કામોને બહાલી આપી મંજૂરી માટે વિકાસ કમિશ્નરને મોકલવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ કહ્યું કે ૩૬ પ્રાથમિક શાળામાં સોલાર રૂફટોપ માટે ૪૫ લાખ તથા શાળાઓમાં ઈન-વોટર હારવેસ્ટીંગ સિસ્ટમ માટે ૪૩ લાખની ગ્રાન્ટની જોગવાઈ છે. ૫ આરોગ્ય કેન્દ્ર ખાતે ઈ-હૉસ્પિટલ માટે ૭.૫ લાખ તથા પાંચ પ્રાથમીક આરોગ્ય કેન્દ્રો માટે ૧૫ લાખ ફાળવણી કરાઈ છે. ૭૨ ગામોમાં જળસંચયના કામો માટે ૪૩ લાખ, ૧૨ પશુ દવાખાનામાં વેક્સિન સાચવવા રેફ્રિજરેટર માટે ૯ લાખ, ઈગ્રામ સેન્ટરમાં કોમ્પ્યુટર સ્કેનર માટે ૧૦ લાખ, પાંચ આયુર્વેદીક વાટીકા માટે પાંચ લાખ, ઘનકચરાના નિકાલ માટે ૩૬ ટ્રેક્ટર વસાવવા ૧૯૬ લાખ તથા ૭૬ ટીયરવાન માટે ૧૯૬ લાખની જોગવાઈ છે.

આ બેઠકમાં ૧૦ ટકા નાણાપંચના હેતુફેર માટે ૨૦૨૦-૨૧થી ૨૦૨૪-૨૫ના ૧૫ કામોમાં ફેરફારને બહાલી તથા વ્યાજ બચતની રકમમાંથી સૂચવાયેલા ૨૨ કામોને મંજૂરી આપવામાં આવી હતી. રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ૩૬માંથી પૂર્વ પ્રમુખ ભુપત બોદર, પૂર્વ કારોબારી ચેરમેન સહદેવસિંહ જાડેજા સહિતના સભ્યો રજા રિપોર્ટ મૂકીને ગેરહાજર રહ્યા હતા. ■

# ગુજરાતમાં એચએમપી વાયરસના કુલ સાત કેસ નોંધાયા: ૬ દર્દીઓ સાજા થતાં હૉસ્પિટલમાંથી રજા અપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં એચએમપી વાઇરસના કુલ છ કેસ હતાં. જેમાં સોમવારે વધુ એક કેસ નોંધાતા સાત એક્ટિવ કેસ થયા હતાં. આ એક્ટિવ કેસમાં છ દર્દીઓ સાજા થતાં તેમને હૉસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી હતી. સોમવારે મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. તેમને વધુ સારવાર માટે ખાનગી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.

ગુજરાતમાં પહેલો કેસ ૬ જાન્યુઆરીએ નોંધાયો હતો. જેમાં રાજસ્થાનના બે મહિનાના બાળકનો રિપોર્ટ પોઝિટિવ આવતાં તેને અમદાવાદ ખાતે સારવાર માટે લાવવામાં આવ્યો હતો. આ બાળક સાજો થતાં તેને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. ત્યારબાદ અમદાવાદમાં ચાર કેસ અને સાબરકાંઠામાં એક કેસ નોંધાયો હોવાનું આરોગ્ય વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું. સોમવારે સાંજ સુધીમાં આ છ દર્દીઓ સાજા થતાં તેમને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. તે ઉપરાંત આઠ વર્ષના બાળકને સાબરકાંઠાના હિંમતનગરમાં વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યો હતો તેને પણ રજા આપવામાં આવી હતી.

સોમવારે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે, શહેરમાં એચએમપી વાઇરસના પાંચ દર્દીઓ સારવાર લઈ સાજા થયા હોવાથી તેમને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. અમદાવાદ મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી ભાવિન સોલંકીએ કહ્યું હતું કે, હવે એક પણ એક્ટિવ કેસ નથી. તેમની આ જાહેરાત બાદ વધુ એક કેસ નોંધાયો હતો. મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના એક દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવતાં તેને ખાનગી હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. ■